પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૧-૦૩-૨૦૨૬-બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૭૫ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

## હવે અમેરિકાને ઉર્જા ક્ષેત્ર વૈશ્વિક પ્રભુત્વવાળો દેશ બનાવવા ટ્રમ્પના પ્રયાસો

# રિલાયન્સ અમેરિકામાં રિફાઈનરી સ્થાપશે : ટ્રમ્પની જાહેરાત

### ભારતની ઓઈલ જાયન્ટ સાથે અમેરિકા સરકારનો ૩૦૦ બિલિયન ડોલરનો પ્રોજેક્ટ

નવી દિલ્હી, તા. ૧૧

દેશની સૌથી મોટા કોર્પોરેટ ગૃહ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ હવે અમેરિકાની સરકાર સામે એક વિશાળ ઓઈલ રિફાઈનરી સ્થાપશે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ જાહેરાત કરતા જણાવ્યું કે ૫૦ વર્ષ બાદ દેશમાં એક નવી ઓઈલ રિફાઈનરી ૩૦૦ બિલિયન ડોલરના ખર્ચે સ્થપાશે અને તેમાં ભારતની રિલાયન્સ ઈન્ડસ્ટ્રી એક મોટા રોકાણકાર અને ભાગીદાર હશે. એટલું જ નહી આ રિફાઈનરીમાં તૈયાર થનાર ઈંધણ ખરીદવા અને વેચવા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝએ અમેરિકાની સરકાર સાથે ૨૦ વર્ષના કરાર કર્યા છે. શ્રી ટ્રમ્પે અમેરિકા ઉર્જા પ્રભુત્વ વાળો દેશ બની જશે તેવી જાહેરાત તેમના સોશ્યલ



મિડીયા હેન્ડલ પર કરી છે. જો કે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝએ હજું સુધી કોઈ સતાવાર જાહેરાત કરી નથી. ટ્રમ્પે જાહેર કર્યુ છે કે, અમેરિકાની આ પ્રથમ રિફાઈનરી ટેકસાસના બ્રાઉન્સવિલેમાં સ્થપાશે. ટ્રમ્પે આ રિફાઈનરીમાં ભાગીદાર થવા માટે ભારતનો આભાર માન્યો હતો અને જાહેર કર્યુ કે ભારતની ખાનગી કંપની રિલાયન્સ તેમાં મોટુ રોકાણ કરશે. આ નવી રિફાઈનરી ભૂમિપૂજન પણ આ વર્ષના બીજા છ માસના ગાળામાં કરવામાં આવશે. ટ્રમ્પે જણાવ્યું કે, નવી રિફાઈનરી અમેરિકી અર્થતંત્રમાં અબજો ડોલર ઉમેરશે અને આ ક્ષેત્રમાં હજારો નોકરી પણ સર્જન કરશે. ટ્રમ્પે જણાવ્યું કે અમેરિકા ફસ્ટ એજન્ડામાં પરમીટ રાજ હટાવી કરવેરા ઘટાડી અને ટેરિફ ડીલથી દેશમાં બીલીયન ડોલર્સ આવી રહ્યા છે. નવી ઓઈલ રિફાઈનરી દેશની ઉર્જા સલામતી નિશ્ચિત કરશે અને નવી રિફાઈનરી પર્યાવરણની દ્રષ્ટીએ વિશ્વની સૌથી 'સ્વચ્છ' રીફાઈનરી હશે.

આ રીફાઈનરી રોજના ૧.૬૦ લાખ બેરલ ક્રુડ ઓઈલ પ્રોસેસ કરવાની ક્ષમતા ધરાવતી હશે અને તે ખાસ કરીને અમેરિકાની ધરતી પરથી નિકળતા 'શેલ-ક્રુડ' ને રીફાઈન કરવાની ક્ષમતા હશે. હાલ જે રીતે ઈરાન સામે અમેરિકાએ યુદ્ધ છેડયુ છે અને ક્રુડ તેમ પરિવહન મુદે હોર્મુઝના જળમાર્ગનો મુદો કેન્દ્રમાં છે તે સંદર્ભમાં ટ્રમ્પની આ જાહેરાત સૂચક છે. ૨૦૨૪માં ડલ્લાસ સ્થિત ઈલેમેન્ટ ફયુલ હોલ્ડીગ અને અમેરિકાએ ૫૦ વર્ષ બાદ પ્રથમ ઓઈલ રિફાઈનરી સ્થાપવા જાહેરાત કરી હતી પણ તે સ્ટાર્ટઅપ કંપની હતી.

અનુસંધાન પાના ૭ પર



# યુદ્ધમાં ૧૩૦૦થી વધુ નાગરિકો માર્યા ગયા હોવાનો ઈરાનનો દાવો

### યુદ્ધમાં અમેરિકાના ૧૪૦ સૈનિકો ઘાયલ, ૭નાં મોત, ઈરાનમાં અત્યાર સુધીમાં ૮૦૦૦ ઘરો જમીનદોસ્ત

નવી દિલ્હી, તા. ૧૧

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધનો આજે ૧૨મો દિવસ છે. આ યુદ્ધમાં અત્યાર સુધીમાં ૧૪૦ અમેરિકી સૈનિકો ઘાયલ થયા છે, જ્યારે ૭ સૈનિકોના મોતની પુષ્ટિ થઈ છે.

બીજી તરફ ઈરાનનું કહેવું છે કે તેના દેશમાં થયેલા હુમલાઓમાં લગભગ ૮૦૦૦ ઘરને નુકસાન થયું છે અને ૧૩૦૦થી વધુ લોકોનાં મોત થયા છે. સંયુક્ત રાષ્ટ્ર (UN)માં ઈરાનના રાજદૂત અમીર સઈદ ઈરાવાની અનુસાર, દેશમાં લગભગ ૯૬૦૦ નાગરિક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા. જેમાં ઘરો ઉપરાંત બજાર, હોસ્પિટલ, મેડિસિન સેન્ટર્સ અને શાળાઓ પણ સામેલ છે. આ દરમિયાન ઈરાને એવો પણ દાવો કર્યો છે કે તેણે ઈઝરાયલના ઘણા શહેરો પર મિસાઈલ હુમલા કર્યા છે. ઈરાન અનુસાર, હાઈફા, યરુશલમ અને તેલ અવીવને નિશાન બનાવવામાં આવ્યા. અમેરિકા-ઈરાન યુદ્ધ વચ્ચે ખાડી દેશોએ ન્યુક્લિયર આપત્તિથી બચવાની તૈયારી શરૂ કરી દીધી છે. આ જ કારણોસર બહેરીનની એક એજન્સીએ ચંદીગઢની એક દવા કંપનીનો સંપર્ક કર્યો છે. એજન્સીએ કંપનીને પૂછ્યું છે કે શું તે ન્યુક્લિયર ઈમરજન્સીમાં કામ આવતી 'પ્રુશિયન બ્લુ' કેપ્સ્યુલ મોટા પ્રમાણમાં બનાવી શકે છે. માહિતી અનુસાર, તેમને લગભગ ૧ કરોડ કેપ્સ્યુલ બનાવવાની ક્ષમતા વિશે પૂછવામાં આવ્યું છે.

અનુસંધાન પાના ૭ પર

# હોર્મુઝ ખાડી મુદ્દે ભારત અને ઈરાનના વિદેશમંત્રીઓની ચર્ચા

### ઉર્જા સુરક્ષાને ટોચની પ્રાથમિકતા આપવા ભારતના પ્રયાસો

નવી દિલ્હી, તા. ૧૧

હાલમાં મધ્ય પૂર્વમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે યુધ્ધના માહોલમાં ભારતના વિદેશમંત્રી એસ. જયશંકર અને ઈરાનના વિદેશમંત્રી અરાઘચી વચ્ચે ટેલીફોનીક વાત થઈ હતી. જેમાં યુધ્ધ, હોર્મુજ જલડમરૂ મધ્યની સુરક્ષા અને ભારતીય નાગરિકોની સુરક્ષા અને ઉર્જા સુરક્ષા મુદ્દે વાત થઈ હતી. ઈરાને સમુદ્રી વ્યાપારની અસ્થિરતા માટે અમેરિકા અને ઈઝરાયેલને જવાબદાર ઠેરવ્યું હતું.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધતા જતા તણાવ અને મિડલ ઈસ્ટમાં યુદ્ધની ગંભીર સ્થિતિ વચ્ચે ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે ફરી એકવાર ઈરાનના વિદેશ મંત્રી સાથે વાતચીત કરી છે. ભારતે સ્પષ્ટ કર્યું છે કે આ સંકટમાં ભારતીય નાગરિકોની સુરક્ષા અને ઊર્જા સુરક્ષા તેની ટોચની પ્રાથમિકતા છે.

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે સોશિયલ મીડિયા દ્વારા જાણકારી આપી છે કે તેમણે ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી સાથે ચાલી રહેલા સંઘર્ષના લેટેસ્ટ ડેવલપમેન્ટ વિશે વિગતવાર ચર્ચા કરી છે. બંને નેતાઓ સતત સંપર્કમાં રહેવા માટે સંમત થયા છે. નોંધનીય છે કે યુદ્ધ શરૂ થયા બાદ બંને મંત્રીઓ વચ્ચે આ ત્રીજી વાતચીત છે. આ પહેલા ૨૮ ફેબ્રુઆરી અને ૫ માર્ચે પણ બંને વચ્ચે ચર્ચા થઈ હતી.

સોમવારે રાજ્યસભામાં પશ્ચિમ એશિયાની સ્થિતિ પર નિવેદન આપતા એસ. જયશંકરે સ્વીકાર્યું હતું કે ઈરાનમાં નેતૃત્વના સ્તરે સંપર્ક કરવો અત્યારે મુશ્કેલ

અનુસંધાન પાના ૭ પર

# ઈરાને ભૂગર્ભમાં સુરંગોમાં અણુ ભંડાર છુપાવ્યા : ગ્રોસી

### હાલમાં ઈરાન પાસે લગભગ ૪૪૦.૯ કિલો યુરેનિયમનો જથ્થો છે

તહેરાન (ઈરાન) તા.૧૧

અમેરિકા અને ઈઝરાયેલે સાથે મળીને ઈરાન પર હુમલો કર્યો તો તેના માટે સૌથી મોટું કારણ એ બતાવવામાં આવેલું કે ઈરાન પાસે પરમાણુ હથિયાર બનાવવા માટેની સામગ્રી છે. હવે સંયુક્ત રાષ્ટ્રની પરમાણુ દેખરેખ સંસ્થા ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (આઈએઈએ)ના પ્રમુખ રાફેલ ગ્રોસીએ એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે કે ઈરાનનો લગભગ અડધો અડધ યુરેનિયમ ઈસ્ફહાન વિસ્તારમાં જમીન નીચે બનેલી સુરંગમાં રાખ્યો હતો અને બની શકે કે તે હજુ પણ ત્યાં હોય. અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે છેડાયેલા યુદ્ધ દરમિયાન ગ્રોસીએ જણાવ્યું હતું કે, યુરેનિયમ ૬૦ ટકા શુદ્ધતા સુધી એનરિચ કરાઈ ચૂકયું છે અને તેનાથી પરમાણુ હથિયાર બનાવવું વધુ મુશ્કેલ નથી. આઈએઈએનું અનુમાન છે કે, ગત વર્ષે યુદ્ધ શરૂ થવા દરમિયાન ઈરાન પાસે ૪૪૦.૯ કિલોગ્રામ આવું યુરેનિયમ હતું,

અનુસંધાન પાના ૭ પર

# ચીન સેટેલાઈટથી અમેરિકી લોકેશન ટ્રેક કરી રહ્યું હતું

### ઈરાન પર પહેલી મિસાઈલ જીંકાય તે પહેલા જ ચીની કંપનીએ હુમલાની જાણકારી આપી હતી

નવી દિલ્હી, તા. ૧૧

૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર પહેલી મિસાઈલ છોડવામાં આવે તે પહેલા જ ચીની સોશિયલ મીડિયા પર સંકેતો મળવા લાગ્યા હતા કે અમેરિકા મોટો હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે. ઈન્ટરનેટ પર અમેરિકી સૈન્ય તૈયારીઓ સંબંધિત સેટેલાઈટ તસવીરો ઝડપથી ફેલાવા લાગી હતી.

આ તસવીરોમાં રનવે પર ઉભેલા લડાકુ વિમાનો, રણના એરફિલ્ડ પર ઉતરતા ટ્રાન્સપોર્ટ પ્લેન અને ભૂમધ્યસાગરમાં કોઈ વિમાનવાહક જહાજના ડેક પર તૈનાત ફાઈટર જેટ દેખાઈ રહ્યા હતા. આ તસવીરોની ખાસ વાત એ હતી કે તેમાં અસામાન્ય રીતે ઘણી બધી માહિતી આપવામાં આવી હતી, અને આ માહિતી અંગ્રેજીમાં નહી પણ મેન્ડરિન (ચીની ભાષા)માં લખેલી હતી.

તસવીરોમાં અલગ-અલગ વિમાનોના નામ જણાવવામાં આવ્યા હતા, મિસાઈલ સંરક્ષણ સિસ્ટમને સ્પષ્ટપણે ચિહ્નિત

અનુસંધાન પાના ૭ પર

# લોકસભામાં ત્રીજા દિવસે પણ વિપક્ષી દળો દ્વારા હોબાળો

## અધ્યક્ષ ઓમ બિરલા વિરુદ્ધના પ્રસ્તાવ પર ગૃહમાં ચર્ચા

નવી દિલ્હી, તા. ૧૧

આજે સંસદના બજેટ સત્રના બીજા તબક્કાનો ત્રીજો દિવસ છે. લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ, વિપક્ષે પ્રશ્નકાળ દરમિયાન હોબાળો મચાવ્યો, "નરેન્દ્ર સરેન્ડર!" ના નારા લગાવ્યા. વિપક્ષ અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધની ભારત પર અસર અને ગેસ અને પેટ્રોલની અછત પર ચર્ચાની માગ કરી રહ્યું છે.

સ્પીકર ઓમ બિરલાને હટાવવા માટે વિપક્ષના અવિશ્વાસ પ્રસ્તાવ પર આજે ચર્ચા થવાની છે. ચર્ચા માટે ૧૦ કલાકનો સમય અલગ રાખવામાં આવ્યો છે, જેમાં મંગળવારે લગભગ ૭ કલાક ચર્ચા થઈ હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગૃહને સંબોધન કરશે. મંગળવારે, સત્રના બીજા દિવસે, વિપક્ષી સાંસદોએ ઓમ બિરલા પર ગૃહની



કાર્યવાહીમાં પક્ષપાતનો આરોપ લગાવતા અવિશ્વાસ પ્રસ્તાવ લાવ્યો. પ્રસ્તાવના સમર્થનમાં ૫૦થી વધુ સાંસદોએ મતદાન કર્યા પછી, પ્રમુખ અધિકારીએ ગૃહમાં તેની રજૂઆત અને ચર્ચાને મંજૂરી આપી. ચર્ચા શરૂ કરતા કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ જણાવ્યું હતું કે બજેટ સત્ર દરમિયાન વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ૨૦ વખત વિક્ષેપિત કરવામાં આવ્યા હતા અને તેમને વારંવાર શાસક પુસ્તક બતાવવામાં આવ્યું હતું. વિપક્ષે દાવો કર્યો હતો કે સ્પીકર સરકારના દબાણ હેઠળ કામ કરી રહ્યા હતા.

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે ઓમ બિરલા સામેના આરોપો ખોટા છે. તેમણે ગૃહની કાર્યવાહી નિષ્પક્ષ રીતે ચલાવી હતી. ૧૫મી લોકસભામાં વિપક્ષના નેતાએ ફક્ત બે વાર જ વાત કરી હતી. જ્યારે સત્ર ચાલી રહ્યું હતું, ત્યારે તેઓ વિદેશ ગયા હતા. તેમણે પોતાનું ભાષણ આપ્યું અને પછી ગૃહ છોડીને ભાગી ગયા. તેઓ બીજા કોઈનું સાંભળતા નહોતા. પછી તેમણે દાવો કર્યો હતો કે તેમને બોલવાની મંજૂરી નથી.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે દેશમાં ૧૦૩ કરોડ લોકો ઈન્ટરનેટ કનેક્ટિવિટીની સુવિધા ધરાવે છે. આજે દેશમાં ૨૫ રૂપિયામાં ૧ જીબી ડેટા ઉપલબ્ધ છે.

અનુસંધાન પાના ૭ પર

# એર ઈન્ડિયા દ્વારા વિમાનના ભાડામાં રૂ. ૩૯૯નો વધારો

### એર ઈન્ડિયાએ મુસાફરોના માથે ફ્યુઅલ સરચાર્જ ઝીંકયો

નવી દિલ્હી, તા. ૧૧

મધ્ય પૂર્વમાં અમેરિકા-ઈઝરાયેલ તથા ઈરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુધ્ધની વિવિધ ક્ષેત્રે પર ગંભીર અસર થઈ જ રહી છે જ્યારે હવે એરલાઈન્સ કંપની એર ઈન્ડિયામાં વિમાન પ્રવાસ મોંઘો થયો છે. એર ઈન્ડિયાએ ઘરેલું તથા અમુક ઈન્ટરનેશનલ રૂટ પર ફ્યુઅલ સરચાર્જ નાખવાની જાહેરાત કરી છે. મધ્ય પૂર્વના યુધ્ધને કારણે ઈંધણ મોંઘું થયું છે અને સપ્લાયમાં મુશ્કેલીની ભીતિ છે. એરલાઈન્સે કહ્યું કે વિમાનના ઓપરેશન ખર્ચમાં ૪૦ ટકા હિસ્સો માત્ર ઈંધણનો હોય છે અને તેમાં ભાવવધારો છે. એર ઈન્ડિયાની જાહેરાત પ્રમાણે આવતીકાલથી ૧૨ માર્ચ-થનારા તમામ ડોમેસ્ટીક અને દક્ષિણ એશિયન દેશો માટેના બુકીગમાં રૂા.૩૯૯ના ફ્યુઅલ સરચાર્જ લાગૂ થશે. પશ્ચિમ એશિયાના દેશોની ફ્લાઈટમાં ૧૦ ડોલરનો સરચાર્જ રહેશે. દક્ષિણ પૂર્વિય એશિયન રાષ્ટ્રોના રૂટ પરનો સરચાર્જ ૪૦ ડોલરથી વધારીને ૬૦ ડોલર તથા આફ્રિકન દેશોના રૂટ પર ૬૦ ડોલરવાળો ૯૦ ડોલર કરાયો છે. આ ઉપરાંત ૧૮ માર્ચથી યુરોપિયન રૂટ પરને સરચાર્જ ૧૦૦ ડોલરથી વધારીને ૧૨૫ ડોલર તથા ઓસ્ટ્રેલિયા-ઉતરીય અમેરિકાના રૂટ પર ૧૫૦ ડોલરવાળો ૨૦૦ ડોલર થશે.

# વર્ષ ૨૦૧૯ મિસ ઈન્ડિયા અર્થ સયાલી લવ જેહાદની જાળમાં ફસાઈ

### બળજબરીથી પતિએ ઈસ્લામ કબૂલ કરાવ્યો હોવાનો સયાલી સુર્વેનો આરોપ

નવી દિલ્હી, તા. ૧૧

'મિસ ઈન્ડિયા અર્થ ૨૦૧૯' રહી ચૂકેલી લોકપ્રિય મોડલ સયાલી સુર્વેએ પતિ પર જબરદસ્તી ધર્મ પરિવર્તન કરાવવા અને શારીરિક-માનસિક શોષણ કરવાના અનેક ગંભીર આરોપો લગાવ્યા છે. મોડલે પ્રેસ કોન્ફરન્સ દ્વારા આ તમામ આરોપોનો ખુલાસો કર્યો છે. તે છેલ્લા ૧૦ વર્ષથી આ સ્થિતિમાં હતી, જોકે હવે તેણે હિન્દુ સંગઠનોની મદદથી પતિથી છુટકારો મેળવીને ફરીથી હિન્દુ ધર્મ અપનાવી લીધો છે. આ માટે તેણે હવન અને શુદ્ધિકરણ કરાવ્યું છે.

પ્રેસ કોન્ફરન્સમાં સયાલીએ જણાવ્યું કે તેણે લાંબા સમય સુધી આતિફ તાસે સાથે રિલેશનશિપમાં રહ્યા પછી વર્ષ ૨૦૧૯માં તેની સાથે લગ્ન કર્યા હતા. સયાલીનો પરિવાર આ સંબંધની વિરુદ્ધ હતો, તેમ છતાં તે પરિવારની વિરુદ્ધ ગઈ અને ઈસ્લામ કબૂલ કરીને લગ્ન કર્યા. ધર્મ બદલીને તેનું નામ અતીજા કરી દેવામાં આવ્યું હતું. વીડિયોમાં તેણે કહ્યું કે તેનો પતિ આતિફ જબરદસ્તી અને દબાણ કરીને તેની પાસે કડક ઈસ્લામિક વસ્તુઓ કરાવતો હતો. તે તેનું શોષણ પણ કરતો હતો. હિંદુ સંગઠનોની મદદથી સયાલી હવે ફરીથી હિંદુ બની ગઈ છે. આ પછી તેણે એક પ્રેસ કોન્ફરન્સ પણ કરી, જેમાં તેણે જણાવ્યું કે તેના લવ મેરેજ થયા હતા. લગ્ન માટે તેને ધર્મ બદલવો પડ્યો, ત્યારબાદ તેના નિકાહ થયા. મોડલનું કહેવું છે કે બાળક થયા પછી તેણે સંબંધમાં રહેવાનો ઘણો પ્રયાસ કર્યો, પરંતુ તેની સાથે આખો દિવસ ગાળાગાળી કરતો હતો અને કારણ વગર મારપીટ પણ થતી હતી.

પ્રેસ કોન્ફરન્સમાં મોડલને પૂછવામાં આવ્યું કે શું આ લવ જેહાદનો મામલો છે, તો જવાબમાં તેણે

અનુસંધાન પાના ૭ પર

# સરકાર દ્વારા મૈસુર સિલ્ક સાડીનું ઓનલાઈન વેચાણ બંધ કરાયુ

### સપ્લાઈ સામે માંગ વધી જતા કર્ણાટક સરકારનો નિર્ણય

નવી દિલ્હી, તા. ૧૧

કર્ણાટક સરકારે મૈસુર સિલ્ક સાડીના ઓનલાઈન વેચાણને બંધ કરી દીધું છે. કારણ કે ઓનલાઈન ઓર્ડર એટલાં વધારે આવવા લાગ્યા છે કે સપ્લાય તેની સામે ઓછી પડી રહી છે. મૈસુર સિલ્ક સાડી જીઆઈ ટેગ ધરાવતી ખાસ સાડી છે, જેમાં શુદ્ધ મલબેરી સિલ્ક, સોનાની જરી અને ચાંદીના તારનો ઉપયોગ થાય છે. રાજ્યની માલિકીની કર્ણાટક સિલ્ક ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન (કેએસઆઈસી) પાસે હાલ મર્યાદિત સ્ટોક હોવાથી હવે પહેલાં તેઓ પોતાની દુકાનોમાં આવનારાં ગ્રાહકોને સાડી આપશે. કર્ણાટકના રેશમ ઉદ્યોગ મંત્રી કે. વેંકટેશએ વિધાનસભામાં આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે સાડીની ઉત્તમ ગુણવત્તાના કારણે તેની માંગ ખૂબ વધી ગઈ છે. ઉત્પાદન સ્થિર થશે પછી ફરીથી ઓનલાઈન વેચાણ શરૂ કરવામાં આવશે. કેએસઆઈસીએ રાજ્ય બહારનાં ગ્રાહકોને સરળતાથી સાડી મળી રહે તે માટે ઓનલાઈન વેચાણ શરૂ કર્યું હતું. આ સંસ્થા ૧૯૧૨થી મૈસુર સિલ્ક સાડીનું ઉત્પાદન કરી રહી છે. હાલમાં દરરોજ લગભગ ૩૦૦ થી ૪૦૦ સાડીઓ બનાવવામાં આવે છે. છેલ્લાં ત્રણ

અનુસંધાન પાના ૭ પર

# સુપ્રિમ કોર્ટની હરીશ રાણાને ઈચ્છા મૃત્યુ અંગે ઐતિહાસિક મંજૂરી

### ૧૩ વર્ષથી કોમામાં રહેલા રાણાને ઈચ્છા મૃત્યુ આપવા સુપ્રિમ કોર્ટના સીમા ચિન્હરૂપ ચૂકાદો

નવી દિલ્હી, તા. ૧૧

અદાલતે ચુકાદો આપ્યો હતો કે તબીબી રીતે સહાયિત પોષણ તબીબી સારવાર તરીકે લાયક છે અને જો તબીબી બોર્ડ તેની ભલામણ કરે તો તેને પાછું ખેંચી શકાય છે, પુનરાવર્તિત કરીને કી પરીક્ષણ એ છે કે સારવાર ચાલુ રાખવાથી દર્દીના શ્રેષ્ઠ હિતમાં કામ થાય છે .

૩૨ વર્ષીય હરીશ રાણા, જેઓ ૧૩ વર્ષ પહેલા કોમામાં હતા અને તેમને મગજમાં ગંભીર ઈજાઓ થઈ હતી, તેમને સુપ્રીમ કોર્ટે મૃત્યુની મંજૂરી આપી છે. દેશમાં કોર્ટ દ્વારા નિષ્ક્રિય ઈચ્છામૃત્યુનો આ પ્રથમ કેસ છે. નિષ્ક્રિય ઈચ્છામૃત્યુની કાયદેસરતાને માન્યતા આપનારા સુપ્રીમ કોર્ટના ૨૦૧૮ના ચુકાદાના અનેક પાસાઓને સ્પષ્ટ કરતો ચુકાદો જસ્ટિસ જેબી પારડીવાલા અને કે.વી. વિશ્વનાથનની બેંચ દ્વારા સંભળાવવામાં આવ્યો હતો. આજનો ચુકાદો સીમાચિહ્નરૂપ ચુકાદો હશે કારણ કે તે નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ પર ૨૦૧૮ની સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકાને આગળ ધપાવે છે. આજના હરીશ રાણાના ચુકાદામાં દર્દીના જીવનને ફીડિંગ ટ્યુબ દ્વારા ટેકો આપવામાં આવતો હોય તેવા કિસ્સામાં નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ કેવી રીતે લાગુ કરવી જોઈએ તે સંબંધિત પાસાઓને સ્પષ્ટ કરે છે — જે અગાઉના ચુકાદામાં સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવી ન હતી.

હરીશ રાણાનો કેસ એ અર્થમાં અનોખો છે કે જ્યારે તબીબી અભિપ્રાય સંમત થાય છે કે તેમની સ્થિતિ બદલી ન શકાય તેવી હતી, ત્યારે હકીકત એ છે કે તેમના જીવનને તબીબી ટ્યુબ દ્વારા પૂરા પાડવામાં આવતા ખોરાક દ્વારા ટેકો મળી રહ્યો હતો તે ૨૦૧૮ માર્ગદર્શિકા હેઠળ આવરી લેવામાં આવતું પાસું નથી. અને તેથી, ૨૦૧૮ માર્ગદર્શિકા

અનુસંધાન પાના ૭ પર




# મુગલસરાઈ વિસ્તાર તાપીપુરા તેમજ મુગલસરાઈનું તાપી ભવન નામાધિકરણ

## સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભામાં બે મહત્વના ઐતિહાસિક નિર્ણયો લેવાયા

સુરત, તા.૧૧

સુરતની તાપી નદી એ મધ્ય ભારતની એક મહત્વની નદી છે અને તેના દક્ષિણ તટ પર સુરત(સૂર્યપુર) શહેર વસેલું છે. પૌરાણિક માન્યતાના આધારે તાપી નદીને સૂર્યપુત્રી અને શનિદેવની બહેન તરીકે ઓળખાય છે જયારે સમગ્ર શહેરીજનો માટે તાપી નદી એ 'શ્રી તાપી માતા(નદી)'' સમાન છે. સુરત શહેરની જાહોજલાલી મુગલોના સમય પહેલાથી આ તાપી નદીને જ આભારી છે. શહેરના લોકો માટે પીવાના પાણી થી શરૂઆત કરી શહેરના ઉદ્યોગો ક્ષેત્રનો વિકાસ તાપી નદીને આભારી છે. આ તાપી નદીના તટે અને હાલમાં સુરત શહેરના સેન્ટ્રલ ઝોન ખાતે આવેલ અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય વહીવટી કચેરીના બિલ્ડીગની આસપાસનો વિસ્તાર ''મુગલીસરા'' નામેથી પરંપરાગત રીતે પ્રચલિત છે. મુગલ સત્તાના પતન પછી સુરત શહેરની સત્તા ડચ ફ્રેન્ચો, પોર્ટુગીઝો અને બ્રિટીશરોના બાદ, દેશ આઝાદ થયેથી સત્તા પરિવર્તન હેઠળ, ભારત સરકારના તાબા હેઠળ આવેલ છે. સને ૧૮૫૨ માં સુધરાઈની પ્રથમ સભા મળેલ અને સને ૧૯૦૧ નો ''સુધરાઈનો નવો કાયદો અમલમાં આવેલ ત્યારબાદ સને ૧૯૪૬ માં સુધરાઈની પુનઃસ્થાપના કરવામાં આવેલ અંતે સને ૧૯૬૬ માં સુધરાઈનું મહાનગરપાલિકામાં રૂપાંતર થયેલ છે. અંગ્રેજોએ ભારત છોડયા પછી સ્વતંત્ર ભારતમાં જે તે શહેરો, મિલ્કતો, રસ્તા વિગેરેના નામ બદલવાની શરૂઆત થયેલ થઈ હતી. જે આજે પણ ચાલુ છે.

ઉપરોકત હકીકતો હેઠળ, સૂર્યપુત્રી 'શ્રી તાપી માતા(નદી) ની અખંડ સ્મૃતિ સમગ્ર દેશમાં સદૈવ બની રહે સાથોસાથ સુરત શહેરના મુળ સુરતીઓનું વૈભવશાળી ગૌરવ જળવાઈ રહે તે અર્થે સુરત શહેરના રસ્તાઓ, મહોલ્લા, ગલીઓ, ચોક, બાગબગીચા, ટ્રાફીક આઈલેન્ડ, જાહેર સ્થળો વિગેરેના નામાભિધાન કરવાની સુરત મહાનગરપાલિકાની સત્તા હેઠળ, સુરત મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન ખાતે આવેલ મુખ્ય વહીવટી કચેરીના બિલ્ડીગની આસપાસનો વિસ્તાર, જે ''મુગલીસરા' નામે પ્રચલિત છે તે સમગ્ર વિસ્તારને,

અનુસંધાન પાના ૭ પર

# વરીયાવી બજાર નજીકના રસ્તાનું શ્રી ૧૦૮ કેશવાનંદ સ્વામી નામાધિકરણ

## ભાજપ પ્રમુખ પરેશ પટેલ, મેયર માવાણી, સ્થાયી ચેરમેન રાજન પટેલનો આભાર વ્યક્ત કરતા કોર્પોરેટર શ્રીમતી હેમલતાબેન રાવતકા

સુરત, તા.૧૧

કોર્પોરેટર શ્રીમતી હેમલતા ભૂપેન્દ્ર રાવતકા એ આભાર વ્યકત કરતા જણાવાયું હતું કે, ગતરોજ આ સામાન્ય સભા માં આજે એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો તે ખરેખર ભારતીય જનતા પાર્ટી ની સામાજીક સમરસતા અને દરેક સમાજ ને માન સન્માન આપવા માટે એક ઐતિહાસિક પગલું છે આજે કોટ વિસ્તારમાં અને અમારા ઈલેક્શન વોર્ડ નંબર ૧૨ નાણાવટ સૈયદપુરા કુબેરનગર મહીધરપુરા વિસ્તારમાં આવેલ મેઘવાળ હાઉસિંગ સોસાયટી, વરિયાવી બજાર ખાતે "૧૦૦ વર્ષથી વધુ જુના શ્રીકૃષ્ણ મંદિરના સ્થાપક મહંત શ્રી ૧૦૮ કેશવાનંદ સ્વામી" ના નામે આંતરિક રસ્તા ના ચાર રસ્તાને "શ્રી કૃષ્ણ મંદિર વરિયાવી બજાર મહંત શ્રી ૧૦૮ કેશવાનંદ સ્વામી ચોક" નામ કરણ કરવામાં આવ્યું છે તે બદલ હું ખાસ કરીને



અમારા મેઘવાળ સમાજ ના જન પ્રતિનિધિ તરીકે આવકારું છું. અમે આ વોર્ડ ના ચારે ચાર જન પ્રતિનિધિ ઓની લાગણી ને માન આપી આજની આ સામાન્ય સભા એ અનુમોદન આપ્યું તે માટે ભારતીય જનતા પાર્ટી સુરત મહાનગર ના પ્રમુખ શ્રી પરેશભાઈ પટેલ જી અને ભાજપાના તમામ જન પ્રતિનિધિ અને ખાસ કરીને મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી જી, સ્થાયી સમિતિ ના અધ્યક્ષ શ્રી રાજનભાઈ પટેલ જી નો અંતઃકરણ થી આભાર વ્યક્ત કરું છું.

# કરમલામાં કમળાના રોગથી પિડાતા જંબુસરના યુવકનું મોત

## યુવક ઘણા સમયથી બિમારીના કારણે પથારીવશ હતો

સુરત, તા.૧૧

મુળ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના ભડકોદ્રા ગામનો વતની જીતેન્દ્ર પ્રભાતભાઈ સોલંકી (ઉ.વ.૩૨)હાલમાં ઓલપાડ તાલુકાના કરમલા ગામની સીમમાં આવેલ ગૃહમ એકઝોટીકાના ઘર નંબર-૧૭૨ માં રહેતો હતો.જીતેન્દ્ર સોલંકી છેલ્લા ઘણા સમયથી કમળાની બિમારીથી પીડાતો હતો.જેથી તેની સારવાર ચાલુ હતી.પરંતુ ગત રવિવાર, તા.૦૮ ના રોજ પોતાના ઘરે પથારી માં આરામ કરી રહ્યો હતો,ત્યારે રાત્રે-૯:૪૫ કલાક ના સુમારે અચાનક તેની તબિયત વધુ લથડી હતી.આ દરમ્યાન પરિવારે તેને જગાડવાની કોશિષ કરતા તેનું કોઈ પણ પ્રકારનું હલન- ચલન ન હોવાથી તેને સારવાર અર્થે ઓલપાડ ખાતેના સરકારી દવાખાને લઈ જવામાં આવ્યો હતો.જયાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ બાબતે મૃતકના મોટાભાઈ અનિલ સોલંકીએ ઓલપાડ પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ એ.એસ.આઈ. અજય મનુભાઈ કરી રહ્યા છે.

# અંકલેશ્વર ૧૯૯૭માં બનેલું બસ સ્ટેશન જમીનદોસ્ત

## ટૂંક સમયમાં હાઈટેક સુવિધા ધરાવતું ભવન આકાર લેશે

અંકલેશ્વર, તા.૧૧

અંકલેશ્વર શહેરની ઓળખ સમાન અને હજારો મુસાફરોની યાદો સાથે જોડાયેલું સીટી બસ સ્ટેશન હવે ભૂતકાળ બની ગયું છે. નવા અને અદ્યતન બસ સ્ટેશનના નિર્માણ અર્થે હાલના માળખાને તોડી પાડવાની કામગીરી તેજ ગતિએ શરૂ કરી દેવામાં આવી છે.

અંકલેશ્વરના પરિવહન ઈતિહાસમાં આ જગ્યાનું વિશેષ મહત્વ રહ્યું છે,જાણવા મળ્યા મુજબ વર્ષ ૧૯૭૩માં આ સ્થળ પર સૌ

અનુસંધાન પાના ૭ પર



# પિતાશ્રી વૃદ્ધાશ્રમમાં સુરવંદીતા કાર્યક્રમ

સુરત, તા.૧૧

સુરતની ખૂબ જાણીતી સુરવંદીતા મ્યુઝિકલ ગ્રુપ દ્વારા વૃદ્ધાશ્રમ કે શુભ અશુભ પ્રસંગે વિનામૂલ્યે ગીત સંગીત પાથરી લોકોના સુખ દુઃખમાં સહભાગી થતું આવેલો આ ગ્રુપ છે જહાંગીરપુરા ખાતે આવેલ પિતાશ્રી વૃદ્ધાશ્રમમાં સુરવંદીતા ના કલાકારો પંકજ માંજરાવાળા પરેશ ભાટિયા, વર્ષા ચોખાવાલા, અવની પંડ્યા, સતીશ સોનાવાલા, અરુણા શાહ વગેરે દ્વારા આશ્રમમાં રહેતા વૃદ્ધોને હસાવ્યા અને નંચાવ્યા પણ હતા.કેટલાક આશ્રમમાં રહેતા વડીલો એ તેમની લાગણી ગીત ગાઈ ને રજૂ કરી હતી.

આ મ્યુઝિકલ ગ્રુપ દ્વારા હાજર બધા માટે હેવી બ્રેકફાસ્ટ અને રોકડ રૂપિયાની સહાય વૃધ્ધાશ્રમ ને કરી હતી તો સાથે ઉપસ્થિત કલાકારોએ પણ પોતાના તરફથી દાન આશ્રમ ને દાન ભેટ અર્પણ કરી હતી અંતે પિતાશ્રી આશ્રમના સંચાલક કવિતા લાપસીવાળાએ સુરવંદીતાના સભ્યોનો ખૂબ આભાર માન્યો હતો.

# મોરથાણ ગામે યોજાયેલ આરોગ્ય નિદાન કેમ્પમાં દર્દીઓ ઉમટી પડ્યા

## સુરતની સી.ડી.પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથિક મેડિસિન એન્ડ હોસ્પિટલ દ્વારા કેમ્પનું આયોજન

સુરત, તા.૧૧

ઓલપાડ તાલુકાનાં મોરથાણ ગામે યોજાયેલ મફત આરોગ્ય નિદાન કેમ્પમાં વિવિધ રોગના દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો. મોરથાણ ગામે કપિલેશ્વર મહાદેવ મંદિર હોલ ખાતે સુરત શહેરની સી.ડી.પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથિક મેડિસિન એન્ડ હોસ્પિટલ દ્વારા આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં હોસ્પિટલના વિવિધ રોગના નિષ્ણાંત તબીબોએ મોરથાણ સહિત આજુબાજુના ગામના દર્દીઓને વિના મૂલ્યે હૃદય રોગ,બ્લડ પ્રેશર, ફેફસાંના દમ અને અસ્થમાં રોગો, ડાયાબિટીસ,સાંધાનાં દુઃખાવા, ત્વચાનાં રોગ અને સ્ત્રી માસિક સંબંધિત રોગોની તપાસ કરી હતી.આ કેમ્પમાં ઉપસ્થિત ડો.જીલ્સા અલ્પેશ ભાઈ સુરતીએ કહ્યું કે,અમોએ હોસ્પિટલ થકી તમામ રોગના આરોગ્યની વિના મૂલ્યે તપાસ કરી છે.જયારે દર્દીઓના તમામ પ્રકારનાં બ્લડ અને યુરિન રિપોર્ટ,એક્સ-રે અને સોનોગ્રાફીનું પરીક્ષણ ૫૦ ટકા રાહત દરથી કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગામના સરપંચ જયપ્રકાશ દેસાઈએ આ કેમ્પમાં હોસ્પિટલ ના તબીબો સહિત મેડિકલ સ્ટાફે વિના મૂલ્યે સેવા આપવા બદલ ગ્રામજનો વતી સૌને અભિનંદન આપી આભાર વ્યક્ત કર્યો હતો.

# દિહેણ હાઈસ્કૂલમાં ઉચ્ચ પ્રાથમિક વિભાગનું વાલી સંમેલન યોજાયું

## વિવિધ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો અપાયા

સુરત, તા.૧૧

ઓલપાડ તાલુકા આઝાદ દિન સ્મારક કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.આર.સી હાઈસ્કુલ દિહેણ શાળાનાં ધોરણ.૬થી ૮ ઉચ્ચ પ્રાથમિક વિભાગ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના વાલીમિત્રો માટે વિદ્યાર્થીઓની શિક્ષણ ગુણવત્તાં સુધારણા અંતર્ગત એક વાલીસમેલન આયોજન કરવામાં આવ્યું હતું.ખુબ જ મોટી સંખ્યા માં વાલીઓ હાજર રહયા હતાં.વાલીસંમેલન શરૂઆત માં બાલિકાઓએ સરસ્વતી વંદના કરી હતી. મુખ્યમાર્ગદર્શક શ્રી.અરૂણચંદ્ર.આર.પંડ્યા (પૂર્વ આચાર્ય કોસાડ)સાહેબ નાં શુભ વરદ્ હસ્તે દ્રિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.શાળાનાં માધ્યમિક વિભાગ નાં આચાર્ય પ્રતિક્ષાબેન પટેલ એ સંમેલન માં ઉપસ્થિત મહેમાનશ્રીઓને અને વાલીમિત્રો નું શાબ્દિક સ્વાગત કરી સૌને આવકાર્ય હતાં.સેલ કંપની તરફ થી થતી વિવિધ પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓમાં જુનિયર કેટેગરીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીની નવ્યા પ્રતિક પટેલ(૭-A), અને કષ્ટિ પરેશભાઈ પટેલ (૭-B)બન્ને વિદ્યાર્થીનીઓને મેડલ પ્રમાણપત્રો અને વિજેતા ટ્રોફી આપી અરૂણચંદ્ર પંડિયા સાહેબ નાં હસ્તે એનાયત કરવામાં આવી હતી.માર્ગદર્શક અરૂણચંદ્ર પંડ્યા સાહેબ એ વાલીમિત્રો સમજ આપતાં જણાવ્યું હતું કે બાળકોને પ્રેમ આપો,બાળક ની સામે ઝડધો કરવો નહિ. સામે વ્યસન ન કરો શાળામાં થતિ પ્રવૃત્તિઓથી માહિતગાર રહો.બાળકો ની પ્રવૃત્તિઓમાં સહભાગી થવા પ્રેમ-પ્રોત્સાહન આપવા જણાવ્યું હતું.પ્રા.વિભાગ નાં આચાર્ય મહેન્દ્રભાઈ પટેલ એ બાળકો શાળામાં નિયમિત હાજર રહે. ગૃહકાર્ય નિયમિત કરે,લેશન ડાયરી વખતો વખત ચેક કરી જરૂરી યોગ્ય જગ્યા એ સહી કરવાની અને ખાસ તો ધરે બાળકો માં મોબાઈલ માં વધુ સમય પસાર ન કરે એ જોવાની જવાબદારી વાલીમિત્રો ની છે. હાજર સેકન્ડરી વિભાગ નાં મદદનીશ શિક્ષક જયેશભાઇ પટેલ ને બુકે આપી અભિવાદન કરી જન્મદિન ની શુભેચ્છા પાઠવામાં આવી.સમગ્ર વાલીસંમેલન કાર્યક્રમ નું સંચાલન ભૂમિકાબેન પટેલ એ કર્યું હતું.આભારવિધિ જગદીશભાઈ પટેલ એ આટોપી હતી.

# મનપાના આરોગ્ય વિભાગ દ્વારા શેપિંગ સુરત વર્કશોપ યોજાયો

## આબોહવા પરિવર્તનથી થનારા ફેરફાર અને નુકશાન અંગે ગહન ચર્ચા



સુરત, તા.૧૧

સુરત મહાનગરપાલિકા અને UHCRCEદ્વારા આજરોજ તા. ૧૦/૦૩/૨૦૨૬ ICCC ખાતે માન. કમિશનરશ્રી ની ઉપસ્તિથીમાં શહેરની આબોહવા કીયપડકારોનો સામનો કરવા અને અર્બનલિવબિલિટી (શહેરી જીવનશૈલીની સુગમતા) સુધારવા માટેડેપ્યુટી કમિશનરશ્રી-ડી (હેલ્થ એન્ડ હોસ્પિટલ), ICLEIના પ્રતિનિધિ, RUVISIONથીકલેબના પ્રતિનિધિ સાથે એક વર્કશોપ 'શેપિંગ સુરત'નું આયોજન કરવામાં આવ્યું હતું. સદર વર્કશોપમાં સુરત મહાનગર પાલિકાના આરોગ્ય, ટાઉન પ્લાનિંગ, ગાર્ડન, ટ્રાન્સપોર્ટ, UCD, ફાયર, હાઈડ્રોલિક, એજ્યુકેશન,આઈ.એસ.ડી વિગેરે વિભાગના પ્રતિનિધિઓ હાજર રહેલ. સુરત મહાનગરપાલિકાનામાન. કમિશનરશ્રીએ શહેરમાં વધતા તાપમાન અને તેની અસરને ધ્યાનમાં રાખીને જણાવ્યું કે સુરત શહેરમાં ચાલી રહેલા Child Friendly Cityy™uHeat Resilient Cityજેવા

અનુસંધાન પાના ૭ પર

# ખેડૂતોને મળતી સરકારી સાધન સહાયમાં ગોલમાલ અને છેરપિંડી

## સુરતના ૨૫ ખેડૂતોને ડીલર્સ દ્વારા લેસર એન્ડ લેવલરના બદલે સસ્તી કિંમતના ટીએન્ડડી આપી દીધા હોવાની મુખ્યમંત્રી સમક્ષ ફરિયાદ

સુરત, તા.૧૧

સુરત જિલ્લાના ઓલપાડ અને ચોર્યાસી તાલુકા સહિત સમગ્ર સુરત જિલ્લામાં ખેતીવાડી વિભાગના અધિકારીઓ અને ડીલરો વચ્ચેના મેળા પીપળામાં ખેડૂતો સાથે છેતરપિંડી કરવા બાબતે તાત્કાલિક તપાસ કરી અને જવાબદાર અધિકારીઓ તથા ડીલર સામે નિયમોનુસાર કાર્યવાહી કરવા બાબત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા મુખ્યમંત્રી સમક્ષ કરાયેલી લેખિત રજૂઆતમાં જણાવાયું છે કે, રાજ્યના ખેડૂત વર્ગના હક્કોની રક્ષા માટે આ લેખિત ફરિયાદ રજૂ કરું છું. ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને આર્થિક મદદ પૂરી પાડવા માટે ખેતીના સાધનો પર આપવામાં આવતી સબસિડી એક આવકારદાયક પગલું છે, જે ખેડૂત વર્ગને મજબૂત બનાવે છે. જો કે,આ સબસિડીનો લાભ ખેડૂતોને પૂરેપૂરો અને યોગ્ય રીતે મળે તે જવાબદારી સરકારી વિભાગના અધિકારીઓની છે. દુઃખની વાત છે કે સુરત જિલ્લામાં આ જવાબદારીનું ગંભીર ઉલ્લંઘન થઈ રહ્યું છે, જેની વિગતો નીચે મુજબ છે.સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ૨૩ ખેડૂતો અને ચોર્યાસી તાલુકાના ૨ ખેડૂતોને ગુજરાત સરકારની યોજના હેઠળ " લેસર લેન્ડ લેવલર " સાધનની ખરીદી માટે સબસિડી આપવામાં આવી હતી. આ સબસિડી રૂ. ૧,૧૨,૦૦૦/- પ્રતિ એક "લેસર લેન્ડ લેવલર" સાધનની ખરીદી પર આપવામાં આવે છે.અમોને મળેલ માહિતી મુજબ સુરત જિલ્લાના ઓલપાડના ૨૩ અને ચોર્યાસીના તાલુકાના ૨

અનુસંધાન પાના ૭ પર

# પાતાળી હનુમાન મંદિરે પરબનું લોકાર્પણ



ઈલેકશન વોર્ડ નં ૧૨ નાણાવટ સૈયદપુરા કુબેરનગર મહીધરપુરા વિસ્તારમાં આવતા શ્રી પાતાલી હનુમાનજી મંદિર, તાપીપુરામાં વોર્ડ નંબર ૧૨ ના કોર્પોરેટર શ્રી રાકેશભાઈ માળી, શ્રી કિશોરભાઈ મચાણી, શ્રીમતી હેમલાતાબેન ભુપેન્દ્રભાઈ રાવતકા, શ્રીમતી આરતીબેન પટેલ, વોર્ડ ના પ્રમુખ શ્રી કૃણાલભાઈ વ્યાસ, મહામંત્રી વિજયભાઈ મોદી અને મંદિર ના પૂજારી બજરંગદાસ મહારાજ અને ટ્રસ્ટી રવિ પ્રજાપતિ દ્વારા દર્શનાર્થે આવતા ભક્તો અને શહેરીજનો માટે ઠંડા પાણીનું વોટર પ્યોરીફાયર અને કુલર સહિત પાણીની પરબનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

# સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા ૧૫૦માં વિચાર મહોત્સવનું આયોજન

## '100 Thoughts' ૧૦૦ વિચારોની ગ્રંથમાળાનું વિમોચન કરાશે

સુરત, તા.૧૧

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી તારીખ ૧૨-૦૩-૨૦૨૬ ને ગુરુવારે ૧૫૦માં "વિચાર મહોત્સવનું" આયોજન કરવામાં આવ્યું છે, ગુજરાત રાજયના આદરણીય રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં "વિચાર મહોત્સવ" હેપ્પીનેસ બેન્કવેટ હોલ, કેનાલ રોડ ખાતે રાખવામાં આવેલ છે. લોકોને ગુણવત્તા યુક્ત અને પ્રગતિશીલ જીવનની દિશા અને વિચાર આપવા માટે તારીખ ૧૬-૦૩-૨૦૨૩ થી દર ગુરુવારે શરૂ થયેલ વિચારોનું વાવેતર કાર્યક્રમ ૧૫૦ માં પડાવે પહોંચ્યો છે. તેમાં આદરણીય રાજયપાલની ખાસ ઉપસ્થિતિમાં તેને "વિચાર મહોત્સવ" તરીકે ઉજવવામાં આવશે.

સમયની સાથે જીવવા માટે સમયની સાથે બદલાવવું પડે છે. બદલાવાની પ્રક્રિયા નવા વિચારથી શરૂ થાય છે. આજે લોકો પાસે પ્રમાણમાં ઘણું બધું છે પરંતુ ખુશી નથી ખુશાલી ભરી જિંદગી માટે ગુણવત્તા યુક્ત જીવન જરૂરી છે તે માટે હેલ્થ વેલ્થ અને હેપીનેસને કેન્દ્રમાં રાખી ગુરુવારે વિચારવાનું વાવેતર કરવામાં આવે છે. રાજયસભાના સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકિયા અને ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી મુખ્ય મહેમાન પદે યોજાનાર કાર્યક્રમમાં પ્રાકૃતિક યુનિવર્સિટીના કુલપતિ સી. કે. ટીબડિયા, યુવાન ઉદ્યોગ અગ્રણી શ્રી રાકેશભાઈ દુધાત તથા શ્રી મનહરભાઈ સાસપરા ઉપસ્થિત રહેનાર છે સમાજ ઘડતરની પ્રવૃત્તિને હંમેશા પ્રોત્સાહન આપનાર શિવમ જવેલ્સના શ્રી ઘનશ્યામભાઈ એમ. શંકર પરિવાર તરફથી સમગ્ર કાર્યક્રમનું સૌજન્ય પ્રાપ્ત થયું છે. છેલ્લા ત્રણ વર્ષથી દર ગુરુવારે યોજાતા થર્સ-ડે થોટ કાર્યક્રમમાં વિચારોનું વાવેતર કરવામાં આવે છે. તે ૧૦૦ વિચારોની બુકનું વીમોચન રાજ્યપાલશ્રી ના હસ્તે કરવામાં આવનાર છે. યુરો ફ્રેશ ફૂડ લિમિટેડના સૌજન્યથી 100 Thoughts બુક તૈયાર કરવામાં આવી છે. સંસ્થાના પ્રમુખ શ્રી કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે વિચારોના વાવેતર કાર્યક્રમને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે તેમાં રાજ્યપાલશ્રીની હાજરીથી સમાજ અને રાષ્ટ્ર ઘડતરની આ પ્રવૃત્તિ વધુ ગૌરવંતી બની છે. માનનીય રાજ્યપાલશ્રી જમનાબા વિદ્યાર્થી ભવનની મુલાકાત લઈને ત્યાંથી વિચારોના વાવેતર કાર્યક્રમમાં ૧૫૦માં વિચારોનું રસપાન કરાવશે. સમાજના ઉત્સાહી કાર્યકર્તાઓ અને યુવાટીમે શરૂ કરેલી પ્રવૃત્તિ વર્તમાન સમયે સુખી સમાજ માટે સુંદર પરિણામ લાવી રહી છે.



# મહિલા દિવસ નિમિત્તે પ્રેસિડન્સી સ્કૂલ દ્વારા સન્માન સમારંભ યોજાયો

## લાયન્સ કલબ ઓફ સુરત 'પ્રેસિડન્સી'ના સંનિષ્ઠ મહિલાઓનું સન્માન

સુરત, તા.૧૧

ન્યુ રાંદેરરોડ સ્થિત પ્રેસિડન્સી સ્કૂલમાં આંતરરાષ્ટ્રીય મહિલાદિવસ નિમિત્તે વિવિધ ક્ષેત્રે વિવિધ ઉમદા કાર્યો કરનાર શહેરની સંનિષ્ઠ મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું. જેમાં Surat city police, special branch DCP શ્રી જુલીબેન કોઠિયા, કવયિત્રી અને સાહિત્યકાર શ્રીમતિ પ્રજ્ઞાબેન વશી, એજ્યુકેશનાલિસ્ટ, ઉદઘોષક અને નાટયકાર શ્રીમતિ માહરૂખબેન ચિચગરનું સન્માન કરવામાં આવ્યું. સમારોહના પ્રમુખ સ્થાને ઉપસ્થિત પદ્મશ્રી નિલેશભાઈ માંડલેવાલા તથા CA પી. એમ. શાહના વરદ હસ્તે પુષ્પગુચ્છ, ટ્રોફી અને શાલથી તેઓનું સન્માન કરવામાં આવ્યું. તેઓને એનાયત કરવામાં આવેલ ટ્રોફીમાં તેઓની વ્યક્તિગત વ્યાવસાયિક સિદ્ધિનો પ્રમાણપત્રરૂપે સમાવેશ કરવામાં આવ્યો હતો. આદરણીય ટ્રસ્ટીવર્ય પ્રાધ્યાપક એન.એમ. કારિયા અને ટ્રસ્ટીવર્ય હિતેન્દ્રભાઈ ચુડાવાળાએ સમગ્ર કાર્યક્રમને સુયોજિત ઓપ આપ્યો હતો. લાયન્સ કલબ ઓફ સુરત 'પ્રેસિડન્સી'ના પ્રમુખ નિલમબેન ગજ્જરે આભારવિધી પ્રસ્તુત કરી હતી. આ પ્રસંગે લાયન્સ કલબ ઓફ સુરત 'પ્રેસિડન્સી'ના ખજાનચી શ્રી કિરીટભાઈ ગજ્જર , પ્રિ. જે. એમ. નાયક, મયંકભાઇ ત્રિવેદી, સુનિલભાઈ શાહ, જયસુખભાઈ કથિરીયા, કોચિંગ કલાસીસ એસોસિએશના સભ્યો, પ્રેસિડન્સી સિનીયર સિટીઝન્સ વાચનાલયના વરિષ્ઠ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ બહેનોને તથા પ્રેસિડન્સી સ્કૂલના તમામ શિક્ષિકાબહેનોને પ્રતિકભેટ આપવામાં આવી .

# ઉનાળાના કારણે શાળાના સમયમાં ફેરફાર કરવા શિક્ષક સંઘની રજૂઆત

## રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘે શિક્ષણ મંત્રી સમક્ષ રજૂ કરેલી માંગ

સુરત, તા.૧૧

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આગામી તા.૧૫ માર્ચથી શાળાનો સમય સવારનો કરવા શિક્ષણમંત્રીને નમ્ર રજૂઆત કરવામાં આવી સમગ્ર વિશ્વ ક્લાઈમેટ ચેન્જની અસરોનો ભોગ બની રહ્યું છે, જેની અસર ગુજરાત રાજ્યમાં પણ દેખાઈ રહી છે ત્યારે દર વર્ષ કરતાં ચાલુ વર્ષે ઉનાળાની ગરમી વહેલી શરૂ થઈ ગઈ છે અને ગરમીનો પારો એકદમ વધી રહ્યો છે. આવનારા દિવસોમાં હિટવેવની આગાહી વ્યક્ત કરવામાં આવેલ છે અને આ વખતે અત્યારથી જ કાળઝાળ ગરમી પડી રહી છે. કેટલાંક જિલ્લાઓમાં આગામી દિવસોમાં અસહ્ય ગરમી પડવાની પણ આગાહી છે. જેની અસર શાળામાં બેઠેલા બાળકો ઉપર વર્તાશે. આવા સંજોગોમાં વધારે ગરમીને કારણે વિદ્યાર્થીઓને લૂ લાગવી અને બિમાર પડવાની શક્યતાઓ વધી જાય છે. આગામી દિવસોમાં ચાર તહેવાર અને બે રવિવાર આમ છ જેટલી રજાઓ છે. આર.ટી.ઈ.ની જોગવાઈ મુજબ કામકાજનાં ૨૦૦/૨૨૦ દિવસ અને કામનાં કલાક ૮૦૦/૧૦૦૦ થી વધુ થઈ જાય છે. ત્યારે આ બધી પરિસ્થિતિ અને વિદ્યાર્થીઓનાં સ્વાસ્થ્યને ધ્યાને લઈ આગામી તા.૧૫ માર્ચથી શાળાનો સમય સવારનો કરવા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા રાજ્યનાં શિક્ષણમંત્રીશ્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાને લેખિતમાં નમ્ર રજૂઆત કરવામાં આવેલ છે. એમ જિલ્લાનાં પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.




# નેતૃત્વ, સ્વાસ્થ્ય અને માર્ગદર્શન વિષયે 'ગીવ ટુ ગેઇન' ચર્ચા સત્ર યોજી અદાણી યુનિવર્સિટી દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવાયો

અમદાવાદ, ૧૦ માર્ચ ૨૦૨૬

શૈક્ષણિક અને વ્યાવસાયિક જીવનમાં મહિલાઓના યોગદાનના મહાત્મ્યને ચરિતાર્થ કરતા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૬ ની ઉજવણી "ગિવ ટુ ગેઇન" ની વૈશ્વિક થીમ પર કેન્દ્રિત એક વિશિષ્ટ કાર્યક્રમના માધ્યમથી અદાણી યુનિવર્સિટીએ ઉજવણી કરી હતી. ૮ માર્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં ૨૫૦ થી વધુ વિદ્યાર્થીઓ અને કર્મચારીગણ સંવાદ, ચિંતન અને સહિયારા શિક્ષણના મનનમાં શામેલ થયા હતા.


વરિષ્ઠ સ્ત્રી રોગ વિજ્ઞાની ડૉ. નીતા ઠાકરેના નેતૃત્વમાં એક ઇન્ટરેક્ટિવ આરોગ્ય અને સુખાકારી સત્રથી ઉજવણીનો આરંભ થયો હતો, જેમણે અટકાયતી આરોગ્ય સંભાળ, સ્વાસ્થ્યની ચિંતાઓ અંગે પ્રારંભિક જાગૃતિ અને મહિલાઓની સુખાકારીને આધાર આપતી રોજિંદા પ્રથાઓના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. આરોગ્ય જાગૃતિ પર ખુલ્લી ચર્ચામાં ઉપસ્થિત સહુએ ભાગ લીધો હતો, જેમાં સારી રીતે વાકેફ પસંદગીઓ અને સક્રિય સંભાળના મહત્વ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

શિક્ષણ અને સમાવેષી તકોના મજબૂત હિમાયતી અદાણી યુનિવર્સિટીના પ્રમુખ અને અદાણી ફાઉન્ડેશનના અધ્યક્ષ ડૉ. પ્રીતિ અદાણી સાથે આ ઉજવણી પ્રસંગે થયેલી પેનલ ચર્ચાને તેમની સક્રીય ઉપસ્થિતિએ નેતૃત્વ અને હેતુ ઉપર વાતચીતને સમૃદ્ધ બનાવી હતી.

તેમની સાથે વિવિધ વ્યાવસાયિક ક્ષેત્રોના સિદ્ધહસ્ત મહિલા અગ્રણીઓ જોડાયા હતા, જેમાં સિરિલ અમરચંદ મંગળદાસ, અમદાવાદના ભાગીદાર અને વડા શ્રીમતી પરિધિ અદાણી,; સેક ઇસરો, અમદાવાદના રીસ્પોન્ડના 'એસજી' અને મુખ્ય વડા સાયન્ટીસ્ટ-એન્જીનિયર ડૉ. આભા છાબરા, વાયજે ત્રિવેદી એન્ડ કંપનીના વરિષ્ઠ ભાગીદાર શ્રીમતી ગોપી ત્રિવેદી, માઇકાના ડીન અને પ્રિન્સિપાલ પ્રાધ્યાપક ગીતા હેગ્ડે અને નોર્થસ્ટાર ડાયગ્નોસ્ટિક્સ અને નોર્થસ્ટાર લોંગેવિટીના સ્થાપક.ડૉ. તુલસી મહાદેવિયાનો સમાવેશ થાય છે.

તેમની વ્યાવસાયિક યાત્રાઓમાંથી પ્રાપ્ત કરેલા નેતૃત્વ, દ્રઢતા અને માર્ગદર્શન પરના તેમના અનુભવોનું ભાથું આ પેનલિસ્ટોએ ઉપસ્થિતો સાથે શેર કર્યું ત્યારે તેમના અનુભવોમાં જ્ઞાન, માર્ગદર્શન અને તકની વહેંચણી અન્ય લોકો માટે વિકાસના પથને કેવી રીતે કંડારે છે, તેનું પ્રતિબિંબ "ગીવ ટુ ગેઇન" થીમના સારને પ્રદર્શિત કરતું હતું.અદાણી યુનિવર્સિટીના પ્રવક્તાએ પ્રતિક્રિયામાં જણાવ્યું હતું કે આપણા શૈક્ષણિક સમુદાયમાં મહિલાઓના નેતૃત્વ અને સિદ્ધિઓને ઓળખવાનો આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ છે. પરામર્શ, માર્ગદર્શન અને સહિયારા શિક્ષણને પ્રોત્સાહન આપીને, અમે જ્યાં મહિલાઓ એકબીજાને આધાર આપે અને આત્મવિશ્વાસ અને હેતુ સાથે નેતૃત્વ કરતા રહે એવા વાતાવરણનું નિર્માણ કરવાની આશા રાખીએ છીએ અદાણી યુનિવર્સિટી સમાવેશકતા, નેતૃત્વ વિકાસ અને સમાન તકોને પ્રોત્સાહન આપતી પહેલોને અવિરત આગળ વધારતી રહે છે. જ્યારે વ્યક્તિઓ એકબીજાના વિકાસમાં રોકાણ કરે છે, ત્યારે તેનો સામૂહિક પ્રભાવ સંસ્થાઓને મજબૂતી બક્ષીને વધુ સમાવેશી ભવિષ્ય નિર્માણમાં ફાળો આપે છે. મહિલા દિવસની ઉજવણીએ યુનિવર્સિટીના આ વિશ્વાસને ફરી પુષ્ટિ આપી છે.

# આકરા ઉનાળાની શરૂઆતમાં તમારી સ્કિનને કઈ રીતે સંભાળ રાખશો, અજમાવો આ ટિપ્સ...



માર્ચની શરૂઆત થતાની સાથે જ સૂર્યદેવે પોતાનો અસલ મિજાજ બતાવવાનું શરૂ કરી દીધું છે. વધતા જતા તાપમાન અને આકરા તડકાની સૌથી સીધી અસર આપણી ત્વચા પર પડતી હોય છે. ગરમ પવનો અને સૂર્યના કિરણોને કારણે સ્કીન ટેન થવી, શુષ્ક બનવી અને નિસ્તેજ થઈ જવી જેવી સમસ્યાઓ સામાન્ય છે. આવી સ્થિતિમાં, ઉનાળાની આ ઋતુમાં ત્વચાની યોગ્ય કાળજી લેવી માત્ર ફેશન નથી, પરંતુ સ્વાસ્થ્ય માટે પણ અનિવાર્ય બની ગઈ છે.

ઉનાળામાં જ્યારે પણ બહાર નીકળવાનું હોય, ત્યારે તેના ૧૫-૨૦ મિનિટ પહેલા ચહેરા પર સનુસ્કીન લગાવવું ખૂબ જ જરૂરી છે. ભલે તમે ઘરની અંદર હોવ, તો પણ જીહ્ન ૫૦ કે તેથી વધુ ક્ષમતા ધરાવતું સનસ્કીન લગાવવાનું ભૂલશો નહીં. ખાસ કરીને બપોરે ૧૧ થી ૪ વાગ્યા સુધી જ્યારે તાપમાન ચરમસીમા પર હોય, ત્યારે બહાર જવાનું ટાળવું જોઈએ. જો નીકળવું જ પડે, તો છત્રી, સનગ્લાસ અને કેપનો ઉપયોગ કરીને સ્કીનને સીધા તડકાથી બચાવવી જોઈએ.

ત્વચાની કુદરતી ચમક જાળવી રાખવા માટે માત્ર બહારથી જ નહીં, પરંતુ અંદરથી પણ શરીરને સ્વસ્થ રાખવું જરૂરી છે. ઉનાળામાં દિવસ દરમિયાન પુષ્કળ પાણી પીવું જોઈએ. પાણી ઉપરાંત નારિયેળ પાણી, છાશ અને ફળોના તાજા જ્યુસનું સેવન કરવાથી શરીર હાઈડ્રેટ રહેશે અને સ્કીન પર ગ્લો જળવાઈ રહેશે. ત્વચાને ઠંડક આપવા માટે એલોવેરા જેલ અથવા ગુલાબજળનો ઉપયોગ શ્રેષ્ઠ સાબિત થાય છે. ધૂળ અને પરસેવો સાફ કરવા માટે સમયાંતરે ઠંડા પાણીથી ચહેરો ધોતા રહેવું જોઈએ.

આ ઋતુમાં કપડાની પસંદગી પણ સ્કીન હેલ્થ પર અસર કરે છે. ચામડી પર રેશિઝ ન પડે તે માટે સુતરાઉ (કોટન) જેવા હળવા અને ઢીલા કપડાં પહેરવા જોઈએ જેથી ત્વચાને પૂરતી હવા મળી રહે. આ ઉપરાંત, ઉનાળામાં ભારે ક્રીમ કે હેવી મેકઅપ કરવાનું ટાળવું જોઈએ, કારણ કે તેનાથી ત્વચાના છિદ્રો બંધ થઈ શકે છે. જેલ-બેઝ્ડ મોઇશ્ચરાઇઝર આ હવામાન માટે સૌથી વધુ અનુકૂળ રહે છે. જો સનબર્ન જેવી સમસ્યા થાય, તો એલોવેરા જેલ લગાવીને ત્વચાને રાહત આપી શકાય છે.

ડિસ્ક્લેમરઃ આ આર્ટિકલમાં આપવામાં આવેલી માહિતી સામાન્ય જાણકારી માટે છે. કોઈપણ પ્રોડક્ટનો ઉપયોગ કરતા પહેલા અથવા સ્કીનની ગંભીર સમસ્યા માટે નિષ્ણાત ડોક્ટરની સલાહ લેવી હિતાવહ છે.



# ઉનાળામાં લીંબુ સૂકાઈ જવાના ટેન્શનને કરો ટાટા-બાય બાય, આ ૫ સ્માર્ટ ટિપ્સની મદદથી લીંબુ રહેશે ફ્રેશ અને જ્યુસી...

ઉનાળાની શરૂઆત થતા જ રસોડામાં લીંબુની માંગ વધી જાય છે અને લીંબુ પણ મોંઘા પણ થઈ જાય છે. લીંબુનું શરબત બનાવવાની વાત હોય કે પછી રસોઈમાં સ્વાદ ઉમેરવાની વાત હોય, લીંબુ દરેક ગૃહિણીની જરૂરિયાત છે. પરંતુ ગરમીમાં લીંબુ જલ્દી સુકાઈ જાય છે અથવા ઉપરથી કાળા પડી જાય છે. જો તમારી સાથે પણ આવું થાય છે તો આજે અમે અહીં તમને લીંબુને સ્ટોર કરવાની કેટલીક એવી સિમ્પલ ટિપ્સ વિશે જણાવવા જઈ રહ્યા છીએ કે જેની મદદથી ઉનાળામાં પણ લીંબુ લાંબા સમય સુધી તાજા રહેશે. ચાલો જોઈએ શું છે આ ટિપ્સ...

પાણીમાં નાખીને સ્ટોર કરો

જો તમે ઈચ્છો છો કે ઉનાળાની ઋતુમાં લીંબુ ૧૫થી ૨૦ દિવસ સુધી બિલકુલ ફ્રેશ અને જ્યુસી રહે, તો એક કાચની બરણીમાં પાણી ભરો અને તેમાં લીંબુ ડૂબાડીને રાખો. આ બરણીને ફ્રીજમાં મૂકી દો. દર બે-ત્રણ દિવસે પાણી બદલતાં રહો. આ રીતથી લીંબુ સુકાશે નહીં અને તેનો રસ પણ જળવાઈ રહેશે.

ઓઈલથી કોટિંગ કરી રાખો

લીંબુ લાંબો સમય તાજા રહે અને સ્ટોર કરી શકાય એના માટે લીંબુના પડ પર થોડું ખાવાનું તેલ (ઑીહર્ષ્ઁ ॥) લગાવીને રાખી દો. તેલ લગાવ્યા પછી તેને કાચની બરણીમાં ભરીને ફ્રીજમાં રાખો. તેલનું પડ લીંબુની છાલને હવામાં રહેલા ભેજથી બચાવે છે, જેથી તે જલ્દી બગડતા નથી.

દરેક લીંબુને અલગ-અલગ ન્યૂઝ પેપરના ટુકડા કે પછી ટીશ્યુ પેપરમાં લપેટી લો. ત્યાર બાદ આ લીંબુને એક એરટાઈટ કન્ટેનર અથવા ઝિપલોક બેગમાં ભરીને ફ્રીજમાં રાખો. આનાથી લીંબુ લાંબા સમય સુધી ભેજમુક્ત રહેશે અને ખરાબ નહીં થાય.

ઉનાળાની સિઝનમાં લીંબુ મોંઘા થઈ જાય છે આવી સ્થિતિમાં લીંબુને તમે પ્લાસ્ટિક બેગમાં રાખવાને બદલે કે પછી કાચની બરણીમાં રાખવા વધારે ફાયદાનો સોદો સાબિત થઈ શકે છે. પ્લાસ્ટિકના થેલીમાં લીંબુને રાખવાથી તેમાં ભેજ જમા થવાને કારણે લીંબુ પર ફૂગ લાગવાની શક્યતા વધી જાય છે, જ્યારે વાત કરીએ કાચની બરણીની તો કાચની બરણીમાં લીંબુ લાંબા

લેમન જ્યુસને આઈસ ક્યુબ તરીકે સ્ટોર કરો

જ્યારે બજારમાં લીંબુ વધારે પ્રમાણમાં જોવા મળતાં હોય, સસ્તા મળતાં હોય ત્યારે કે પછી જો તમને ડર સતાવી રહ્યો હોય તે લીંબુ ખરાબ થઈ જશે તો આવી સ્થિતિમાં લીંબુનો રસ કાઢી લો. આ રસને આઈસ ટ્રેમાં નાખીને ફ્રીઝરમાં ફ્રોઝન કરી લો. હવે જ્યારે પણ શરબત કે રસોઈમાં જરૂર હોય, ત્યારે એક ક્યુબ કાઢીને ઉપયોગમાં લો. આ રીતે લીંબુનો સ્વાદ મહિનાઓ સુધી અકબંધ રહેશે.

હવે વાત કરીએ એક બોનલ ટિપ વિશે તો હંમેશા બજારમાંથી લીંબુ ખરીદતી વખતે એક વાતનું ખાસ ધ્યાન રાખો. બજારમાંથી લીંબુ ખરીદતી વખતે હંમેશા પાતળી છાલવાળા અને પીળા લીંબુ પસંદ કરો, કારણ કે તેમાં રસનું પ્રમાણ વધુ હોય છે અને તે લાંબો સમય તાજા રહે છે.

છે ને એકદમ કામની માહિતી? આ સમર સિઝનમાં લીંબુને સિમ્પલી સ્ટોર કરીને મોંઘા લીંબુ ખરીદવામાંથી બચી શકો છો. આવી જ બીજી અનોખી માહિતી જાણવા માટે અમારી સાથે જોડાયેલા રહો.

# મેલ મેટર્સઃ ઉનાળાની આકરી ઋતુમાં સ્વાસ્થ્યને જીવનશૈલીનું સંતુલન કઈ રીતે રાખવું ...

ઉનાળાનો આરંભ થતાં જ આકાશમાંથી અગનગોળા વરસવા લાગે છે. પ્રકૃતિ જાણે રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે. આ ઋતુમાં દરેક જીવમાત્ર પરેશાન હોય છે, પરંતુ પુરુષો માટે ઉનાળો એક વિશેષ પ્રકારનો પડકાર લઈને આવે છે. મોટાભાગના પુરુષોનું કાર્યક્ષેત્ર ઘરની બહાર હોય છે, જેને કારણે તેમણે સીધો સૂર્યપ્રકાશ, ધૂળ, પ્રદૂષણ અને અસહ્ય ગરમીનો સામનો કરવો પડે છે. સવારથી સાંજ સુધી ભાગદોડ ભરેલી જિંદગીમાં પુરુષો અવારનવાર પોતાના સ્વાસ્થ્યની અવગણના કરતા હોય છે, જે લાંબા ગાળે ગંભીર સમસ્યાઓનું કારણ બની શકે છે.

ઉનાળાની આ ઋતુમાં પુરુષ માટે પોતાની ત્વચા, આહાર અને માનસિક શાંતિ પર ધ્યાન આપવું અનિવાર્ય બની જાય છે. ગરમીની સીધી અસર શરીરના તાપમાન નિયમન તંત્ર પર પડે છે, જેનાથી ડિહાઈડ્રેશન, લૂ લાગવી અને શારીરિક થાક જેવાં લક્ષણ જોવા મળે છે. ખાસ કરીને જે પુરુષો બાઈક પર મુસાફરી કરે છે અથવા ફિલ્ડ વર્ક સાથે જોડાયેલા છે તેમના માટે સૂર્યનાં અલ્ટ્રાવાયોલેટ કિરણો ત્વચાને ગંભીર નુકસાન પહોંચાડે છે.

ત્વચાની સંભાળની વાત કરીએ તો, સામાન્ય રીતે પુરુષોમાં એવી માન્યતા હોય છે કે સ્કીન કેર માત્ર મહિલાઓ માટે છે, પરંતુ આ એક મોટી ભૂલ છે. પુરુષોની ત્વચા મહિલાઓની સરખામણી એ વધુ તેલીય અને જાડી હોય છે, જે ગરમીમાં પરસેવા અને ધૂળને કારણે જલ્દી ગંદી થાય છે. ઉનાળામાં ટેનિંગ, ખીલ અને રેશિઝની સમસ્યા સામાન્ય છે.

આથી જ, બહાર નીકળતા પહેલા સારા સનસ્કીનનો ઉપયોગ અને દિવસમાં બે વાર ચહેરો સાફ કરવો અત્યંત જરૂરી છે. માત્ર સાબુથી મોઢું ધોઈ લેવાથી ત્વચાના ઊંડા છિદ્રો સાફ થતા નથી, જેના કારણે ત્વચા નિસ્તેજ દેખાવા લાગે છે. કપડાંની પસંદગીમાં પણ પુરુષોએ જાગૃત રહેવાની જરૂર છે. સિન્થેટિક કે ટાઈટ કપડાંને બદલે સુતરાઉ અને આછા રંગનાં વો પહેરવાથી શરીરને શ્વાસ લેવાની જગ્યા મળે છે અને પરસેવો જલ્દી સુકાય છે, જે ચામડીના રોગો અને દુર્ગંધથી બચાવે છે.

ખાનપાન એ ઉનાળામાં ટકી રહેવા માટેનો સૌથી મહત્ત્વનો સ્તંભ છે. પુરુષ ઘણીવાર કામની વ્યસ્તતામાં પાણી પીવાનું ભૂલી જાય છે અથવા તો ઠંડા પીણાં અને વધુ પડતી ચા-કોફીનો સહારો લે છે. હકીકતમાં, કેફીન અને ખાંડયુક્ત પીણાં શરીરને અંદરથી વધુ ડિહાઈડ્રેટ કરે છે.

ઉનાળામાં કુદરતી ઠંડક આપતા પદાર્થો જેવા કે છાશ, લીંબુ શરબત, નારિયેળ પાણી અને પુષ્કળ પ્રમાણમાં સાદું પાણી અમૃત સમાન છે. બપોરના ભોજનમાં હળવો ખોરાક, કાકડી, ડુંગળી અને દહીંનો સમાવેશ કરવાથી શરીરનું તાપમાન જળવાઈ રહે છે. ખાસ કરીને ડુંગળીનું સેવન લૂ સામે રક્ષણ આપવા માટે જાણીતું છે. તળેલું અને મસાલેદાર ભોજન પાચનતંત્ર પર ભાર વધારે છે, જે ગરમીમાં એસિડિટી અને અસ્વસ્થતા પેદા કરે છે. જો તમે ઓફિસમાં હોવ કે રસ્તા પર, તમારી સાથે પાણીની બોટલ રાખવી એ પ્રાથમિકતા હોવી જોઈએ.

શારીરિક સ્વાસ્થ્યની સાથે માનસિક સ્થિતિ પર પણ ઉનાળાની નકારાત્મક અસર જોવા મળે છે. અસહ્ય ગરમી અને પરસેવાને કારણે સ્વભાવમાં ચીડિયાપણું આવવું સ્વાભાવિક છે. ટ્રાફિક અને કામના ટેન્શનમાં જ્યારે ગરમી ભળે છે ત્યારે બ્લડ પ્રેશર વધવાની શક્યતા રહે છે.

આ સમયગાળામાં પુરુષ માટે પૂરતી ઊંઘ ખૂબ જરૂરી છે. રાત્રે વહેલા સૂઈ જવાથી અને સવારે વહેલા ઊઠીને કસરત કે પ્રાણાયામ કરવાથી શરીરની ગરમી સહન કરવાની ક્ષમતા વધે છે. કસરત કરતી વખતે એ ધ્યાન રાખવું જોઈએ કે વધુ પડતો શ્રમ ન પડે, કારણ કે ઉનાળામાં હૃદય પર દબાણ વધતું હોય છે. ઠંડા પાણીએ સ્નાન કરવાથી સ્નાયુઓને આરામ મળે છે અને દિવસભરનો થાક ઊતરી જાય છે.

વ્યક્તિગત સ્વચ્છતા એટલે કે પર્સનલ હાઈજીન એ ઉનાળામાં પુરુષ માટે સૌથી મોટો પડકાર છે. જનનાંગોની આસપાસ પરસેવો જમા થવાથી ફંગલ ઈન્ફેક્શન થવાનું જોખમ રહે છે, જે પુરુષોમાં ખૂબ સામાન્ય છે. આ માટે હવાની અવરજવર થઈ શકે તેવા આંતરવો અને એન્ટી-ફંગલ પાવડરનો ઉપયોગ હિતકારી છે. સાથે જ, વાળ અને દાઢીની સફાઈ પણ એટલી જ મહત્ત્વની છે.

ઉનાળામાં લાંબી દાઢીમાં પરસેવો ભરાઈ રહેવાથી ખંજવાળ અને ત્વચાની એલર્જી થઈ શકે છે, તેથી તેને નિયમિત ટ્રીમ કરવી કે સાફ રાખવી સલાહભર્યું છે. પગની સ્વચ્છતા પણ ભૂલવી જોઈએ નહીં. લાંબો સમય મોજા અને શૂઝ પહેરી રાખવાથી પગમાં દુર્ગંધ અને ઈન્ફેક્શન થઈ શકે છે.

ઉનાળાની બપોરે જો શક્ય હોય તો બહાર નીકળવાનું ટાળવું, પરંતુ વ્યવસાયિક જવાબદારીઓ ને કારણે તે હંમેશાં શક્ય હોતું નથી. આવા સમયે સૂર્યના સીધા તાપથી બચવા માટે ટોપી,ચશ્મા (સનગ્લાસ) અને રૂમાલનો ઉપયોગ કરવો જોઈએ. આંખોનું રક્ષણ પણ ખૂબ જરૂરી છે, કારણ કે લૂની અસરથી આંખોમાં બળતરા અને લાલાશ આવી શકે છે. દિવસના અંતે, ઘરે પરત ફર્યા પછી તરત જ ઠંડું પાણી પીવાને બદલે થોડી વાર શરીરને સામાન્ય તાપમાન પર આવવા દેવું જોઈએ. ઉનાળો માત્ર એક ઋતુ નથી, પણ પોતાની જાત પ્રત્યે વધુ સભાન બનવાની તક છે. જો પુરુષો આવી અનેક નાની નાની વાતનું ધ્યાન રાખે, જેમ કે નિયમિત પાણી પીવું, યોગ્ય આહાર લેવો અને ત્વચાનું રક્ષણ કરવું તો તે આ આકરી ઋતુમાં પણ પોતાની કાર્યક્ષમતા અને સ્ફૂર્તિ જાળવી શકે છે. અંતે, સ્વસ્થ શરીર જ ગમે તેવા કપરા વાતાવરણ સામે લડવાની શક્તિ આપે છે માટે પોતાની સંભાળ રાખવી એ જવાબદારી છે, માત્ર પસંદગી નહીં.



## તંત્રી લેખ...-

**બુધવાર, તા. ૧૧ માર્ચ ૨૦૨૬**

# રાષ્ટ્રપતિના હોદ્દાની ગરિમા લોકશાહી માટે મહત્ત્વની

કેન્દ્ર સરકારની સામે સતત રાજકીય સંઘર્ષમાં ઊતરતા રહેતા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ વખતે તેમના રાજ્યની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સત્તાવાર પ્રોટોકોલનું ઉલ્લંઘન કરીને વધુ એક વિવાદ છેડયો છે. ભારત જેવા લોકશાહી દેશના બંધારણીય વડા અને લોકતંત્રના સિદ્ધાંતોના પ્રતીક સમાન રાષ્ટ્રપતિની ગરિમા જાળવવાની જવાબદારી દરેક ભારતીયની બની રહે છે, પણ આ હકીકતની જાણી જોઈને અવગણના કરીને મમતાએ પોતાની નકારાત્મક માનસિકતા વધુ એક વખત છતી કરી છે. રાષ્ટ્રપતિ મુર્મુની તાજેતરની પશ્ચિમ બંગાળ મુલાકાત દરમ્યાન જે રીતે મુખ્યમંત્રી અને રાજ્ય સરકારે સત્તાવાર પ્રોટોકોલનું ઉલ્લંઘન કર્યું તેનાથી દેશ આખામાં ભારે નારાજગી છે. સાતમી માર્ચના રાષ્ટ્રપતિએ સિલીગુડીના ફાંસીદેવા વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય સંથાલ કોન્ફરન્સમાં હાજરી આપી હતી. આદિવાસી સમાજની સાંસ્કૃતિક પરંપરા અને અસ્મિતા સાથે સીધી રીતે જોડાયેલા આ મહત્ત્વપૂર્ણ કાર્યક્રમમાં આદિવાસી રાષ્ટ્રપતિની હાજરીએ આ આયોજનનાં મહત્ત્વને વધારી દીધું હતું. આવા મહત્ત્વના કાર્યક્રમમાં સહયોગ ન આપીને રાજ્ય સરકારે પોતાની નકારાત્મકતા બતાવી આપી છે. હદ તો ત્યારે થઈ જ્યારે રાષ્ટ્રપતિ રાજ્યમાં આવે ત્યારે તેમને આવકારવાના સત્તાવાર પ્રોટોકોલની ધરાર અવગણના થઈ હતી. આવા સમયે સામાન્ય પ્રોટોકોલ એવો હોય છે કે, ખુદ મુખ્યમંત્રી કે રાજ્યના વરિષ્ઠ મંત્રી તેમનું સ્વાગત કરે. આ સામાન્ય જણાતી બાબત ખેરખર તો બંધારણીય શિષ્ટાચાર છે અને લોકશાહીના સંસ્કારનો ભાગ છે, પણ મમતા બેનર્જી કે તેમના કોઈ મંત્રી રાષ્ટ્રપતિને આવકારવા આવવાની તસ્દી લીધી ન હતી. આ ઓછું હોય તેમ રાજ્ય સરકારે છેલ્લી ઘડીએ કાર્યક્રમનાં સ્થળને બદલાવી નાખ્યું હતું. નવું સ્થળ નાનું હોવાથી સંખ્યાબંધ લોકો ત્યાં પ્રવેશી શક્યા ન હતા. રાષ્ટ્રપતિએ આ અવગણનાની નોંધ લઈને એવી પ્રતિક્રિયા આપી હતી કે, એમ જણાય છે કે, બંગાળ સરકાર આદિવાસીઓના હિતો માટે ગંભીર નથી. રાષ્ટ્રપતિની આ નાની એવી પ્રતિક્રિયા તેમની મનોસ્થિતિનું સ્પષ્ટ પ્રતિબિંબ પાડે છે. આવા પ્રસંગોએ પોતાના બચાવમાં ગમે એટલી હદે જતા રાજકારણીઓની પ્રકૃતિ ધરાવતા મમતાએ પ્રોટોકોલના ભંગના વિવાદમાં પ્રતિભાવ આપીને પોતાની નકારાત્મક માનસિકતા વધુ છતી કરી છે. તેમણે એમ કહ્યંુ કે, તેઓ રાષ્ટ્રપતિનું સન્માન કરે છે, પણ જો તેઓ અહીં ૫૦ વખત આવે તો દરેક કાર્યક્રમમાં જવાનું તેમના માટે શક્ય નથી. સ્વાભાવિક રીતે આ પ્રતિભાવ મુખ્યમંત્રીના હોદ્દાની ગરિમાને અનુરૂપ નથી. સ્વાભવિક રીતે આ વિવાદે રાજકીય સ્વરૂપ લઈ લીધું છે. વડાપ્રધાન સહિતના મહાનુભાવોએ મમતાની ઉપર નિશાન સાધવાનું શરૂ કર્યું છે. આ આખો કિસ્સો માત્ર એક કાર્યક્રમના પ્રોટોકોલ પૂરતો મર્યાદિત નથી. આનાથી રાજકીય માનસિકતા બંધારણીય હોદ્દાના અપમાન સુધી પહોંચી જતી હોવાનું છતું થાય છે. રાષ્ટ્રપતિનો હોદ્દો રાજકીય પક્ષપક્ષી અને સરકારોથી ઉપર હોય છે એ વાત નેતાઓ હવે અવગણતા થયા હોવાની ઘટના ખરા અર્થમાં ચિંતા જગાવે તેવી છે. આવો પ્રથમ કિસ્સો વિપક્ષ શાસિત અન્ય રાજ્યો અને તેના મુખ્યમંત્રીઓની માટે ખોટી પ્રરણા આપે નહી તે લોકશાહીના હિતમાં ભારે જરૂરી છે.

## દક્ષિણનાં રાજ્યોની પહેલ

ઓસ્ટ્રેલિયાના પગલે ચાલી દક્ષિણ ભારતનાં બે રાજ્ય આંધ્રપ્રદેશ અને કર્ણાટકે ૧૩ વર્ષથી નીચેની વયનાં બાળકોના સોશિયલ મીડિયા ઉપયોગ પર પ્રતિબંધની જાહેરાત કરી છે. બંને રાજ્યની વિધાનસભામાં મુખ્ય પ્રધાન અનુક્રમે એન. ચંદ્રાબાબુ નાયડુ અને સિદ્ધારમૈયાએ આ પ્રતિબંધની જાહેરાત ગયા અઠવાડિયે કરી. કર્ણાટકમાં ૧૬ વર્ષની વયથી નીચેના અને આંધ્રમાં ૧૩થી ઓછી ઉંમરનાં બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર બેન મૂકવામાં આવ્યો છે. નાયડુ તો આ પ્રતિબંધ આગામી ૯૦ દિવસની અંદર અમલમાં મૂકવા કટિબદ્ધ છે. સરકારનો વિચાર સારો છે અને સોશિયલ મીડિયાની માદક પદાર્થ જેવી લત અને તેના કારણે બાળકો-કિશોરોની થતી હાલત તથા ભવિષ્યની ચિંતાને પગલે લેવાયેલો આ નિર્ણય આવકારદાયક છે. ભારત સરકાર પણ આ મોરચે છેલ્લા થોડા સમયથી ગંભીરતાથી વિચાર-ચર્ચા કરી રહી છે. વિશ્વના અનેક દેશોમાં ૧૬ વર્ષથી નીચેનાં બાળકોના સોશિયલ મીડિયા ઉપયોગ પર બેન વિશે મનોમંથન ચાલી રહ્યાં છે. જો કે, દક્ષિણ ભારતનાં બે રાજ્યે પ્રતિબંધનો વિચાર તો વહેતો મૂક્યો છે, પણ અનેક પ્રશ્નો ઊભા થયા છે, જેના જવાબ સરકારો આપી શકી નથી. સૌથી પહેલાં તો આ પ્રતિબંધનો અમલ કેવી રીતે થશે? એ વિશે કોઈ સ્પષ્ટતા નથી. ન તો બેમાંથી એક પણ રાજ્યએ આના માટે કોઈ કાયદો ઘડયો છે કે ન તો પ્રતિબંધના અમલીકરણ માટે કોઈ વ્યવસ્થાતંત્રની રચના કરાઈ છે અને આ બેન કામ કેવી રીતે કરશે એ વિશે કોઈ રોડમેપ પણ જાહેર કરાયો નથી. આ બધાથી મોટો પડકાર એ બંધારણીય છે. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી સાતમા અનુચ્છેદમાં આવે છે, આથી તે કેન્દ્ર સરકાર-સંસદના કાર્યક્ષેત્રમાં આવે છે, રાજ્યોની વિધાનસભાના દાયરામાં નહીં. ડિજિટલ ડેટા પ્રોટેક્શન એક્ટ, ૨૦૨૩ હેઠળ વિવિધ સોશિયલ મીડિયા મંચ માટે બાળકોના ડેટા મેળવવા કે તેના પર પ્રોસાસિંગ કરવા માટે ચકાસી શકાય એ પ્રકારે વાલીઓની પરવાનગી લેવાનું ફરજિયાત બનાવાયું છે. આથી, રાજ્યસ્તરે કાયદો ઘડવામાં આવે તો પણ કેન્દ્રીય કાયદાકીય માળખાં સાથે તે સીધા સંઘર્ષમાં હશે. ટેક્નોલોજી સંબંધી પડકારોનો તો આખો એવરેસ્ટ છે, જેમાં સૌથી મહત્ત્વનો અંતરાય છે, વયની ચકાસણી કેવી રીતે કરવી એનો. વળી, ટેક્નોલોજી સાથે હંમેશાં પાછલું બારણું આવતું હોય છે અને આવી નબળી કડી શોધી કાઢી કાયદાને ચાતરી જવામાં આમ પણ માનવ મગજ બહુ ઝડપથી ચાલતું હોવાનું વારંવાર પુરવાર થયું છે. આશય સારો હોવા છતાં વાસ્તવિક મુશ્કેલીઓ જોતાં રાજ્યો આ દિશામાં ખાસ પ્રગતિ કરી નહીં શકે. હા, કેન્દ્ર સરકાર આ દિશામાં આગળ વધે તો કેટલીક મર્યાદાઓનો અંત આવશે, પણ એ પછી નવા પડકારો ઊભા થશે.

**પાકિસ્તાનમાં ક્રૂડ ઓઈલની વધી રહેલી કિમતને ધ્યાનમાં રાખીને ખર્ચમાં કાપની ઢગલો જાહેરાતો કરાઈ છે.**

# પેટ્રોલ-ડીઝલનું રેશનિંગઃ ભારત પાકિસ્તાન-બાંગ્લાદેશ નથી

### દુનિયામાં બધે યુદ્ધના કારણે ક્રૂડનો કકળાટ છે તેથી આ ચિંતા સ્વાભાવિક છે

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધની અસર આપણા પાડોશી દેશો પર પડવા માંડી છે તેથી ભારતમાં ચિંતાનો માહોલ છે. આપણા પાડોશી દેશોમાં પાકિસ્તાને તો લોકડાઉન જ જાહેર કરી દીધું છે જ્યારે બાંગ્લાદેશમાં સરકારે પેટ્રોલ અને ડીઝલના વેચાણ પર ટોચ મર્યાદા લાગુ કરી દીધી છે. તેના કારણે સોશ્યલ મીડિયા પર પડીકાં ફરતાં થઈ ગયાં છે કે, ભારતમાં પણ આવી સ્થિતિ સર્જાઈ શકે છે પણ ભારતીયોએ જરાય ચિંતા કરવાની જરૂર નથી કેમ કે ભારતનું અર્થતંત્ર આખી દુનિયામાં વિશિષ્ટ છે તેથી ભારતમાં પાકિસ્તાન જેવી સ્થિતિ સર્જાઈ શકે એવી કોઈ શક્યતા નથી.

પાકિસ્તાનમાં ક્રૂડ ઓઈલની વધી રહેલી કિમતને ધ્યાનમાં રાખીને ખર્ચમાં કાપની ઢગલો જાહેરાતો કરાઈ છે. આ જાહેરાતો પ્રમાણે, હવે સરકારી કચેરીઓ અઠવાડિયામાં માત્ર ચાર દિવસ ખુલશે અને અડધા કર્મચારીઓ વર્ક ફ્રોમ હોમ કરશે. શાળાઓ બે અઠવાડિયા માટે બંધ રહેશે. અને મંત્રીઓ અને સલાહકારો વિદેશ પ્રવાસે નહીં જઈ શકે. મંત્રીઓ બે મહિના સુધી પગાર નહીં લે અને સાંસદોના પગારમાં ૨૫ ટકાનો ઘટાડો થશે.બે મહિના સુધી ૬૦ ટકા સરકારી વાહનો બહાર નહીં કઢાય ને વપરાશે એ સરકારી વાહનોને અડધું જ પેટ્રોલ-ડીઝલ મળશે. તમામ સરકારી વિભાગો પણ ખર્ચમાં ૨૦ ટકાનો ઘટાડો કરશે. બજારમાં મળતા પેટ્રોલ અને ડીઝલની કિમતમાં પણ ૫૫ રૂપિયા પ્રતિ લિટર સુધીનો વધારો કરવામાં આવ્યો છે.બાંગ્લાદેશમાં બાઈક માટે દિવસમાં માત્ર ૨ લિટર પેટ્રોલ મળશે. ખાનગી કારને મહત્તમ ૧૦ લિટર જ્યારે બસો અને ટ્રકોને ૭૦ થી ૨૨૦ લિટર સુધીની મર્યાદામાં પેટ્રોલ-ડીઝલ મળશે. દરેક પેટ્રોલ પંપ પર રસીદ આપવી ફરજિયાત કરાઈ છે અને અગાઉની ખરીદીની રસીદ બતાવ્યા વિના નવું પેટ્રોલ-ડીઝલ નહીં મળે.ભારતમાં આ પ્રકારનું રેશનિંગ દાખલ કરવું પડશે ? બિલકુલ નહીં. નરેન્દ્ર મોદી સરકારે સાફ શબ્દોમાં કહ્યું છે કે, ભારતમાં પેટ્રોલ-ડીઝલની તંગી પણ નથી સર્જાવાની કે પેટ્રોલ-ડીઝલના ભાવ પણ નથી વધવાના તેથી સાવ નચિંત થઈને બેસો ને સંગ્રહખોરી ના કરશો. આ સધિયારા વચ્ચે કેન્દ્ર સરકારની માલિકીની ઓઈલ કંપનીઓએ એલપીજી એટલે કે રાંધણ ગેસના બાટલામાં ૬૦ રૂપિયાનો ભાવવધારો ઝીકી જ દીધો તેના કારણે કોને ભારતમાં પણ હાલત ખરાબ થશે તેની ચિંતા છે. પેટ્રોલ-ડીઝલના ભાવ વધશે તો બીજી ચીજોના પણ ભાવ વધશે ને પેટ્રોલ-ડીઝલની અછત સર્જાશે એવી ચિંતા સામાન્ય લોકોને છે.

દુનિયામાં બધે યુદ્ધના કારણે ક્રૂડનો કકળાટ છે તેથી આ ચિંતા સ્વાભાવિક છે પણ કમ સે કમ આ વખતે મોદી સરકારની વાત પર ભરોસો કરવા જેવો છે. તેનું કારણ એ કે, ભારત ક્રૂડ ઓઈલ માટે ઈરાન તે અખાતના દેશો પર જ નિર્ભર નથી. ભારતનું મોટા ભાગનું ક્રૂડ અખાતના દેશોમાંથી જ આવે છે એ સાચું પણ આ આપત્તિના સમયમાં ભારત પાસે રશિયા અને વેનેઝુએલા એ બે મોટા વિકલ્પ પણ છે.અમેરિકાએ આપણા પર દબાણ કરીને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બંધ કરાવેલી પણ ઈરાન સાથે યુદ્ધ પછી અમેરિકાએ ભારતને ૩૦ દિવસ માટે રશિયા પાસેથી ક્રુડ ઓઈલ ખરીદવાની છૂટ આપી છે તેથી આપણે રશિયા પાસેથી જોઈએ એટલું ક્રૂડ ઓઈલ ખરીદી શકીએ છીએ. રશિયાને યુક્રેન સામેનો જંગ ચાલુ રાખવા માટે નાણાં જોઈએ જ છે તેથી ભારત માંગે એટલું ક્રૂડ રશિયા આપી શકે તેમ છે.અમેરિકાએ ૩૦ દિવસની છૂટ આપી છે પણ યુધ્ધ લંબાય તો છૂટ પણ લંબાઈ શકે છે તેથી ક્રૂડની ચિંતા નથી. આ ક્રૂડ થોડુંક મોંઘું પડી શકે પણ એ સરકારનો પ્રશ્ન છે. સરકારે પેટ્રોલ-ડીઝલના ભાવ નહીં વધે એવો સધિયારો આપ્યો એટલે નાક રાખવા પણ સરકારી ઓઈલ કંપનીઓ ભાવ નહીં વધારે. તેના કારણે સરકારી કંપનીઓને કે સરકારને કંઈ નુકસાન નથી જવાનું. ક્રૂડની ખરીદી માટે ઊંચો ભાવ આપવો પડે તેના કારણે જે વધારાનો બોજ આવશે તેના લીધે સરકારી ઓઈલ કંપનીઓના નફામાં કાપ આવશે પણ નુકસાન નથી જવાનું.

મોદી સરકાર પેટ્રોલ-ડીઝલના ભાવ હમણાં નહીં વધવા દે એ માટે એક બીજું પણ નક્કર કારણ છે. ચાલુ વર્ષના મે સુધીમાં આસામ, પશ્ચિમ બંગાળ, પુડુચેરી, કેરળ અને તમિળનાડુ એ પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી છે. આસામમાં ભાજપ છેલ્લાં ૧૦ વર્ષથી સત્તામાં છે ને આ વખતે સત્તા જાળવી રાખવાનો પડકાર છે તેથી મોદી સરકાર કોઈ જોખમ ના લે.

પશ્ચિમ બંગાળ, કેરળ અને તમિળનાડુમાં ભાજપના કટ્ટર રાજકીય હરીફોની સરકારો છે. ભાજપ આ ત્રણેય રાજ્યોમાં સત્તા કબજે કરવા ફાંફાં મારે છે પણ ફાવતો નથી. કેરળ અને તમિળનાડુમાં તો ભાજપ આ વખતે પણ ફાવે એવી શક્યતા નથી પણ પશ્ચિમ બંગાળમાં ભાજપ માટે થોડો ચાન્સ છે. પેટ્રોલ-ડીઝલના ભાવ વધારીને એ ચાન્સ ગુમાવવાની મૂર્ખામી મોદી સરકાર કરે એ વાતમાં માલ નથી. ટૂંકમાં મેના અંત સુધીમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધવાની કોઈ શક્યતા નથી તેથી બે-અઢી મહિના તો નિરાંતે ખેંચાઈ જ જશે.

ભારતમાં અનાજ, દૂધ વગેરે સામાન્ય જનજીવન માટે જરૂરી ચીજો પૂરતા પ્રમાણમાં થાય છે. પેટ્રોલ-ડીઝલના ભાવ ના વધે તો આ ચીજોના ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ ના વધે તેથી સામાન્ય લોકોને કમ સે કમ મે સુધી તો રાહત રહેશે જ તેની ગેરંટી છે. યુદ્ધના કારણે નેચરલ ગેસના પુરવઠામાં કાપ આવ્યો છે તેની અસર નાના ઉદ્યોગો પર પડી છે.

ગુજરાતમાં મોરબી સહિતનાં ઘણાં નાનાં નાનાં કારખાનાં ધરાવતાં સેન્ટરોમાં અત્યારે ઉત્પાદન ઠપ્પ થઈ ગયું છે. યુદ્ધ લંબાય તો આ સેન્ટરોની સંખ્યા વધશે. દેશની નિકાસ પર પણ અસર પડશે ને અખાતના દેશોમાં રહેતા ભારતીયોને મુશ્કેલીઓ પડશે તેથી ત્યાંથી આવતા નાણાંના પ્રવાહમાં પણ ઓટ આવશે. આ બધાં કારણોસર આર્થિક ફટકો તો પડશે જ પણ પાકિસ્તાનની જેમ બધું બંધ કરી દેવાની નોબત નહીં આવે તેની ગેરંટી છે.

આપણી પાડોશમાં જ યુદ્ધ ચાલતું હોય તેની કિમત ચૂકવવી જ પડે પણ ભારત એટલે બહું મોટી કિમત નહીં ચૂકવે કે ભારતનું સામાન્ય જનજીવન મહ્દ અંશે આત્મનિર્ભર છે. પેટ્રોલ-ડીઝલ કે ઉદ્યોગો માટેના કાચા માલને બાદ કરતાં ભારતમાં બાકીની ચીજો એટલા પ્રમાણમાં થાય છે કે, સામાન્ય લોકોના જીવનને અસર ના થાય.

આપણી સરકાર કશું ના કરે કે દુનિયાના બીજા દેશોમાં આભ તૂટી પડે તો પણ આપણું કામ ચાલી જાય એવું આર્થિક સ્વાવલંબન આપણે આઝાદી પહેલાંથી મેળવી લીધેલું તેથી બહુ ચિંતા કરવી નહીં. યુદ્ધ જલદી પતે તો સારું પણ ડોનલ્ડ ટ્રમ્પ ને ખામેનેઈ જેવા માથાના ફરેલા માણસોના કારણે યુદ્ધ લેવાઈ શકે છે તેથી તેની માનસિક તૈયારી રાખવી.

**ઉપગ્રહો અને યાન પર પ્રયોગો દરમિયાન સેંકડો ટુકડા ફેલાઇ જાય છે**

# અંતરિક્ષમાં કચરાના કારણે ચિંતા

■ **મોટા ભાગના ટુકડા પૃથ્વી તરફ પડીને ભસ્મીભુત થઇ જાય છે પરંતુ કેટલાક ટુકડા પૃથ્વીની નજીકની સપાટીમાં વર્ષો સુધી સ્થાપિત રહે છે**

અંતરિક્ષમાં કચરાના કારણે ચિંતા સતત વધી રહી છે. અંતરિક્ષમાં કોઇ પણ દેશ દ્વારા ઉપગ્રહ અથવા તો યાન પર કરવામાં આવેલા વિધ્વંશક પ્રયોગના કારણે સેંકડો ટુકડા અંતરિક્ષમાં ફેલાઇ જાય છે. જે પૈકી મોટા ભાગના ટુંકડા પૃથ્વી તરફ પડીને ભસ્મ થઇ જાય છે. પરંતુ કેટલાક ટુકડા પૃથ્વીની નજીકની સપાટીમાં પ્રવેશ કરી જાય છે. જ્યાં આ ટુકડા વર્ષો સુધી રહે છે. જાણકાર ભારતીય નિષ્ણાંતો કહે છે કે અંતરિક્ષ કચરાના નિકાલ માટે કામ કરવાની જરૂર દેખાઇ રહી છે. વર્ષ ૧૯૮૩માં અંતરિક્ષમાં નાસાના સ્પેસ શટલની વિન્ડ શિલ્ડના પેન્ટથી એક કણ ટકરાઇ જવાના કારણે સમસ્યા સર્જાઇ હતી. જેના કારણે તેમાં એક નાનકડા ખાડા જેવી સ્થિતી સર્જાઇ ગઇ હતી. આ બાબત ખુબ જ ચિતાજનક રહી હતી. કારણ કે આના કારણે અંતરિક્ષ યાત્રીઓની જાનને ખતરો હોઇ શકે છે. જો કે પૃથ્વીની નજીકની સપાટીમાં આવા સંઘર્ષની સમસ્યા ઓછી જોવા મળે છે. આંકડા પર નજર કરવામાં આવે તો આ વર્ષના આરંભમાં એકથી ૧૦ સેન્ટીમીટર આકારના ટુંકડાની સંખ્યા ૧૦ લાખ હતી. જ્યારે એક સેન્ટીમીટરથી ઓછા આકારવાળા આમાંખુબ વધારે હશે. જ્યારે ૧૦ સેન્ટીમીટરથી વધારે મોટા ટુકડાની સંખ્યા ૩૪૦૦૦ કરતા વધારે છે. ઈતિહાસમાં ચોથી ઓક્ટોબર ૧૯૫૭નો દિવસ કોઇ સામાન્ય દિવસ ન હતો. આ દિવસે પ્રથમ વખત માનવી દ્વારા અંતરિક્ષમાં એક અભૂતપૂર્વ ઉંડાણ ભરી હતી. એ વખતે સોવિયત સંઘદ્વારા સ્પુતનિક-૧ નામના કૃત્રિમ ઉપગ્રહને પૃથ્વીની કક્ષામાં સ્થાપિત કરવામાં સફળતા મેળવી હતી. આ ૫૮ સેન્ટીમીટરનમા આકારના એક ધાતુના કદમાં સાધન હતુ. જેમાં ચાર બહારના એન્ટિના લાગેલા હતા. આ કારનામાના કારણે અંતરિક્ષને જાણે એકાધિકારમાં લેવા માટે એક પ્રકારની સ્પર્ધા શરૂ કરવામાં આવી હતી. જે હજુ સુધી જારી છે. આ સ્પર્ધાનો હવે અંત આવે તેમ લાગતુ નથી. આનાથી અલગ એક ટેકનોલોજીમાં ક્રાન્તિની શરૂઆત હતી. જેમાં એવા મોટા ભાગના દેશો સામેલ થઇ ગયા હતા જે અંતરિક્ષમાં મોટી સફળતા હાંસલ કરવા માટે ઈચ્છુક હતા. હવે તો અનેક દેશોના ભુ ઉપગ્રહો સંચાર વ્યવસ્થા રિમોટ સેન્સિંગ, મિલેટરીને સમર્પિત અને વૈજ્ઞાનિકોના અભ્યાસ માટે અંતરિક્ષમાં સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. આ તમામ ઉપગ્રહો સ્થાપિત કરવામાં આવ્યા બાદ અંતરિક્ષમાં કચરાને લઇને પણ સમસ્યા ઉભી થઇ રહી છે. કેટલાક દેશો તો હાલમાં માનવ સહિત અંતરિક્ષ યાત્રાની તૈયારીમાં લાગેલા છે. સામાન્ય રીતે પ્રશ્ન કરવામાં આવે છે કે અંતરિક્ષ ક્યાં છે. આનો સરળ જવાબ જાણીતા વૈજ્ઞાનિક પ્રેડ હોએલે આપ્યો છે. તેમનુ કહેવુ છે કે માત્ર ૧૦૦ કિલોમીટરની ડ્રાઇવ જેટલુ દુર છે. આના માટે આકાશની તરફ જવાની જરૂર છે આ ઉંચાઇ પર પૃથ્વીનુ વાતાવરણ લગભગ નહીની સ્થિતીમાં છે.

આ ઉંચાઇ પર પરત ફરતા ફરતા અંતરિક્ષ યાન અથવા તો ઉપગ્રહોના વિઘટનની પ્રક્રિયા શરૂ કરવામાં આવે છે. કોઇ પણ વસ્તુ માટે રિ એન્ટ્રી અથવા તો બાહરના અંતરિક્ષથી વાતાવરણમાં પ્રવેશ કરવાની બાબત અથવા તો માનવી સહિત અંતરિક્ષ યાન માટે ઘર વાપસી પણ આ ઉચાઇથી થાય છે. મોટા ભાગના ભૂ ઉપગ્રહો પૃથ્વીની નજીકની સપાટીમાં સ્થાપિત કરવામાં આવે છે. જે ૪૦૦થી ૧૦૦૦ કિલોમીટરની ઉંચાઇ પર હોય છે. આ તમામ સપાટી ધ્રુવોથી ૨૦થી ૩૦ ડિગ્રીના કોણની અંદર રહે છે. તેમને ધ્રુવીય ઉપગ્રહ કહેવામાં આવે છે. તેમના પરિભ્રમણ કાળની અવધિ ૯૦ મિનિટ સમાન હોય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે સૌથી ઉપર ભુ સ્થિર સપાટી છે. ભુ ઉપગ્રહો મોટા ભાગે પૃથ્વીની નજીકની સપાટીમાં સ્થાપિત કરવામાં આવે છે આ જ સપાટીમાં અંતરિક્ષ યાનના વિસર્જિત હિસ્સા પણ જુદી જુદી સપાટીમાં બેસે છે. અનેક ઉપગ્રહો લોંચના કારણે સ્થિતી એ થઇ છે કે આની સંખ્યા હવે લાખોમાં થઇ ગઇ છે. આ લાંબા સમય સુધી પૃથ્વીની નજીકની સપાટીમાં પરિભ્રમણ કરે છે. અંતરિક્ષમાં કચરાને અનેક રૂપમાં જોઇ શકાય છે. જેમાં રોકેટના બુસ્ટર, મૃત ઉપગ્રહો, હાર્ડવેયરના ટુકડા, અને આંતરરાષ્ટ્રીય સ્પેશન સ્ટેશનની બહાર આના યાત્રીઓ દ્વારા છુટી ગયેલી ચીજો સામેલ છે. અહીં એવા ઉપગ્રહો પણ છે જે અંતરિક્ષમાં કોઇ કારણસર નિષ્ક્રિય થઇ ગયા છે અથવા તો ટુટી ગયા છે. નાના નાના ટુકડા પણ ભરપુર એનર્જી રાખે છે. અંતરિક્ષ યાન માટે ૧૦ સેન્ટીમીટર અથવા તો તેનાથી મોટા ટુકડા ખતરા બની શકે છે. અંતરિક્ષ કચરાને દુર કરવા માટે અમેરિકા સહિતના તમામ નિષ્ણાંત દેશો જુદા જુદા વિકલ્પ પર કામ કરી રહ્યા છે. મજબુત ઈચ્છાશક્તિ સૌથી ઉપયોગી ચીજ રહેલી છે.

**ચિંતાની બાબત : બંગાળમાં તો સ્થિતી ખુબ દયનીય બની ચુકી છે...**

# માનવ તસ્કરી : એક મોટી સમસ્યા છે

### માનવ તસ્કરીનો શિકાર થયેલી ૨૬ ટકા મહિલાઓ દેહ વેપારમાં બાળપણમાં જ ધકેલી દેવાય છે : મહિલાઓ જાતિય શોષણનો શિકાર

માવ તસ્કરીના મામલા ચિંતાજનક રીતે વધી રહ્યા છે. દેશના અનેક રાજ્યોમાં તો આ સમસ્યા ખુબ ગંભીર બની ચુકી છે. ખાસ કરીને પશ્ચિમ બંગાળમાં માનવ તસ્કરીની સ્થિતી સૌથી દેયનીય બનેલી છે. ભારતમાં તસ્કરી કરવામાં આવેલા દરેક પાંચ મામલામાં ત્રણ મામલા બાળકોના રહેલા છે. જે વધારે ચિંતા ઉપજાવે છે. ઈન્ડિયા સ્પેન્ડના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૨૦ના આંકડા મુજબ પશ્ચિમ બંગાળમાં સૌથી વધારે સંખ્યામાં બાળકોના તસ્કરીના કેસ સપાટી પર આવ્યા છે. બંગાળમાં સૌથી વધારે હાલત કફોડી દેખાઇ છે. એટલે કે કુલ મામલામાં ૩૪ ટકા મામલાનો માત્ર બંગાળના રહ્યા છે. નેશનલ ક્રાઇમ રિકોર્ડ બ્યુરોના આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે આમાંથી ૮૬ ટકા એટલે કે ૨૬૮૭ યુવતિઓ નિકળી છે. વર્લ્ડ વિજન ઈન્ડિયાના અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ૫૯ ટકા કિશોરીઓને તસ્કરીથી બચાવી લેવાને લઇને કોઇ માહિતી નથી. ૭૨ ટકા લોકોને તો એ અંગે પણ માહિતી નથી જે તેમની મદદ કરી શકે છે. તસ્કરીનો શિકાર થયેલી ૫૦ ટકા મહિલાઓ જાતિય શોષણનો શિકાર થઇ રહી છે. ૨૬ ટકા જેટલી મહિલાઓ દેહ વેપારમાં બાળપણમાં ધકેલી દેવામાં આવે છે. બંગાળમાં એક મોટો હિસ્સો બાંગ્લાદેશ, નેપાળ, ભુટાણ,બિહાર, ઓરિસ્સા, ઝારખંડ અને સિક્કિમ તેમજ આસામની સરહદ સાથે જોડાયેલ છે. આના કારણે તસ્કરી વધારે સરળ બની જાય છે. રાજસ્થાનમાં પણ હાલત સારી નથી. બંગાળની વાત કરવામાં આવે તો અહીં વર્ષ ૨૦૨૦માં ૩૧૧૩ બનાવો બન્યા હતા. રાજસ્થાનમાં પણ ઓછા તસ્કરીના બનાવો રહ્યા ન હતા. રાજસ્થાનમાં ૨૫૧૯ જેટલા તસ્કરીના બનાવો બન્યા હતા. ગરીબી અને હતાશાના કારણે કોઇ પણ વ્યક્તિ બિનસુરક્ષિત અનુભવ કરે છે. ગરીબી અને હતાશા લોકોને બિનસુરિક્ષત પ્રવાસ તરફ ખેંચી જાય છે.

જયાં આ હતાશ અને દુખી લોકો વધારે મુશ્કેલીમાં મુકાઇ જાય છે અને માનવ તસ્કરીનો શિકાર થઇ જાય છે. યુવતિઓ અને મહિલાઓ તો દેહ વેપારનો શિકાર થઇ જાય છે. આ આંકડો ૨૬ ટકાની આસપાસ રહે છે. ૫૦ ટકા કરતા વધારે મહિલાઓ જાતિય શોષણનો શિકાર થઇ જાય છે. નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૦માં ભારતમાં ૧૫૩૭૯ લોકોની તસ્કરી ભારતમાં થઇ હતી. જે પૈકી ૫૪ ટકા તો મહિલાઓ હતી. મહિલાઓની સંખ્યા આમાંથી ૪૯૧૧ જેટલી નોંધાઇ છે. આવી જ રીતે ૪૬ ટકા યુવકોની તસ્કરી કરવામાં આવી છે. આ સંખ્યા ૪૧૨૩ જેટલી છે. રિપોર્ટ તસ્કરી માટે જુદા જુદા કારણ દર્શાવે છે. જે પૈકી એક કારણ લગ્નની લાલચ પણ છે. વર્લ્ડ વિજન ઈન્ડિયાના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે દેહ વેપાર માટે થતી તસ્કરીમાં મોટા ભાગે પહેલા લગ્ન કરવાની લાલચ આપવામાં આવે છે. આ મામલા બોયફ્રેન્ડની સાથે ભગાડી દેવાના મામલા સામેલ છે. યુવતિઓને લગ્ન કરવાની અને નોકરી આપવાની લાલચ આપીને ફસાવી દેવામાં આવે છે. આ દિશામાં વધારે સક્રિયતા સાથે આગળ વધવાની જરૂર છે. કાયદાઓને વધારે કઠોર રીતે લાગુ કરવા અને પોલીસ વધારે ગંભીરતા સાથે આગળ વધે તે જરૂરી છે. શકમંદો પર નજર રાખવાની પણ જરૂર દેખાઇ રહી છે. માનવ તસ્કરી આજની સમસ્યા નથી. વર્ષોથી આ સમસ્યા રહેલી છે. પરંતુ આને રોકી પણ શકાય છે. આના માટે મજબુત ઈચ્છાશક્તિ અને યોગ્ય કાયદાને અમલી કરવાની જરૂર દેખાઇ રહી છે. માનવ તસ્કરીના કેસો કઇ રીતે રોકી શકાય તેને લઇને સંબંધિત વિભાગોમાં ચર્ચા થઇ રહી છે. સાથે સાથે જુદા જુદા રાજ્યો દ્વારા પગલા પણ લેવામા આવી ચુક્યા છે. પરંતુ આની અસર દેખાઇ રહી નથી. માનવ તસ્કરીનો શિકાર મોટા ભાગે ગરીબ બાળકો અને ગરીબ પરિવાર વધારે બને છે. કારણ કે આવા પરિવારના લોકો તેમના બાળકોને નોકરી અને અન્ય લાલચમાં અન્યત્ર મોકલી દે છે. માનવ તસ્કરીમાં સામેલ લોકોના સકંજામાં આ પરિવારના લોકો સરળતાથી આવી જાય છે. જયારે વાસ્તવિકતા ખુલે છે ત્યાર સુધી તો ખુબ મોડુ થઇ જાય છે. દેશમાં માનવ તસ્કરીના ૧૫ હજારથી વધારે મામલા બની ચુક્યા છે.



# કલાકારોના મોટા ઓન્ટ્રાજ ખર્ચ ખાલી વાતો : તાપસી પન્નુ

## તાપસીએ આ ચર્ચામાં શાહરુખ ખાન અને અક્ષય કુમાર સાથેના અનુભવના ઉદાહરણ આપ્યા

તાપસી પન્નુએ ફિલ્મ ઉદ્યોગમાં કલાકારોના મોટા ઓન્ટ્રાજ અંગે ચાલી રહેલી ચર્ચા પર પોતાનાં વિચાર વ્યક્ત કર્યા છે. તેનાં મતે કેટલાક નિર્માતાઓ દ્વારા કરવામાં આવતી વાતો ઇડસ્ટ્રીની સંપૂર્ણ હકીકત દર્શાવતી નથી.એક ઈન્ટરવ્યુમાં તાપસીએ જણાવ્યું કે તાજેતરમાં કેટલાક પ્રોડ્યૂસર્સે કલાકારો અને તેમની ટીમના વધતા ખર્ચ અંગે ફરિયાદો કરી હતી, જેના કારણે આ મુદ્દે ભારે ચર્ચા થઈ હતી.તાપસીએ કહ્યું, ‘‘હું કેટલાક ઈન્ટરવ્યુ જોતી હતી જેમાં કેટલાક પ્રોડ્યૂસર્સ ફરિયાદ કરી રહ્યા હતા કે સ્ટાર્સ સાથે ઘણો ખર્ચ જોડાયેલો હોય છે અને તેમની પાસે ખુબ મોટું ઓન્ટ્રાજ હોય છે. તેઓ કહી રહ્યા હતા કે સ્ટાર્સ સાથે ચાર–પાંચ લોકો હંમેશા ફરતા હોય છે.’’

પરંતુ તાપસી પન્નુએ સ્પષ્ટ કર્યું કે આ વાત દરેક કલાકાર માટે લાગુ પડતી નથી. ઈન્ડસ્ટ્રીમાં મોટા કલાકારો સાથે કામ કરવાના પોતાના અનુભવનો ઉલ્લેખ કરતાં તેણે જણાવ્યું કે દરેક સ્ટાર સાથે મોટી ટીમ ફરતી હોવાની વાત સાચી નથી.

તાપસીએ કહ્યું, ‘‘સૌ પ્રથમ તો દરેક સ્ટાર માટે આવું નથી. મેં ઈન્ડસ્ટ્રીના બે સૌથી મોટા સ્ટાર્સ શાહરુખ ખાન અને અક્ષય કુમાર સાથે કામ કર્યું છે, તેમજ અમિતાભ બચ્ચન સાથે પણ. જ્યારે હું શાહરુખ સર સાથે કામ કરતી હતી ત્યારે તેમની આસપાસ એટલા લોકો નહોતા. બધા કલાકારો પાસે મોટું ઓન્ટ્રાજ હોય છે એવી વાત માત્ર વાતો છે.’’

તાપસીએ કહ્યું, ‘‘હા, કેટલાક કલાકારો પાસે ખરેખર મોટી ટીમ હોય છે. પરંતુ મારો પ્રશ્ન એ છે કે જે લોકો ઈન્ટરવ્યુમાં આ અંગે ફરિયાદ કરે છે અને જેમને આ બાબતથી તકલીફ છે, તેઓ જ એવા સ્ટાર્સને કામ પણ આપે છે.’’

તાપસીએ ઉમેર્યું કે બહારથી જોતા આ ચર્ચા ઘણી વાર વિરોધાભાસી લાગે છે. ‘‘આ ઈન્ડસ્ટ્રીમાં એટલી માંગ કરવાના કારણે આ કલાકારોને પણ ઘણા લોકો સનકી કહે છે, પરંતુ પછી એ જ પ્રોડ્યુસર્સ તેમને કામ આપે છે. તો પછી તમે કંઈ બદલાવ લાવો અથવા ફરિયાદ ન કરો.’’છેલ્લે તાપની અસ્સી ફિલ્મ રિલીઝ થઈ હતી. આગામી સમયમાં તાપસી પન્નુની કેટલીક નવી ફિલ્મ પર કામ પણ ચાલી રહ્યું છે. જેમાં ગાંધારી ફિલ્મનો સમાવેશ થાય છે, જે ટૂંક સમયમાં નેટફ્લિક્સ પર પ્રીમિયર થવાની છે.




# ‘ધુરંધર : ધ રિવેન્જ’’એ રિલીઝ પહેલાં જ પેઇડ પ્રિવ્યૂમાં ‘સ્ત્રી ૨’ને પાછળ છોડી

## ફિલ્મને ૧૦૦ કરોડનું ઓપનિંગ મળશે એવી એનાલિસ્ટ્સની આગાહી

રણવીર સિંહની આવનારી એક્શન થ્રિલર ‘ધુરંધરઃ ધ રિવેન્જ’ રિલીઝ પહેલાં જ બોક્સ ઓફિસ પર મજબુત પ્રદર્શનના સંકેત આપી રહી છે. ફિલ્મના પેઈડ પ્રિવ્યુ માટે થયેલી એડવાન્સ બુકિંગ્સથી બોલિવૂડમાં નવો રેકોર્ડ બન્યો છે. અત્યાર સુધીમાં ફિલ્મે લગભગ ૨ લાખ ટિકિટ વેચી છે અને લગભગ ૯ કરોડની કમાણી નોંધાવી છે.

આ ટિકિટમાંથી લગભગ ૧.૪૧ લાખ ટિકિટ તો પીવીઆર અને સિનેપોલિસ જેવી મલ્ટિપ્લેક્સ ચેઈન્સમાં જ વેચાઈ છે, જે કુલ આવકના લગભગ ૮૦ ટકા જેટલું યોગદાન આપે છે. નોંધનીય છે કે આ સિદ્ધિ ફિલ્મનો એકપણ શો ચાલ્યા વગર, માત્ર બે દિવસનાં પ્રી-સેલ્સમાં જ પ્રાપ્ત થઈ છે અને ફિલ્મની રિલીઝ માટે હજુ દસ દિવસનો સમય બાકી છે.

આ સાથે ‘ધુરંધરઃ ધ રિવેન્જ’ હવે બોલિવુડમાં સૌથી વધુ પેઈડ પ્રિવ્યુમાં કમાણી કરનાર ફિલ્મ બની છે, કારણ કે તેણે ‘સ્ત્રી ૨’ના ૮.૭૫ કરોડના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. હવે સૌની નજર ભારતના કુલ પ્રિવ્યુ રેકોર્ડ પર છે, જે હાલમાં ‘ધે કૉલ હિમ ઓજી’ના નામે છે. આ ફિલ્મે પ્રિવ્યુ માટે લગભગ ૨૬ કરોડની કમાણી કરી હતી.

ટ્રેડ એનાલિસ્ટ્સ માને છે કે ‘ધુરંધરઃ ધ રિવેન્જ’ તેની આગળની ફિલ્મ કરતાં મોટી કમાણી કરી શકે છે. ટિકિટ વેચાણ હવે આગામી દિવસોમાં પણ ચાલુ રહેવાની સંભાવના છે. ટ્રેડ વિશ્લેષકોનું માનવું છે કે શરૂઆતમાં વેચાણનો દર થોડો ધીમો પડી શકે, પરંતુ ત્યારબાદ તે સ્થિર રહેશે. ફિલ્મની રિલીઝ સુધીના દસ દિવસમાં પ્રિવ્યુ આવક લગભગ ૨૦ કરોડ નજીક પહોંચી શકે છે, કદાચ તેનાથી વધુ પણ થઈ શકે.

ફિલ્મની કુલ પ્રિવ્યુ ક્ષમતા હાલમાં ૫૫ કરોડ નેટથી વધુ માનવામાં આવી રહી છે, જે આગળ જઈને ૬૫ કરોડ નેટથી પણ ઉપર જઈ શકે છે. આવી સ્થિતિમાં ફિલ્મ માટે ૩૦ કરોડથી વધુ નેટ પ્રિવ્યુ કમાણી કરવી શક્ય બની શકે છે.

હાલની સ્થિતિમાં ઈદનો તહેવાર ભારતમાં ૨૧ માર્ચે ઉજવાય તેવી શક્યતા છે, જેના કારણે ફિલ્મના ઓપનિંગ ડે પર રાષ્ટ્રીય રજા નહી હોય પરંતુ મુંબઈ અને દક્ષિણ ભારતના મોટા બજારોમાં ઉગાડી અને ગુડી પાડવાના તહેવારોને કારણે રજા રહેશે. તો કેટલાક શહેરોમાં રાત્રે ૯:૩૦થી ૧૦ વાગ્યે શરૂ થતા બીજા શો માટે ઓક્યુપન્સી પર થોડી અસર પડી શકે છે. જો બીજા દિવસે રજા હોત, તો ટ્રેડ અનુસાર ૪૦ કરોડનું ઓપનિંગ મળે એવી શક્યતા હતી. છતાં ફિલ્મ માટેના ઉત્સાહને જોતા આ આંકડાને પણ પાર કરી શકે તેવી શક્યતા નકારી શકાય નહી.

ફિલ્મની એડવાન્સ બુકિંગ ૭ માર્ચે સવારે ૧૧:૦૧ વાગ્યે ટ્રેલર રિલીઝ પછી શરૂ થઈ હતી. માત્ર ૨૪ કલાકમાં ઓનલાઈન એપ પર ૮૭ હજાર ટિકિટ વેચાઈ ગઈ હતી. ત્યારબાદ ૯ માર્ચની સવારે આ આંકડો પ્લેટફોર્મ પર ૧.૫ લાખથી વધુ અને કુલ મળીન ૨ લાખથી વધુ ટિકિટ સુધી પહોંચી ગયો હતો. ટ્રેડ વેબસાઈટ સેકનિક મુજબ, ફિલ્મના પ્રિવ્યુ શોએ દેશભરમાં ૨.૦૬ લાખ ટિકિટ વેચી છે.

આ પ્રિવ્યુ આવકનો મોટો ભાગ હિન્દી વર્ઝનમાંથી આવ્યો છે, પરંતુ તમિલ ડબ્ડ વર્ઝન પણ અપેક્ષા કરતાં વધુ સારું પ્રદર્શન કરી રહ્યું છે, જેનાથી લગભગ ૧૦ લાખ જેટલી આવક

નોંધાઈ છે.

રસપ્રદ વાત એ છે કે માત્ર પ્રિવ્યુ માટે થયેલી એડવાન્સ બુકિંગથી જ ‘ધુરંધર ૨’એ કેટલીક ફિલ્મોના ઓપનિંગ ડે કલેક્શનને પણ પાછળ મૂકી દીધા છે. જેમાં શાહિદની ‘ઓ રોમિયો’ અને ટાઈગર શ્રોફની ‘બાગી ૪’. ‘ધુરંધર ૨’ના પ્રિવ્યુ માટેની ૧૨.૨૯ કરોડની આવક આ બંને ફિલ્મના ઓપનિંગના આંકડાથી વધુ છે.આ સિક્વલમાં રનવીર સિંહ ફરીથી હમઝા ઉર્ફે જસ્કિરત નામના ભારતીય જાસૂસ તરીકે જોવા મળશે, જે કરાચીમાં મિશન હેઠળ છે. ફિલ્મમાં તેના ભુતકાળ અને ૨૬/૧૧ આતંકી હુમલાઓ માટે લિયારીની ગેંગ્સ સામે તેના બદલાની કહાની દર્શાવવામાં આવશે.ફિલ્મમાં અર્જુન રામપાલ, સંજય દત્ત, આર. માધવન, રાકેશ બેદી અને સારા અર્જુન જેવા કલાકારો પણ મહત્વપૂર્ણ ભુમિકાઓમાં જોવા મળશે. મોટી એડવાન્સ બુકિંગ, જબરદસ્ત ચર્ચા અને દર્શકોના ઉત્સાહને જોતા ‘ધુરંધરઃ ધ રિવેન્જ’ ૧૯ માર્ચે રિલીઝ સમયે બોક્સ ઓફિસ પર મોટી શરૂઆત કરવાની પુરી સંભાવના છે.

# આમિર ખાને ‘લાહોર ૧૯૪૭’નું નામ ‘બટવારા ૧૯૪૭’ કરાયું હોવાની અફવા નકારી કાઢી

છેલ્લા કેટલાક દિવસોથી ઈન્ટરનેટ પર દિગ્દર્શક રાજકુમાર સંતોષીની ઐતિહાસિક ડ્રામા ફિલ્મ ‘લાહોર ૧૯૪૭’ના નામમાં ફેરફાર થવાની ચર્ચાઓ ચાલી રહી હતી. સની દેઓલે પણ એક ઈવેન્ટમાં કહ્યું હતું કે તેની ફિલ્મનું નામ બદલાઈ શકે છે. ત્યારે એવી ચર્ચા પણ ચાલી હતી કે આ ફિલ્મનું નવું નામ હવે ‘બટવારા ૧૯૪૭’ રાખવામાં આવ્યું છે.પરંતુ જ્યારે ફિલ્મના નિર્માતા આમિર ખાનને આ અંગે પૂછ્યું, ત્યારે તેણે આ કહેવાતી ટાઈટલ-ચેન્જની ચર્ચા પર હસીને જવાબ આપ્યો હતો. તેણે કહ્યું, ‘‘તમે આ ક્યાં સાંભળ્યું? નહી, અમારી ફિલ્મનું નામ બદલાયું નથી. હાલ માટે તો ફિલ્મનું નામ ‘લાહોર ૧૯૪૭’ જ છે અને હું પણ ઈચ્છું છું કે તે એવું જ રહે.’’કેટલાક લોકોએ એવું માન્યું કે પાકિસ્તાનના શહેરના નામ પર આધારિત ભારતીય ફિલ્મને ભારતના દર્શકો તરફથી સારો પ્રતિસાદ નહી મળે તેથી ફિલ્મનાં નામ ‘લાહોર ૧૯૪૭’ અંગે ચર્ચા શરૂ થઈ હતી. પરંતુ આમિર ખાને જણાવ્યું કે, તેની આવા દબાણ સામે ઝુકવાની કોઈ ઈચ્છા નથી.હકીકતમાં સમસ્યા બીજી છે, નિર્માતા-દિગ્દર્શક સુનીલ દર્શન પાસે ‘લાહોર’ નામના ટાઈટલના હક્કો છે. આ મુદ્દે હાલમાં ચર્ચા ચાલી રહી છે અને આ મામલો ખુબ જલદી ઉકેલાઈ જશે. આથી સ્પષ્ટ છે કે ફિલ્મનું નામ ‘લાહોર ૧૯૪૭’ જ રહેશે, ‘બટવારા ૧૯૪૭’ નહી.ફિલ્મ ‘લાહોર ૧૯૪૭’ પ્રસિદ્ધ નાટક ‘જિસ લાહોર નઈ વેખ્યા’ પરથી પ્રેરિત છે. આ ફિલ્મમાં સની દેઓલ, શબાના આઝમી અને પ્રિટી ઝિન્ટા સહિત અનેક જાણીતા કલાકારો મહત્વની ભૂમિકામાં જોવા મળશે.




# ફિલ્મોમાંથી મજા, ઉત્સાહ, રંગો, ગીતો, પ્રેમ કે રોમાંસ ગાયબ થઇ ગયાં : કરીના

કરીના કપૂર હંમેશા બોલિવૂડના મસાલા મુવીઝની પ્રશંસક રહી છે અને ફિલ્મપણાની મજા લેતી રહી છે. તેથી હાલની ફિલ્મોના ટ્રેન્ડ અંગે તેણે કેટલીક ફરિયાદ કરી છે. તાજેતરમાં હિન્દી સિનેમામાં વધતા હાઈપર-મસ્ક્યુલિન એક્શન ફિલ્મોના પ્રભાવ અને હિંસા તથા ભવ્ય દેખાડા પર વધતા ધ્યાન અંગે વાત કરી હતી. એક ડિજીટલ પ્લેટફર્મના ઈન્ટરવ્યુમાં કરીનાએ જણાવ્યું કે હાલમાં ફિલ્મોમાં લાગણીઓ અને મનોરંજન કરતાં આક્રમકતા અને લોહી લૂહાણ દૃષ્યોને વધુ મહત્વ આપવામાં આવી રહ્યું છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં એનિમલ, જવાન અને પઠાણ જેવી મોટા બજેટની એક્શન ફિલ્મોએ બોક્સ ઓફિસ પર દબદબો જમાવ્યો છે, જેના કારણે ચર્ચા શરૂ થઈ છે કે હિંસાત્મક એક્શન અને તેને ભવ્ય રીતે દર્શાવવું હવે સિનેમાનું વ્યાવસાયિક રીતે સૌથી સફળ સ્વરૂપ બની રહ્યું છે કે નહી.

ચર્ચા દરમિયાન કરીનાએ જણાવ્યું કે હાલમાં આવતી ફિલ્મોમાં એક સમયે મુખ્યધારાની બોલિવૂડ ફિલ્મોમાં મનોરંજનની ઓળખ હતાં તે તત્વોની ગેરહાજરી જોવા મળે છે. કરીનાએ કહ્યું કે નવો ટ્રેન્ડ ખુશી, રોમાન્સ અથવા સંગીત કરતાં આક્રમકતા અને દેખાડા પર વધુ ભાર મુકે છે — જ્યારે તેના મત મુજબ આ જ તત્વો હિન્દી સિનેમાને રંગ અને ઊર્જા આપતાં હતાં.

આ જ ચર્ચામાં કરીના સાથે



હાજર રહેલી સાઉથની એક્ટ્રેસ કલ્યાણી પ્રિયદર્શને જણાવ્યું કે ઈન્ડસ્ટ્રીમાં ટ્રેન્ડ નક્કી કરવામાં દર્શકોની પસંદગી પણ મહત્વની ભુમિકા ભજવે છે. તેના જણાવ્યા મુજબ સિનેમાની દિશા ફક્ત નિર્માતાઓ નક્કી કરતા નથી, પરંતુ દર્શકો શું પસંદ કરે છે તે પણ એટલું જ મહત્વનું છે.

હાલના ટ્રેન્ડ અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં કલ્યાણીએ કહ્યું, ‘‘હાલમાં હું તેને એક ટ્રેન્ડ કહીશ કારણ કે મને લાગે છે કે આ માત્ર ટ્રેન્ડ છે અને લાંબો સમય નહી ચાલે. પરંતુ ટ્રેન્ડ હંમેશા દેખાડા વિશે રહ્યો છે. દરેક સીન સેન્સેશનલ અને ચોંકાવનારો હોવો જોઈએ. મને લાગે છે કે હિંસા અને સહેલાઈથી ચોંકાવી દે તેવી વસ્તુઓને ભવ્ય રીતે બતાવવું સરળ બને છે. લોકો માને છે કે આ જ વસ્તુથી સિનેમા વેચાય છે. મને નથી લાગતું કે, હાલમાં આ જ તત્વોથી સિનેમા વેચાય છે, પરંતુ મને લાગે છે કે ઇડસ્ટ્રી તે દિશામાં જઈ રહી છે. આપણે નાની ફિલ્મો, નાની પળો અને ઘણી ભાવનાત્મક તથા અંગત ક્ષણોને ગુમાવી રહ્યાં છીએ, જે મને થોડું ડરાવે છે.’’

તેની સાથે સહમત થતાં કરીનાએ ઉમેર્યું, ‘‘હવે બધું થ્રિલર, ક્રાઈમ, લોહીલૂહાણ દશ્યો અને લોહી વિશે છે. મજા, ઉત્સાહ, રંગ, ગીત, પ્રેમ કે રોમાન્સ બધું ગાયબ થઈ ગયું છે.’’ તેમજ તેણે સ્વીકાર્યું કે હાલમાં તેને મહિલાઓ માટે અર્થપૂર્ણ ભૂમિકાઓ ધરાવતી સ્ક્રિપ્ટ્સ પુરતાં પ્રમાણમાં નથી મળતા.

# તમે કોઈ એક લિંગના હો એટલે તમને વધુ કે ઓછું વેતન મળે એ અયોગ્ય

સૈફ અલી ખાન તાજેતરમાં પોતાની બહેન સોહા સાથે બોલીવૂડમાં લિંગ આધારિત વેતનની અસમાનતા અંગે ચર્ચામાં જોડાયો હતો, તેની સાથે સોહાનો પતિ અને એક્ટર કુનાલ ખેમુ પણ હતો.

ફિલ્મ ઉદ્યોગમાં પે-પેરિટી (સમાન વેતન) અંગેની ચર્ચા ફરી એકવાર તેજ બની છે અને આ વખતે સૈફ અલી ખાને પણ પોતાના વિચારો પ્રગટ કર્યા છે. પોતાની બહેન સોહા અલી ખાનની પોડકાસ્ટમાં વાત કરતાં સૈફે બોલિવૂડમાં લાંબા સમયથી ચાલતી લિંગ આધારિત વેતનના તફાવતની ચર્ચા કરી હતી.સૈફે જણાવ્યું કે સમાન સ્થાન ધરાવતા કલાકારોને આદર્શ રીતે તો સમાન વેતન મળવું જોઈએ. જોકે તેણે ભારપુર્વક કહ્યું કે ફિલ્મ વ્યવસાયમાં વેતનનો મુદ્દો મોટાભાગે બોક્સ-ઓફિસની આર્થિક બાબતો સાથે જોડાયેલો હોય છે.સૈફે કહ્યું, ‘‘જો કલાકારો સમાન સ્તર ધરાવતા હોય, તો તેમને



સમાન રકમ મળવી જોઈએ. પરંતુ મને એવું પણ લાગે છે કે આર્થિક વ્યવસ્થા એક ચોક્કસ રીતે કામ કરે છે. જો તમે થિયેટરમાં લોકોને લાવી શકો છો, તો તમને તે પ્રમાણે વળતર ચુકવાય છે. આ સંબંધ દરેકને સમજાય છે.’’

સૈફે વધુમાં સમજાવ્યું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં વળતર મુખ્યત્વે અભિનેતા બોક્સ-ઓફિસ કેટલી કમાણી કરી શકે છે, તેના પર આધારીત હોય છે, લિંગ પર નહી. સૈફે આગળ ઉમેર્યું, ‘‘ફક્ત તમે કોઈ ચોક્કસ લિંગના છો તો તમને વધુ કે ઓછું વેતન મળવું જોઈએ એવું ન હોય. આ હકીકતમાં એક સંતુલિત આર્થિક સિસ્ટમ છે, જ્યાં લોકો સ્પષ્ટ રીતે જાણે છે કે આ વ્યક્તિ સુપરસ્ટાર છે કારણ કે તેના નામે થિયેટર ભરાય છે. તેઓ પોતાની કિંમત જાણે છે, તે મુજબ ચાર્જ કરે છે અને તેમને તે મુજબ વેતન મળે છે.’’

જ્યારે એક્ટર અને પ્રોડ્યુસર કુનાલ ખેમુએ જ ચર્ચા દરમિયાન ઈન્ડસ્ટ્રીમાં કલાકારોની ફી કેવી રીતે નક્કી થાય છે તે અંગે વાત કરી અને ફિલ્મનાં વિતરણ તથા ટેરિટરી સેલ્સ સાથે જોડાયેલા લાંબા સમયથી ચાલતા આર્થિક મોડેલનો ઉલ્લેખ કર્યો.

કુનાલના કહેવા મુજબ, બજારમાં અભિનેતાઓની કિંમત નક્કી કરવા પાછળ હંમેશાં એક સ્પષ્ટ ગણતરી રહેલી છે. ‘‘આ એક ગણિતનો ભાગ છે — ફિલ્મ ચાલશે કે નહી એ અલગ બાબત છે. અગાઉ વિતરકો જાણતા હતા કે જો મારી પાસે આ અભિનેતા હોય તો હું કોઈ ચોક્કસ ટેરિટરીને ચોક્કસ રકમમાં વેચી શકું છું અને તે રકમ રિકવરીનો ભાગ બની જાય છે.’’ એમ તેમણે કહ્યું.

આ ચર્ચાએ સ્પષ્ટ કર્યું કે બોલિવૂડમાં સ્ટાર પાવર, વિતરણની કિંમત અને દર્શકોને થિયેટર સુધી ખેંચવાની ક્ષમતા પરંપરાગત રીતે વેતનના સ્તર નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવતી આવી છે.

# અમિતાભ બચ્ચન શ્રીરામના શરણે : અયોધ્યામાં વધુ જમીન ખરીદી

મેગાસ્ટાર અમિતાભ બચ્ચને અયોધ્યામાં જમીન ખરીદી છે. રામમંદિરથી ૬ કિલોમીટર દુર માઝા તિહુરામાં તેમણે આ જમીન ખરીદી છે. શુક્રવારે અમિતાભ બચ્ચન તરફથી તેનું રજીસ્ટ્રેશન કરાવાયું છે. એક રિયલ એસ્ટેટ કંપનીએ તેમને ૧૦૬૧૭ વર્ગ મીટર જમીન ૨૫ કરોડ રૂપિયામાં વેચી છે.અમિતાભ બચ્ચન તરફથી સબરજીસ્ટ્રાર કાર્યાલયમાં પાવર ઓફ એટર્ની રાજેશ ઋષિદેવ યાદવે હસ્તાક્ષર કર્યા. જયારે વિક્રેતા કંપની તરફથી અધિકૃત પ્રતિનિધિ પવન શારદાએ રજીસ્ટ્રી કરી.ઈન્ચાર્જ સબ રજીસ્ટ્રાર મસ્તરામ ગુપ્તાએ જણાવ્યું હતું કે આ જમીન ૨૫ કરોડ ૨૦ લાખ રૂપિયામાં ખરીદાઈ છે. જમીનના આ સોદા માટે એક કરોડ ૭૬ લાખ ૪૦ હજાર સ્ટેમ્પ ડ્યુટી જમા કરાઈ છે.રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠા બાદ ૨૦૨૪માં આ જમીન માટે એગ્રીમેન્ટ કરવામાં આવ્યું હતું.



# ભારતીય ટીમ પર બીસીસીઆઈ મહેરબાન, ૧૩૧ કરોડ બોનસ આપશે

## ખેલાડીઓ, ટીમના કોચિંગ સ્ટાફ, સપોર્ટ સ્ટાફ અને પસંદગીકારોને પણ ઇનામી રકમની વહેંચણી કરાશે




અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગત રવિવારે રમાયેલી ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં ન્યૂઝીલેન્ડને હરાવી ભારતીય ક્રિકેટ ટીમ ચેમ્પિયન બની હતી. ભારતીય ટીમે સતત બીજો અને કુલ ત્રીજો ટી-૨૦ વર્લ્ડ કપ જીતતાં બીસીસીઆઈએ ટીમ ઈન્ડિયાની આ ઐતિહાસિક સિદ્ધિ બદલ રૂ. ૧૩૧ કરોડના ઈનામની જાહેરાત કરી છે. આ રૂ.૧૩૧ કરોડની રકમ ફક્ત ખેલાડીઓને જ નહીં, પરંતુ ટીમના કોચિંગ સ્ટાફ, સપોર્ટ સ્ટાફ અને પસંદગીકારોને પણ વહેંચવામાં આવશે. આ ઈનામી રકમ ICC દ્વારા અપાયેલા આશરે રૂ.૨૭.૪૮ કરોડ સિવાયની રકમ છે.

ભારતીય ટીમે આ વખતે વર્લ્ડ કપ જીતતાં રેકોર્ડ ત્રીજી વખત ટાઈટલ પોતાના નામે કરી રેકોર્ડ બનાવ્યો છે. આ વર્લ્ડ કપ પહેલાં વેસ્ટ ઈન્ડીઝ (૨૦૧૨ અને ૨૦૧૬)માં ઇંગ્લેન્ડની ટીમ (૨૦૧૦ અને ૨૦૨૨)માં જ્યારે ભારતીય ટીમ (૨૦૦૭ અને ૨૦૨૪)માં જીતી હતી.

આ વખતે ભારતે પોતાની યજમાનીમાં વર્લ્ડ કપ જીતવાની સાથે ટાઈટલ જાળવી રાખતાં ૨૦૨૬માં ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. બોર્ડના અધિકારીઓ માને છે કે ઘરઆંગણે ટાઈટલ જાળવી રાખવું એ એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે, તેથી ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે આ રકમ વધારવામાં આવી છે. આ વર્લ્ડ કપ દરમિયાન ટીમ ઈન્ડિયાના ખેલાડીઓએ અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું હતું. ભારતે ન્યૂઝીલેન્ડ સામે ફાઈનલ મેચ એકતરફી જીતી હતી.

જ્યારે ભારતે, રોહિત શર્માની કેપ્ટનશીપ હેઠળ, ૨૦૨૪માં દક્ષિણ આફ્રિકાને હરાવીને T20 વર્લ્ડ કપ જીત્યો, ત્યારે BCCI એ ટીમ ઈન્ડિયા માટે રૂ.૧૨૫ કરોડની ઈનામી રકમની જાહેરાત કરી. તે સમયે, ખેલાડીઓ અને મુખ્ય કોચ રાહુલ દ્રવિડને દરેકને રૂ.૫ કરોડ મળ્યા. આ વખતે, BCCIએ ઈનામી રકમમાં રૂ.૬ કરોડનો વધારો કરીને રૂ.૧૫ કરોડ કર્યા છે, જે ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં સૌથી મોટું બોનસ છે.

# ગુજરાત ટાઇટન્સે IPL ૨૦૨૬ પૂર્વે બેટિંગ કોચ તરીકે મેથ્યુ હેડનની નિમણૂંક કરી



ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઓપનર મેથ્યુ હેડનને ગુજરાત ટાઇટન્સે આજે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ૨૦૨૬ સિઝનમાં બેટિંગ કોચ તરીકે નિમણૂંકની જાહેરાત કરી છે. વર્લ્ડ કપ વિજેતા અને તેમના યુગના સૌથી પ્રભાવશાળી ઓપનિંગ બેટ્સમેનોમાંના એક હેડન ભવ્ય આંતરરાષ્ટ્રીય કારકિર્દી અને આધુનિક સમયના ટી૨૦ બેટિંગ ડાયનેમિક્સમાં કુશળતા સાથે ગુજરાત ટાઇટન્સની ટીમમાં જોડાયા છે. તેઓ ૨૦૨૬ની સિઝન માટે નવા જોશ સાથે તૈયારી કરી રહેલી ફ્રેન્ચાઇઝના સપોર્ટ સ્ટાફને મજબૂત બનાવશે.

આ નિમણૂંક અંગે ગુજરાત ટાઇટન્સના ક્રિકેટ ડિરેક્ટર વિક્રમ સોલંકીએ જણાવ્યું હતું કે, "મેથ્યુની નિમણૂંક અમારી સફરના એક મહત્વપૂર્ણ તબક્કામાં કરવામાં આવી છે. શ્રેષ્ઠતા અને લાંબા ગાળાની સફળતા માટે પ્રતિબદ્ધ ફ્રેન્ચાઇઝી તરીકે, અમે સતત અમારી ક્રિકેટ ઇકોસિસ્ટમને મજબૂત બનાવવા પર ધ્યાન આપી રહ્યા છીએ. ઉચ્ચ સ્તરે તેમનો અનુભવ અને ઉભરતી પ્રતિભાને માર્ગદર્શન આપવાની તેમની ક્ષમતા, આગામી સિઝન માટે અમારી બેટિંગ ઓળખને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે."

પોતાની નિમણૂંક અંગે હેડને જણાવ્યું હતું કે, "સારી બેટિંગ દબાણ ઊભું કરે છે. સારી બેટિંગ રમત પર પોતાનો દબદબો જમાવે છે. ગુજરાત ટાઇટન્સ માટે અમે આ જ માપદંડો સ્થાપવા માંગીએ છીએ."

હેડને ઓસ્ટ્રેલિયા તરફથી વિવિધ ફોર્મેટ્સમાં ૨૭૩ આંતરરાષ્ટ્રીય મેચો રમી છે. તેમણે ૧૫,૦૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય રન બનાવ્યા છે અને અનેક આઈસીસી ટુર્નામેન્ટ જીતવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

બેટિંગ પ્રત્યેના તેમના આક્રમક છતાં ટેક્નિકલી મજબૂત અભિગમે વ્હાઈટ બોલ ક્રિકેટમાં પાવરપ્લેનું પ્રભુત્વ જમાવવા માટે શરૂઆતનો પાયો નાંખ્યો હતો. તેમણે ૩૨ આઈપીએલ મેચો પણ રમી હતી અને લીગની ઉચ્ચ-તીવ્રતાની માંગને અનુરૂપ રમતની શૈલી દર્શાવી હતી.

# અર્શદીપ સિંહને દંડ અને ડિમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યો

## ફાઇનલ મેચમાં અર્શદીપે બોલ સ્ટમ્પ પર ફેંક્યો જે મિશેલને વાગ્યો હતો


અમદાવાદમાં ન્યૂઝીલેન્ડ સામે ૨૦૨૬ના T20 વર્લ્ડ કપની ફાઈનલ દરમિયાન ICC આચારસંહિતાના લેવલ ૧નો ભંગ કરવા બદલ ભારતના ઝડપી બોલર અર્શદીપ સિંહને તેની મેચ ફીના ૧૫% દંડ ફટકારવામાં આવ્યો છે અને એક ડિમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યો છે. તેમણે આચારસંહિતાની કલમ ૨.૯ નો ભંગ કર્યો હોવાનું જાણવા મળ્યું છે જે આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન કોઈ ખેલાડી પર અથવા તેની નજીક અયોગ્ય અને/અથવા ખતરનાક રીતે બોલ (અથવા ક્રિકેટ સાધનોની કોઈપણ અન્ય વસ્તુ) ફેંકવા સંબંધિત છે. આ ઘટના ન્યુઝીલેન્ડના ૨૫૬ રનના પીછો દરમિયાન ૧૧મી ઓવરમાં બની હતી, જ્યારે અર્શદીપે તેના ફોલો-થ્રુ પર બોલ



ફિલ્ડ કર્યો અને તેને સ્ટમ્પ તરફ ફેંક્યો, જેનાથી ડેરિલ મિશેલના પેડ્સ પર વાગ્યો. અર્શદીપ તરત જ માફી માંગ્યા વિના તેના માર્ક પર પાછો ફર્યો, જેના કારણે મિશેલ તેનો સામનો કરવા માટે તેની પાસે ગયો. ભારતના કેપ્ટન સૂર્યકુમાર યાદવ મિશેલ સાથે વાત કરવા માટે આગળ આવ્યો, જ્યારે અમ્પાયર રિચાર્ડ ઈલિંગવર્થ પણ અર્શદીપ સાથે વાતચીત કરતા જોવા મળ્યા. અર્શદીપે આખરે ઓવર પછી મિશેલની માફી માંગી હતી. અર્શદીપે ઘટના અંગે કહ્યું કે, માત્ર મિશેલની માફી માંગવા ગયો હતો, તેણે કહ્યું. મારો થ્રો રિવર્સ-સ્વિંગ થયો અને તેને વાગ્યો તેથી હું તેના માટે માફી માંગવા માંગતો હતો. તે ઈરાદાપૂર્વક નહોતું. બ્લેકકેપ્સ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કરાયેલા એક વીડિયોમાં, અર્શદીપ ફરીથી મિશેલની માફી માંગતો જોવા મળ્યો, જેના પછી જોડીએ હાથ મિલાવ્યા હતા.

# જસપ્રીત બુમરાહ ટી-૨૦ ઓછી, વનડે વધુ રમશે

## ૨૦૨૭ વનડે વર્લ્ડ કપની તૈયારી પર રહેશે ફોકસ, વર્કલોડ મેનેજ કરશે બોર્ડ



ભારતીય ઝડપી બોલર જસપ્રીત બુમરાહ હવે ટી-૨૦ સિરીઝ ઓછી રમશે. તેઓ ૨૦૨૭ વર્લ્ડ કપ સુધી વધુ વનડે મેચ રમશે. ટીમ મેનેજમેન્ટ અને સિલેક્ટર્સ તેમના વર્કલોડને ધ્યાનમાં રાખીને આ રણનીતિ બનાવી રહ્યા છે. જેથી ૨૦૨૭ વર્લ્ડ કપ માટે તેમની તૈયારી વધુ સારી થઈ શકે.

ન્યૂઝ એજન્સી PTIએ BCCIના સૂત્રોને ટાંકીને લખ્યું છે કે આગામી સમયમાં દ્વિપક્ષીય T20 સિરીઝમાં બુમરાહને ઓછી તકો આપવામાં આવી શકે છે. બુમરાહે ૧૯ નવેમ્બર ૨૦૨૩ પછી કોઈ વનડે મેચ રમી નથી. છેલ્લી વાર તેઓ વનડે વર્લ્ડ કપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં વનડે ક્રિકેટ રમવા ઉતર્યા હતા.

ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૭ સુધી T20 ઈન્ટરનેશનલ ટીમને ઓછી પ્રાથમિકતાવાળો ફોર્મેટ માનવામાં આવી રહ્યો છે. આ જ સમયગાળા દરમિયાન જાપાનના આઈચી-નાગોયામાં યોજાનારી એશિયન ગેમ્સમાં ભારતીય ટીમની કપ્તાની સૂર્યકુમાર યાદવ કરી શકે છે.

હવે ICCની આગામી ટુર્નામેન્ટ ૨૦૨૭નો વનડે વર્લ્ડકપ હશે. તે જ વર્ષે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ પણ રમાશે. ૨૦૨૮માં આગામી ટી-૨૦ વર્લ્ડ કપ, ઓલિમ્પિક ગેમ્સ અને ચેમ્પિયન્સ ટ્રોફી શેડ્યૂલ છે.

IPL પછી સિલેક્શન કમિટી, સેન્ટર ઑફ એક્સલન્સ અને ટીમ મેનેજમેન્ટ મળીને આગળની રણનીતિ નક્કી કરશે. IPLમાં બુમરાહ મુંબઈ ઈન્ડિયન્સના પેસ અટેકની આગેવાની કરશે.

૧૯ નવેમ્બર ૨૦૨૩ના રોજ ઑસ્ટ્રેલિયા સામે રમાયેલી વનડે વર્લ્ડ કપ ફાઈનલ પછી બુમરાહે ૪૨ ઈન્ટરનેશનલ મેચ રમી છે. જેમાં ૨૧ ટેસ્ટ અને ૨૧ T20 ઈન્ટરનેશનલ સામેલ છે.

ભારતની મોટી ટુર્નામેન્ટની ઝુંબેશમાં બુમરાહની ફિટનેસ ખૂબ જ મહત્ત્વની રહે છે. આવી સ્થિતિમાં, તેની મેચો અને ફોર્મેટને લઈને ઘણી સાવચેતી રાખવામાં આવશે.

બુમરાહ પાછલા ટી-૨૦ વર્લ્ડ કપના ટોપ વિકેટ ટેકર રહ્યા છે. તેમણે ૧૪ વિકેટ ઝડપી. તેઓ અમદાવાદમાં ન્યુઝીલેન્ડ સામે પ્લેયર ઓફ ધ ફાઈનલ પણ પસંદ કરાયા હતા.

# ભારત વુમન્સ ફૂટબોલ એશિયન કપમાંથી બહાર

## ચાઈનીઝ તાઈપેએ ૩-૧ થી હરાવ્યું, કેપ્ટન સ્વીટી દેવી અને ગોલકીપર પંથોઈ ઘાયલ; હોસ્પિટલમાં દાખલ કરાયા




ભારત વુમન્સ ફૂટબોલ એશિયન કપમાંથી બહાર થઈ ગયું છે. મંગળવારે એશિયન ફૂટબોલ કોન્ફેડરેશન (AFC)ની છેલ્લી ગ્રુપ મેચમાં ભારતને ચાઈનીઝ તાઈપેઈ સામે ૧-૩ થી હારનો સામનો કરવો પડ્યો. આ સાથે જ ટીમનો ટુર્નામેન્ટમાં પ્રવાસ સમાપ્ત થઈ ગયો.

આ મેચમાં જીત ભારત માટે ખૂબ જ જરૂરી હતી, કારણ કે આગલા રાઉન્ડમાં પહોંચવા માટે તેને ઓછામાં ઓછા બે ગોલના અંતરથી જીત નોંધાવવાની હતી. મુકાબલા દરમિયાન ભારતીય કેપ્ટન સ્વીટી દેવી અને ગોલકીપર પંથોઈ ઈજાગ્રસ્ત થઈ ગઈ, જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા.

સિડનીમાં રમાયેલી આ મેચમાં ભારતે લાંબા સમય સુધી બોલ પર નિયંત્રણ રાખ્યું અને ઘણી તકો પણ બનાવી, પરંતુ અંતિમ ભાગમાં ટીમ ગોલ કરવામાં નિષ્ફળ રહી. આ જ કારણોસર ટીમને હારનો સામનો કરવો પડ્યો અને ટુર્નામેન્ટમાંથી બહાર થવું પડ્યું. ભારત આ પહેલા ગ્રુપ સ્ટેજમાં વિયેતનામ અને જાપાન સામે પણ હારી ચૂક્યું હતું.

મેચની ૧૨મી મિનિટે ચાઈનીઝ તાઈપેએ લીડ મેળવી લીધી. સંજુના ખરાબ બેક પાસ બાદ જે ડબલ્યુ ચેને બોલ વાય એચ સૂને પાસ કર્યો, જેમણે ખાલી ગોલપોસ્ટમાં બોલ નાખી દીધો. ભારતે ૩૯મી મિનિટે વાપસી કરી. મનીષા કલ્યાણે લગભગ ૩૦ યાર્ડ દૂરથી જોરદાર શોટ મારીને ગોલ કર્યો અને સ્કોર ૧-૧ કરી દીધો.

પહેલા હાફના વધારાના સમયમાં ચાઈનીઝ તાઈપેને પેનલ્ટી મળી. વાય વાય સૂનો શોટ પોસ્ટ સાથે અથડાયો અને ગોલકીપર પંથોઈને અડીને બોલ ગોલમાં જતો રહ્યો. આનાથી તાઈપેએ ૨-૧ની લીડ મેળવી લીધી. બીજા હાફમાં ભારતે બરાબરી કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ ૭૭મી મિનિટે યુ ચિન ચેને ત્રીજો ગોલ કરીને મેચ લગભગ નક્કી કરી દીધી. મેચની ૮૩મી મિનિટે ગોલકીપર એલાંગબામ પંથોઈ ચાનુ એટેકિંગ રોકવા આગળ વધી. આ દરમિયાન તેની ટક્કર કેપ્ટન સ્વીટી દેવી સાથે થઈ. બંને ખેલાડીઓ મેદાન પર પડી ગઈ અને તેને સ્ટ્રેચર પર બહાર લઈ જવામાં આવી. પંથોઈના ચહેરા પર સોજો આવ્યો છે, જ્યારે સ્વીટી દેવી થોડા સમય માટે મેદાન પર સ્થિર પડી રહી. બાદમાં બંને ખેલાડીઓને તપાસ માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે.

# કલ્હાર ગોલ્ફ ક્લબમાં ૧૨થી ૧૫ માર્ચે ઓપન ગોલ્ફ ચેમ્પિયનશિપ યોજાશે

## ૧૪૩ ગોલ્ફર્સ ભાગ લેશે, મિડલ ઈસ્ટમાં યુદ્ધને લીધે વિદેશના ૭૫માંથી ૧૫ જેટલા જ ખેલાડી એક્શનમાં જોવા મળશે




અમદાવાદની કલ્હાર બ્લૂ એન્ડ ગ્રીન્સ ગોલ્ફ ક્લબ ખાતે ૧૨થી ૧૫ માર્ચ દરમિયાન ઓપન ગોલ્ફ ચેમ્પિયનશિપમાં વિશ્વભરના ૧૪૩ ગોલ્ફર્સ ભાગ લેશે. ભારતમાં પ્રોફેશનલ ગોલ્ફની સત્તાવાર સંચાલક અને માન્યતા આપતી સંસ્થા પીજીટીઆઈ દ્વારા યોજાનારી સ્પર્ધામાં ત્રણ લાખ અમિકન ડૉલર (૨.૭૬ કરોડ રુપિયા)ના પુરસ્કાર એનાયત કરાશે.

આ વખતે ઈનામની રકમ વધારીને ત્રણ લાખ અમેરિકન ડૉલર કરવામાં આવી છે. જેમાં દેશ-વિદેશના કુલ ૧૪૩ જેટલા ખેલાડી એક્શનમાં જોવા મળશે. સ્ટ્રોક-પ્લે ફોર્મેટમાં ટુર્નામેન્ટ રમાશે જેમાં ચાર રાઉન્ડ રહેશે અને દરેક રાઉન્ડમાં ૧૮ હોલ રમાશે. બે રાઉન્ડ બાદ ટોપ ૬૦ ખેલાડીઓ અને ટાઈ થયેલા ખેલાડીઓ આગળના રાઉન્ડ માટે ટકરાશે. કોર્સનો પાર ૭૨ છે.

યુવરાજ સંધુ, વીર અહલાવત સહિતના ટોચના ખેલાડીઓ ભાગ લેશે ટુર્નામેન્ટમાં ભારતના અગ્રણી ગોલ્ફરોમાં યુવરાજસંધુ (૨૦૨૫ DP Wrold PGTI ઓર્ડર ઓફ મેરિટ ચેમ્પિયન), વીર અહલાવત, ઓમપ્રકાશ ચૌહાણ, મનુ ગંડાસ, અજિતેશ સંધુ, શૌર્ય ભટ્ટાચાર્ય, હની બૈસોયા અને અંગદ ચીમા જેવા ખેલાડીઓ ભાગ લેશે.

૧૦થી વધુ વિદેશી ખેલાડીઓમાં ઝેરેડહેક (અમેરિકા), મથિયા સશ્વાબ (ઓસ્ટ્રિયા), ક્લેમેન્ટસોર્ડે (ફ્રાંસ), જોશુ આગ્રેનવિલ-વુડ (યુએઈ), મેક્સેન્સગિ બોડોટ (ફ્રાંસ), ક્રિસ્ટો ફબ્લેયર (ઓસ્ટ્રિયા), બાસ્ટિયન અમાત (ફ્રાંસ), ટાઈગર ક્રિસ્ટેન્સન (જર્મની), વિન્સવા નવીન (નેધરલેન્ડ્સ), પિયેર પિનેઓ (ફ્રાંસ), ક્રિસ્ટોફર રહ્મ (સ્વીડન) અને પેરલૅન્ગ ફોર્સ (સ્વીડન) જેવા ખેલાડીઓનો સમાવેશ થાય છે. અમદાવાદના સ્થાનિક ગોલ્ફરોમાં અંશુલ પટેલ, કૃશ પટેલ અને આદિત્ય રાજકુમાર ચૌહાણ પણ ટુર્નામેન્ટમાં ભાગ લેશે.

# ઇન્ડિયન વેલ્સ : ડિફેન્ડિંગ ચેમ્પિયનનો પરાજય થતાં રેકેટ તોડ્યું, દર્શકો પર ગુસ્સો ઉતાર્યો

## ત્રીજા રાઉન્ડમાં ચેક ગણરાજ્યની કેટરિના સિનિયાકોવાએ મીરા એન્ડ્રિવાને પરાજય આપ્યો



વર્તમાન ચેમ્પિયન મીરા એન્ડ્રિવાએ અહીં રમાઇ રહેલી બીએનપી પારિબાસ ઈન્ડિયન વેલ્સ ટેનિસ ટુર્નામેન્ટના મહિલા સિંગલ્સના ત્રીજા રાઉન્ડમાં પરાજય મળતાં પોતાનું રેકેટ ઘણી વાર પટક્યા બદા દર્શકો પર ગુસ્સો ઉતારીને કોર્ટની બહાર જતી રહી હતી. રશિયાની ટેનિસ ખેલાડી મીરા એન્ડ્રિવાને ચેકગણરાજ્યની કેટેરિના સિનિયાકોવાએ ૪-૬, ૭-૬(૫), ૬-૪થી પરાજય આપ્યો હતો.

મેચ દરમિયાન પણ તેનો વ્યવહાર સારો રહ્યો નહોતો અને હાર મળતાં પિત્તો ગુમાવી બેઠી હતી. બીજા સેટના ટાઈબ્રેકરમાં હાર મળ્યા બાદ એન્ડ્રિવાએ પોતાના રેકેટને ફેંકી દીધુ અને પછી તેને તોડી નાખ્યું હતું. જે નિયમોનું ઉલ્લંઘન હતું. તેણે મેચ પોઈન્ટ પછી પોતાનું રેકેટ ફરી ફેંક્યું હતું. તેણે મેચમાં હાર મળ્યા બાદ સિનિયાકોવા સાથે હાથ મિલાવવા નેટ પર ગઈ હતી. તે પછી એન્ડ્રિવા દર્શકોની સામે ઈશારો કરતાં ગુસ્સો કરીને કોર્ટની બહાર નીકળી ગઈ હતી. એન્ડ્રિવાએ પછી કહ્યું કે, તે પોતાના આ પ્રકારના વ્યવહારથી ખુશ નથી. મેં જે કર્યું તેનાથી હું દુઃખી છું. આ વસ્તુ એવી છે જેના પર મને ખરેખર આ એવી બાબતો છે જેના પર મારે સુધારો કરવાની જરૂરત છે.

# મેથ્યુ હેડન ગુજરાત ટાઇટન્સના નવા બેટિંગ કોચ બન્યા

## ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઓપનર ૨૦૨૬ સીઝન માટે ટીમ સાથે જોડાયા, મેથ્યુ વેડ બહાર થવાની શક્યતા

IPL ૨૦૨૬ પહેલાં ગુજરાત ટાઇટન્સે પોતાની કોચિંગ ટીમમાં ફેરફાર કર્યો છે. ફ્રેન્ચાઇઝીએ મંગળવારે ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઓપનર મેથ્યુ હેડનને ટીમના નવા બેટિંગ કોચ તરીકે નિયુક્ત કર્યા. હેડન બે વખત વનડે વર્લ્ડકપ વિજેતા છે અને તેમના સમયના સૌથી આક્રમક બેટ્સમેનોમાંના એક ગણાય છે.

ગુજરાત ટાઇટન્સે સોશિયલ મીડિયા દ્વારા આ નિર્ણયની જાણકારી આપી. હેડનની નિમણૂક એવા સમયે થઈ છે જ્યારે ટીમ પોતાની બેટિંગ યુનિટને નવેસરથી તૈયાર કરવાનો પ્રયાસ કરી રહી છે.

હેડનની નિમણૂક અંગે વાત કરતા સોલંકીએ કહ્યું, 'મેથ્યુ હેડનનું અમારી ટીમ સાથે જોડાણ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેમનો જે અનુભવ રહ્યો છે અને યુવાનોને નિખારવાની તેમની જે ક્ષમતા છે, તેનાથી અમારી ટીમને પોતાની એક અલગ ઓળખ બનાવવામાં મદદ મળશે. આગામી સિઝન માટે તેઓ અમારી બેટિંગ લાઇનઅપને મજબૂત કરશે.'

પોતાની નવી જવાબદારી પર મેથ્યુ હેડને કહ્યું, 'સારી બેટિંગ તે હોય છે જે સામેવાળી ટીમ પર દબાણ બનાવે, પરંતુ મહાન બેટિંગ તે હોય છે જે આખી રમત પર પોતાનો કબજો કરી લે. ગુજરાત ટાઇટન્સમાં અમે બેટિંગનો આ જ સ્ટાન્ડર્ડ સેટ કરવા માંગીએ છીએ.'

હેડનને તેમની આક્રમક બેટિંગ અને પાવરપ્લેમાં પ્રભુત્વ જમાવવા માટે ઓળખવામાં આવે છે, જે T20 ફોર્મેટની સૌથી મોટી જરૂરિયાત છે.

હેડનના આગમન બાદ કોચિંગ સ્ટાફમાં વધુ એક મોટા ફેરફારના સંકેતો મળ્યા છે. રિપોર્ટ્સ અનુસાર, ઓસ્ટ્રેલિયાના પૂર્વ વિકેટકીપર મેથ્યુ વેડ આ વર્ષે ગુજરાત ટાઇટન્સના કોચિંગ સ્ટાફનો ભાગ નહીં હોય. જોકે, ફ્રેન્ચાઇઝીએ હજુ સુધી વેડ અંગે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી, પરંતુ હેડનની એન્ટ્રી બાદ વેડની વિદાય લગભગ નિશ્ચિત માનવામાં આવી રહી છે. મેથ્યુ હેડનની આંતરરાષ્ટ્રીય કારકિર્દી ખૂબ જ શાનદાર રહી છે. તેમણે ઓસ્ટ્રેલિયા માટે ત્રણેય ફોર્મેટમાં કુલ ૨૭૩ મેચ રમી છે, જેમાં તેમના નામે ૧૫,૦૦૦થી વધુ રન નોંધાયેલા છે. ICCની ઘણી મોટી ટુર્નામેન્ટ્સ જીતાડવામાં તેમની મહત્વની ભૂમિકા રહી છે. હેડનનો IPL સાથે પણ જૂનો સંબંધ છે. તેઓ ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) માટે ૩૨ મેચ રમી ચૂક્યા છે.

# વેસુના સામૂહિક આપઘાત કેસમાં વૈભવ રૂંગટાને હાઈકોર્ટની રાહત

## ક્વોશીંગ પીટીશનનો નિર્ણય ન આવે ત્યાં સુધી ધરપકડ પર રોક

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૧**

ગત તા.૨૪/૦૨/૨૬ નાં રોજ વેસુ ખાતે હેપ્પી એલીગન્સમાં રહેતા વેપારી બાલમુકુંદ ઓમપ્રકાશ ખેતાન તથા તેમની પત્ની અને બે દિકરીઓ ધ્વારા કરવામાં આવેલ સામુહિક આપઘાત કેસમાં વેપારી બાલમુકુંદ ખેતાનનાં સસરા સંજય અગ્રવાલ નાઓએ પોલીસમાં ગુનો નોંધાવેલ, જેમાં ફક્ત આરોપી તરીકે વૈભવ રૂંગટા નાઓ સામે વેસુ પો. સ્ટે. ગુના રજીસ્ટર નં.૧૧૨૧૦૦૬૮૨૬૦૦૬૭/૨૬ થી બી.એન.એસ. કલમ ૧૦૮, ૩૦૮(૨) મુજબ આપઘાતના દુસ્પ્રેરણનો ગુનો દાખલ કરાવેલ, જે કામે વેસુ પોલીસ સ્ટેશનનાં અધિકારીઓ ધ્વારા વૈભવ રૂંગટાની તા.૨૫/૦૨/૨૬ નાં રોજ દિલ્હી ખાતે ધરપકડ કરી તા.૨૬/૦૨/૨૬ નાં રોજ પટીયાલા મેજીસ્ટ્રેટ કોર્ટ, દિલ્હી ખાતે રજુ કરતા આરોપી વૈભવ રૂંગટાનાં "ટ્રાન્ઝીટ વોરન્ટ" ની માંગણી કરતા નામ. કોર્ટે ટ્રાન્ઝીટ વોરન્ટ નામંજુર કરી આરોપી વૈભવ રૂંગટાને તા.૦૬/૦૩/૨૬ નાં રોજ સુધી "ટ્રાન્ઝીટ જામીન" મંજુર કરેલ, જે સમય દરમ્યાન આરોપી વૈભવ રૂંગટાએ સુરતની નામ. સેશન્સ કોર્ટમાં તા.૦૫/૦૩/૨૬ નાં રોજ વિધવાન વકીલશ્રી સાગર આર. શુકલા તથા પરેશ સી.પંચાલ નાઓ મારફતે આગોતરા જામીન અરજી દાખલ કરેલ તેની સાથે-સાથે આરોપી વૈભવ રૂંગટા નામ. ગુજરાત હાઈકોર્ટમાં સદર ફરીયાદ રદ/કવોશ કરાવવા વિધવાન વકીલશ્રી સુરજ એ. શુકલા નાઓ થકી કવોશીગ પીટીશન દાખલ કરેલ.

વૈભવ રૂંગટાની નામ. સુરત સેશન્સ કોર્ટમાં કરેલ આગોતરા જામીન અરજીની સુનાવણી દરમ્યાન તપાસ કરનાર અધિકારી ધ્વારા નામ. કોર્ટ સમક્ષ પોલીસ એફીડેવીટ રજુ કરવામાં આવેલ, જેમાં ત.ક. અમલદારે સ્પષ્ટ લખેલ હોય કે, ઘટના સ્થળેથી તેઓએ જે સ્યુસાઈડ નોટ કબજે કરેલ છે, તે સ્યુસાઈડ નોટમાં મરણજનારની માતા અને બહેનનું નામ લખેલ હોય અને તેઓ વચ્ચે મિલકતની વહેચણી બાબતે તકરારો ચાલતી હોય તથા મરણજનારનાં પર અને તેમની પત્ની અને તેઓના સસરા પર ભુતકાળમાં પટના ખાતે થયેલ વિશ્વાસઘાત અને છેતરપીડીના કેસોમાં દબાણને કારણે મરણજનારના પરિવારે આ અગમ્ય પગલા ભરેલ હોય, પરંતુ પોલીસે મરણજનારની માતા વૃધ્ધ હોય, માતા અને બહેનની ધરપકડ કરેલ નહી, તેમજ આરોપી વૈભવ રૂંગટાએ મરણજનારની આર્થિક રીતે મદદ કરવા તેમજ તેઓ સાથે ભાગીદારીમાં ધંધો શરૂ કરી મરણજનારનાં પરિવારને આર્થિક સંકળામણથી બહાર કાઢવા તેઓને સતત મદદ કરતા ચાલી આવેલા હતા અને બનાવનાં દિવસે આરોપી વૈભવ રૂંગટા તાત્કાલીક મરણજનારનાં ઘરે પ્રથમ પહોંચીને પોતાના ફોનથી ૧૦૮ બોલાવી મરણજનારના પરિવારને પ્રાથમિક સારવાર કરાવડાવેલ હોય. આમ, આરોપી વૈભવ રૂંગટા સામે કરવામાં આવેલ આક્ષેપોને આપઘાત કરવાનું દુષ્પ્રરણ ન માની તપાસ કરનાર અધિકારીની તપાસ ઉપર શંકા ઉભી કરેલ, જે પોલીસનો એકતી અભિપ્રાય જોતા આરોપીનાં વિધવાન વકીલશ્રી સાગર આર. શુકલા, સુરજ એ. શુકલા, પરેશ સી.પંચાલ નાઓએ કરેલ દલીલને નામ. ગુજરાત હાઈકોર્ટે ગ્રાહય રાખી વૈભવ રૂંગટાની કવોશીગ પીટીશનન આખરી નિર્ણય ન આવે ત્યાં સુધી વૈભવ રૂંગટાની ધરપડક ન કરવા કોર્ટે હુકમ કરેલ.



**શ્રી રામ વિહાર વેસુ તપાગચ્છ જૈન સંઘ – શાંતાપ્રભા-કમળાબા આરાધના ભવન પ.પૂ. આ. શ્રી રત્નચંદ્રસૂરીશ્વરજી મહારાજાના તથા આ. શ્રી ઉદયરત્નસૂરીશ્વરજી મહારાજાની પાવન પ્રેરણાથી વર્ષીતપ આરાધનાએટલે કે ૧૪ મહિના ૪૨૦દિવસ ના તપ નો પ્રારંભ કરાવામાં આવ્યો જેમાં ૨૫૦ થી વધુ આરાધકો જોડાયા હતા.**

# સરથાણા શ્યામ ધામ મંદિર પાસે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

## સુરત મનપાના કાયક્રમને સાંપડેલા ભારે પ્રતિસાદ

સુરત, તા.૧૧

નવો પૂર્વ (સરથાણા) ઝોન , વહીવટી ભવન, સંકલ્પ રેસીડેન્સીની બાજુમાં, શ્યામ ધામ મંદિર ચાર રસ્તાની પાછળ, સુરત ખાતે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ રાજય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃત્તિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનું ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહીવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓનો સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા.૧૦/૦૩/૨૦૨૬ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન નવો પૂર્વ (સરથાણા) ઝોન , વહીવટી ભવન, સંકલ્પ રેસીડેન્સીની બાજુમાં, શ્યામ ધામ મંદિર ચાર રસ્તાની પાછળ, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા અગિયારમાં તબક્કાનાં બીજા "સેવાસેતુ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવેલ હતું. સેવાસેતુ કાર્યક્રમ ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે ખુલ્લો મુકવામાં આવેલ. "સેવાસેતુ કાર્યક્રમ"માં ઉપસ્થિત માન.મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી એ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા દ્વારા આજે ૧૦૧ માં સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરી શહેરીજનોને સરકારશ્રીની અનેક સેવાઓનો લાભ તેઓના આંગણે આવીને આપવામાં આવી રહ્યો છે. સુરત મહાનગર પાલિકાના તથા સરકારશ્રીના વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ દ્વારા સારી કામગીરી કરવાથી સેવાસેતુ કાર્યક્રમ સફળ થયેલ છે. વધુમાં મા.મેયરશ્રીએ સેવાસેતુ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત લોકોને સરકારશ્રી અને સુરત વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે તેમજ અન્ય જરૂરિયાતમંદ લોકોને લાભ લેવા જણાવવા માટે શહેરીજનોને અપીલ કરવામાં આવી હતી. સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ તથા મ્યુ.સદસ્યશ્રીઓ હાજર રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# પત્નીના ચારિત્ર્ય પર શંકા કરી છૂટાછેડા માંગતા પતિની અરજી નામંજૂર કરાઈ

## મિત્ર સાથે અફેર હોવાનું પતિએ કોર્ટને જણાવ્યું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૧**

સુરતઃ ૧૮ વર્ષના લગ્નજીવનમાં પતિ-પત્ની વચ્ચેના ઘરકંકાસ બાદ પતિએ પત્ની સામે વ્યભિચારના ગંભીર આક્ષેપો સાથે ફેમિલી કોર્ટમાં છૂટાછેડાની અરજી દાખલ કરતાં ફરિયાદ પક્ષ આક્ષેપ પુરવાર કરવામાં નિષ્ફળ જતાં ફેમિલી કોર્ટે અરજદાર પતિની અરજી ફગાવી દીધી હતી. આ કેસની હકીકત મુજબ મૂળ રાજસ્થાનના' વતની અને વેસુ વિસ્તારમાં રહેતાં બ્રોકર તરીકે કામ કરતા અરજદાર મુકેશ (નામ બદલ્યું છે)ના લગ્ન મહેક (નામ બદલ્યું છે) સાથે ૧૯૯૯માં થયા હતા. લગ્નજીવનમાં

આ દંપતીને બે પુત્રી થઈ હતી. પતિને આર્થિક મદદરૂપ થવા માટે પત્ની ટ્યુશન ક્લાસીસ પણ ચલાવતી હતી. જે બાદ દરરોજના ઘરકંકાસથી પત્નીને વતન મૂકી દેવામાં આવી હતી. ત્યારબાદ પતિએ પત્ની સામે ગંભીર વ્યભિચારીના આક્ષેપો કરી ફેમિલી કોર્ટમાં છૂટાછેડા માટેની અરજી કરી હતી. આ અરજીમાં પતિએ અરજીમાં પોતાના જ મિત્ર સાથે પત્નીના વ્યભિચારી સંબંધ હોવાનો આક્ષેપ કર્યો હતો. અરજદાર તરફે પ્રતિવાદીએ ચારેક વખત ગર્ભપાત કરાવવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ કેસમાં પ્રતિવાદી પત્નીની તરફેણમાં વકીલ ટીના શર્માએ દલીલો કરી હતી. વકીલ ટીના શર્માના જણાવ્યા મુજબ આ કેસની સુનાવણી દરમિયાન અરજદાર તરફે ગર્ભપાત અંગેના કોઈ જ પુરાવા રજૂ કરી શકાયા ન હતા તેમજ જેની સાથેના સંબંધોમા પત્નીએ લખેલાં કહેવાતાં પત્રો અંગે રાઈટિંગ એક્ષ્પર્ટ પણ આ પત્રો પ્રતિવાદીના હોવાનું પુરવાર કરી શક્યાં ન હતા.

# ડીંડોલીની યુવતીને દહેજ માટે દહેરાદુનના સાસરિયાનો ત્રાસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૧**

ઉત્તરાખંડના દહેરાદુન ખાતે રહેતા પતિ અને સાસુએ સુરતના ડિંડોલી વિસ્તારમાં પિયરમાં રહેતી પરિણીતાને શારીરીક માનસિક ત્રાસ આપી દહેજ પેટે રૂ.૧૫ લાખની માંગણી કરી રોકડ તેમજ મની ટ્રાન્સફર મારફતે કુલ રૂ.૧૪ લાખ પડાવી લઇ પરિણીતાને કાઢી મુકી હોવાની ફરીયાદ ગઇકાલે ડિંડોલી પોલીસ સ્ટેશનમાં નોંધાઇ હતી.

ડિંડોલી પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર ઉત્તરાખંડ દહેરાદુન ખાતે રહેતા હર્ષ ગોવિંદ શ્રીવાસ્તવ તથા તેની માતા મીના ગોવિંદ શ્રીવાસ્તવ સામે ગઇકાલે પરિણીતાએ દહેજની ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદમાં જણાવ્યા અનુસાર સને ૨૦૨૧માં લગ્ન બાદ પતિ અને સાસુ પરિણીતાને શારિરીક માનસિક ત્રાસ આપતા હતા. દહેજ માટે ધાક ધમકી આપી પરિણીતાને માર મારવામાં આવતા તેણી કંટાળી ગઇ હતી. આ દરમિયાન પતિ અને સાસુએ દહેજ પેટે રૂ.૧૪ લાખ મેળવી લઇ પરિણીતાને તગેડી મુકી હતી. સુરત પિયરમાં આવેલી પરિણીતાએ ગઇકાલે ડિંડોલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો.

# ભરૂચ જિલ્લા ભાજપના ઉપપ્રમુખ તરીકે સુશીલ સિંહની નિમણૂક

અંકલેશ્વર, તા.૧૧

ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનને મજબૂત બનાવવાના ભાગરૂપે લેવાયેલા તાજેતરના નિર્ણયમાં, ભરૂચ જિલ્લા ભાજપના ઉપપ્રમુખ તરીકે જાણીતા યુવા કાર્યકર્તા સુશીલસિંહની નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂકને પગલે જિલ્લાના રાજકીય વર્તુળોમાં અને ખાસ કરીને પરપ્રાંતીય સમાજમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.સુશીલસિંહની નિમણૂકને પગલે અંકલેશ્વરના શ્રી વિંધ્યાવાસીની ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સન્માન તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું.જેમાં ટ્રસ્ટના અગ્રણીઓ જે.જે. શુક્લા, અનિલ શુક્લા, અને ઉધવસિંહ સહિતના આગેવાનોએ સુશીલસિંહનું ફૂલહાર અને બુકે આપી ભવ્ય સન્માન કર્યું હતું.અને પરપ્રાંતીય સમાજ અને યુવા કાર્યકર્તાઓમાં ભારે હર્ષની લાગણી જોવા મળી હતી.



# SCET ખાતે IEEE SCET Student Branchની સિદ્ધિઓને બિરદાવતો સન્માન કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૧૧

Surat rMÚkŒ Sarvajanik College of Engineering and Technology (SCET) ખાતે કાર્યરત IEEE SCET Student Branch ને તેના ઉત્તમ કાર્ય તથા ઈઈઈ સમુદાય અને વિદ્યાર્થીઓના વિકાસમાં આપેલા નોંધપાત્ર યોગદાનને બિરદાવવાનો કાર્યક્રમ કોલેજના એમ્ફિથિયેટરમાં ખાતે યોજાયો હતો. જેમાં કોલેજની વર્કિંગ કમિટીના તમામ સભ્યો હાજર રહ્યા હતાં.

ગત કેટલાક વર્ષોમાં IEEE SCET Student Branch એ પ્રાદેશિક તેમજ રાષ્ટ્રીય સ્તરે અનેક પ્રતિષ્ઠિત સિદ્ધિઓ હાંસલ કરી છે. આ પ્રસંગે ખાસ કરીને IEEE Gujarat Section ના વાર્ષિક મુખ્ય કાર્યક્રમ Sampark ૨૦૨૫ ના સફળ આયોજન માટે મળેલી ગૌરવવંતી સિદ્ધિ, IEEE India Council તરફથી પ્રાપ્ત Outstanding Student Branch Award ૨૦૨૫, તેમજ Sampark ૨૦૨૬ દરમિયાન પ્રાપ્ત થયેલ Best Student Branch Award નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

આ સિદ્ધિઓ Student Branch સાથે જોડાયેલા વિદ્યાર્થી સ્વયંસેવકો અને ફેકલ્ટી માર્ગદર્શકોની મહેનત, ટીમવર્ક અને સતત પ્રયાસોનું પ્રતિબિંબ હોવાનું જણાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વધુમાં જણાવાયું હતું કે ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન SCET કેમ્પસ ખાતે એક મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ International Leadership Summit યોજાશે. આ કાર્યક્રમ IEEE Women in Engineering Affinity Group (SCET) દ્વારા Sardar Vallabhbhai National Institute of Technology (SVNIT), Surat ના સહયોગથી આયોજિત કરવામાં આવશે. આ સમિટમાં દેશ-વિદેશના નેતાઓ, વ્યાવસાયિકો અને વિદ્યાર્થીઓ ભાગ લેશે અને નેતૃત્વ, નવીનતા તથા ઈજનેરી અને ટેક્નોલોજી ક્ષેત્રમાં મહિલાઓની ભૂમિકા અંગે ચર્ચા કરવામાં આવશે. IEEE SCET Student Branch ના સભ્યોએ આ સન્માન અને પ્રોત્સાહન બદલ Sarvajanik Education Society ના માનનીય તમામ હોદ્દેદારો અને મેનેજીંગ કમિટીના સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે આ માન્યતા ભવિષ્યમાં વિદ્યાર્થીઓ માટે નવી તકો અને અસરકારક પહેલો સર્જવા માટે પ્રેરણારૂપ બનશે.

### રિલાયન્સ અમેરિકામાં

પહેલા પાનાનું ચાલુ

જયારે હવે ખુદ અમેરિકાની સરકાર જ રિલાયન્સના સહયોગથી આ જમ્બો રિફાઈનરી સ્થાપશે.ટ્રમ્પની જાહેરાત કઈ રીતે મહત્વની છે!આ પ્રોજેક્ટની સૌથી મહત્ત્વની કડી ભારતની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ છે. રિલાયન્સે આ નવી રિફાઈનરીમાં તૈયાર થનારા ઈંધણને ખરીદવા અને વેચવા માટે ૨૦ વર્ષનો લાંબાગાળાનો કરાર કર્યો છે. જોકે, આ અંગે રિલાયન્સ તરફથી હજુ સુધી સત્તાવાર નિવેદન આવ્યું નથી, પરંતુ અમેરિકન મીડિયા અને વ્હાઈટ હાઉસ આ ડીલને ગેમ-ચેન્જર માની રહ્યા છે.

### હોર્મુઝ ખાડી મુદ્દે ભારત

પહેલા પાનાનું ચાલુ

છે કારણ કે લડાઈ દરમિયાન ઈરાનના અનેક ઉચ્ચ નેતાઓના મોત થયા છે..તેમણે ભારત સરકારના ત્રણ મહત્વના સંદેશા રજૂ કર્યા હતા.જે મુજબ ભારત શાંતિ અને સંવાદના પક્ષમાં છે.,ભારતીય સમુદાયની સુરક્ષા સૌથી મોટી પ્રાથમિકતા છે.ભારત માટે ઉર્જા સુરક્ષા સર્વોપરી છે.જયશંકરે માહિતી આપી હતી કે યુદ્ધ શરૂ થયા બાદ લડાઈવાળા વિસ્તારોમાંથી આશરે ૬૭૦૦૦ ભારતીય નાગરિકો સુરક્ષિત રીતે પરત ફર્યા છે. આ ઉપરાંત, માનવીય અભિગમ અપનાવીને ભારતે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાની પક્ષની વિનંતી પર ત્રણ જહાજોને ભારતીય બંદરો પર ડોક કરવાની મંજૂરી આપી હતી, જે ૧ માર્ચે અમલમાં આવી હતી.

### ઈરાને ભૂર્ગભમાં

પહેલા પાનાનું ચાલુ

જે થોડું સંવર્ધિત થવા પર ૧૦ પરમાણુ બોમ્બ બનાવવા માટે પૂરતું છે.ઈરાનમાં મુખ્યત્વે ત્રણ પરમાણુ કેન્દ્ર છે. ઈસ્ફહાન, નતાજ અને ફોર્ડો. ગત વર્ષે જૂનમાં અમેરિકાએ ઓપરેશન મિડનાઈટ હેમર ચલાવીને ઈરાનના પરમાણુ ઠેકાણા પર હુમલા કર્યા હતા.

ફોર્ડો પર તો બી-૨ બોમ્બરોએ ૩૦-૩૦ હજાર પાઉન્ડના બંકર બસ્ટર બોમ્બ વરસાવ્યા હતા, જે જમીનથી ૨૦૦ ફુટ નીચે સુધી તબાહી મચાવવામાં સક્ષમ છે. આ ભીષણ હુમલા વચ્ચે રાષ્ટ્રપતિ ટ્રમ્પે એ સમયે દાવો કર્યો હતો કે ઈરાનનું પરમાણુ ઠેકાણા પુરી રીતે બરબાદ થઈ ચૂકયા છે. પરંતુ વિશેષજ્ઞોનું માનવું છે કે ઈસ્ફહાન પરમાણુ કેન્દ્ર પાસે ટનલ કોમ્પ્લેકસ આ હુમલામાં સુરક્ષિત બચી ગયું હતું. કેટલાક દિવસ પહેલા પણ અમેરિકા દ્વારા ઈરાનના નતાંજ પરમાણુ કેન્દ્રનું નિશાન બનાવવાની ખબર આવી હતી.

ગ્રોસીએ પેરિસના પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે ઈસ્ફહાનમાં છેલ્લા નિરીક્ષણ સમયે ૬૦ ટકા શુદ્ધતાવાળુ લગભગ ૨૦૦ કિલો યુરેનિયમ મોજૂદ હતું. સેટેલાઈટ તસવીરો અને અન્ય રીતે કરવામાં આવેલી દેખરેખથી એવા કોઈ સંકેત નથી મળ્યા કે ઈસ્ફહાનથી પરમાણુ સામગ્રી બીજે કયાંક શિફ્ટ કરાઈ હોય.

ગત વર્ષ જૂનમાં હુમલા બાદ ઈરાને ના તો આઈએઈએને પોતાના ઉચ્ચ સંવર્ધિત યુરેનિયમની સ્થિતિની જાણકારી આપી છે અને ના તો આંતરરાષ્ટ્રીય નિરીક્ષકોને બોમ્બમારા વાળા ઠેકાણે જઈને તપાસ કરવાની મંજુરી આપી છે. આઈએઈએ ચીફે કહ્યું છે કે અમને લાગે છે કે ૬૦ ટકા શુદ્ધતા વાળો યુરેનિયમનો કેટલોક ભાગ ઈરાને પોતાન નતાંજ કેન્દ્રમાં પણ રાખ્યો છે.

### યુદ્ધમાં ૧૩૦૦થી

પહેલા પાનાનું ચાલુ

તેમજ એ પણ પૂછવામાં આવ્યું છે કે અલગ-અલગ ઉંમરના લોકોને તેનો કેટલો ડોઝ આપવો પડશે.આ દવા શરીરમાં પહોંચેલા રેડિયોએક્ટિવ (રેડિયેશનવાળા) તત્વોની અસરને ઓછી કરે છે. જો આ તત્વો શરીરમાં પ્રવેશે તો, આ કેપ્સ્યુલ તેમને આંતરડામાં બાંધીને મળ દ્વારા બહાર કાઢવામાં મદદ કરે છે.પહેલાં આ દવા મોટાભાગે અમેરિકા અને યુરોપમાં બનતી હતી, પરંતુ ભારતમાં તેનું વ્યાપારી ઉત્પાદન લગભગ બે વર્ષ પહેલાં શરૂ થયું છે.જો આ ડીલ નક્કી થઈ જાય તો આ દવા બહેરીન, કુવૈત, કતાર અને જોર્ડન જેવા ખાડી દેશોને મોકલી શકાય છે.

ઈરાનની સેનાએ મુસ્લિમ દેશો અને પ્રદેશના લોકોને અપીલ કરી છે કે જો તેમની પાસે અમેરિકી અને ઈઝરાયલી સૈનિકોના ઠેકાણાંની માહિતી હોય, તો તેઓ ઈરાનને જણાવે.ઈરાનનું કહેવું છે કે તેનાથી યોગ્ય જગ્યાએ હુમલો કરી શકાશે અને સામાન્ય લોકોને નુકસાનથી બચાવી શકાશે.ઈરાનના સેના પ્રવક્તા જનરલ અબોલફઝલ શેખરચીએ આરોપ લગાવ્યો કે ઈઝરાયલ અને અમેરિકા મહિલાઓ, બાળકો અને સામાન્ય લોકોને નિશાન બનાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે આવું એટલા માટે થઈ રહ્યું છે કારણ કે તેઓ સીધા ઈરાનની સેનાનો સામનો કરી શકતા નથી.

### ચીન સેટેલાઈટથી

પહેલા પાનાનું ચાલુ

કરવામાં આવી હતી અને સૈનિકોની તૈનાતીને ચોક્કસ સ્થાન સાથે દર્શાવવામાં આવી હતી.

આ સેટેલાઈટ તસવીરોને એક ચીની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કંપનીએ ઓનલાઈન શેર કરી હતી. એક તસવીરમાં ઈઝરાયલના ઓવડા એર બેઝ પર લોકહીડ માર્ટિનના એફ-૨૨ સ્ટેલ્થ ફાઈટર ઊભેલા દેખાઈ રહ્યા હતા. બીજી તસવીરમાં સાઉદી અરેબિયાના પ્રિન્સ સુલતાન એર બેઝ પર વિમાનો અને સપોર્ટ સિસ્ટમની વધતી જતી તૈનાતી દર્શાવવામાં આવી હતી.

આ ઉપરાંત કતાર, જોર્ડન અને બહેરીનમાં આવેલા અમેરિકી સૈન્ય ઠેકાણાઓને પણ નકશા પર ચિહ્નિત કરવામાં આવ્યા હતા. આ તમામ તસવીરો શાંઘાઈ સ્થિત જિયોસ્પેશિયલ ઈન્ટેલિજન્સ કંપની મિઝાર વિઝને શેર કરી હતી, જેમાં ૨૦૦થી પણ ઓછા કર્મચારીઓ કામ કરે છે.

### લોકસભામાં ત્રીજા દિવસે

પહેલા પાનાનું ચાલુ

આપણા પડોશી દેશોની સરખામણીમાં આ ખૂબ જ ઓછું છે.

કોંગ્રેસના સાંસદ સુખદેવ ભગતે કહ્યું, "પીએમ મોદીએ ૨૦૨૨માં આયાત ઘટાડવાનું વચન આપ્યું હતું, પરંતુ તેના બદલે, આપણે અન્ય દેશો પર વધુને વધુ નિર્ભર બની રહ્યા છીએ. સંસદમાં તાત્કાલિક પગલાં લેવા પર વિગતવાર ચર્ચા થવી જોઈએ. યુદ્ધની અસરો હવે દેખાઈ રહી છે. આ સરકાર પોતાની જવાબદારીઓથી છટકી રહી છે."

### વર્ષ ૨૦૧૯

પહેલા પાનાનું ચાલુ

કહ્યું, હા, બિલકુલ. લોકો કહે છે કે તે પોતાની મરજીથી લગ્ન કરવા ગઈ હતી. પણ જ્યારે હું ગઈ હતી, ત્યારે મને સમજ નહોતી. હું ભરોસાથી ગઈ હતી. એક સારો માણસ છે એમ સમજીને ગઈ હતી. આટલો મોટો નિર્ણય લીધો હતો.

### સરકાર દ્વારા

પહેલા પાનાનું ચાલુ

વર્ષમાં કુલ મળીને લગભગ ૩.૧ લાખ સાડીઓ બનાવાઈ છે.

મંત્રી વેંકટેશએ જણાવ્યું કે મૈસુર સિલ્ક સાડીની લોકપ્રિયતા ખાસ ડિસ્કાઉન્ટ વેચાણ દરમિયાન સ્પષ્ટ જોવા મળે છે. જે સાડીઓમાં થોડી ખામી હોય છે તે વેચાતી નથી, તેથી તેમને ૨૫ થી ૫૦ ટકા સુધીના ડિસ્કાઉન્ટ પર વેચવામાં આવે છે. આવા વેચાણ સમયે લોકો સવારે ત્રણ વાગ્યાથી જ લાઇનમાં ઉભા રહે છે.

કેએસઆઈસી મોટાભાગનું ઉત્તમ ગુણવત્તાવાળું સિલ્ક કર્ણાટકના સિડલઘટ્ટા, રામનગર અને કોલ્લેગળના સરકારી બજારોમાંથી ખરીદે છે. પરંતુ મહારાષ્ટ્ર, તમિલનાડુ અને અન્ય રાજ્યોમાંથી પણ ઉચ્ચ ગુણવત્તાવાળું સિલ્ક મેળવવા માટે ભારે સ્પર્ધા છે.

તેથી સારી ગુણવત્તાવાળા સિલ્ક મેળવવા માટે સરકાર સતત પ્રયત્ન કરી રહી છે. વધતી માંગને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ૩૦ ઇ-જેકાર્ડ લૂમ સ્થાપિત કર્યા છે, જેના કારણે દર મહિને લગભગ ૭,૫૦૦ મીટર જેટલું સિલ્કનું ઉત્પાદન વધ્યું છે.

વિધાનસભામાં કેટલાક સભ્યોએ સરકારને કેએસઆઈસીના કામકાજને વધુ વિસ્તૃત કરવા માટે પૂરતું ભંડોળ આપવાની માંગ કરી હતી. શહેરી વિકાસ મંત્રી બી.એસ. સુરેશે સૂચન કર્યું કે મૈસુર સિલ્ક સાડીની કિંમતોમાં થોડો વધારો કરી શકાય અને કર્મચારીઓના પગારમાં સુધારો કરીને આ પરંપરાગત ઉદ્યોગને લાંબા સમય સુધી જાળવી રાખી શકાય છે.

### સુપ્રિમ કોર્ટની હરીશ

પહેલા પાનાનું ચાલુ

હેઠળ પૂરી પાડવામાં આવેલ મિકેનિઝમ – વેન્ટિલેટરના સ્વરૂપમાં લાઈફ સપોર્ટ પાછો ખેંચી લેવાથી – હરીશ રાણા માટે હોસ્પિટલ સ્તરે નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ માટે અવરોધ ઊભો કર્યો. જેના કારણે હરીશ રાણાના માતા-પિતાને કોર્ટમાં જવાની ફરજ પડી હતી. તેમની અરજી આખરે સુપ્રીમ કોર્ટમાં પહોંચી, જેણે આજે તેના આદેશમાં હરીશ રાણાને હોસ્પિટલ સેટિંગમાં તબીબી સારવાર પાછી ખેંચવાની મંજૂરી આપી, અસરકારક રીતે ૩૨ વર્ષીયને સન્માન સાથે મૃત્યુ પામવાની મંજૂરી આપી.

### મુગલસરાઈ વિસ્તાર

પેજ-૨ પાનાનું ચાલુ

તાપી નદીની પવિત્રતા અને મહિમા વર્ણવતા સુરત મહાનગરપાલિકા ધ્વારા પૌરાણીક ગ્રંથ"શ્રી તાપી મહાપુરાણ'' નું સંજ્ઞાન લઈ,"શ્રી તાપી પુરા" નામાધિકરણ કરવામાં આવેલ છે.

સૂર્યપુર(સુરત શહેર)નો ઐતિહાસિક વારસો ખુબજ સમૃધ્ધ છે. ઐતિહાસિક સંશોધનોને આધારે જાણવા મળ્યું છે કે, શ્રી કૃષ્ણ પણ સુરતની ભૂમિ પર આવ્યા હતા. આ સુરતની ભૂમિ એટલી પવિત્ર ગણાય છે કે, મહાભારત કાળમાં કુંતીપુત્ર મહારથી કર્ણનો અંતિમ સંસ્કાર અહીજ શ્રી કૃષ્ણ હસ્તે થયેલ છે. તાપી નદીકાંઠે સ્થિત ૧૬મી–૧૭મી સદીમાં "૮૪ બંદર" તરીકે જાણીતું સૂર્યપુર(સુરત) શહેર રેશમી કાપડ(સિલ્ક), જરીઉદ્યોગ તેમજ જહાજ નિર્માણ માટે વિશ્વપ્રસિધ્ધ હતું. શહેરની શાખ વિશ્વભરમાં પ્રસરેલ હતી. જેથી વિદેશી પ્રજાઓ પોતાનો વ્યપાર વિકસાવવા અહી આવવા લાગ્યા હતા. તાપી નદીએથી ચીન, ઈન્ડોનેશીયા અને યુરોપ જેવા દેશોમાં વ્યપાર થતો હતો. ઈસ્ટ ઈન્ડીયા કંપનીનું જહાજ "હેક્ટર" પણ સુરત બંદરે તાપી નદીએ આવેલું અને અંગ્રેજોએ અહી દેશમાં પ્રથમ વેપારી કોઠી સ્થાપેલી હતી. જેથી સુરત શહેરને 'સોનાની મુરત" તરીકેની એક આગવી ઓળખ ઉભી થયેલ છે. આમ, તાપીનદી ના માધ્યમેથી વિવિધ દરીયાઈ વ્યપાર ધ્વારા સુરતને ખુબજ સમૃધ્ધિ મળેલી હતી. ઉપરોકત હકીકતો હેઠળ, સૂર્યપુત્રી "શ્રી તાપી માતા(નદી)" ની અખંડ સ્મૃતિ સદૈવ બની રહે અને શહેરનું વૈભવશાળી ગૌરવ જળવાઈ રહે તે અર્થે સુરત શહેરના રસ્તાઓ, મહોલ્લા, ગલીઓ, ચૉક, બાગબગીચા, ટ્રાફીક આઈલેન્ડ, જાહેર સ્થળો વિગેરેના નામાભિધાન કરવાની સુરત મહાનગરપાલિકાની સત્તા હેઠળ, હાલમાં સુરત શહેરના સેન્ટ્રલ ઝોન ખાતે આવેલ અને પવિત્ર તાપી નદીના તટે સ્થિત, સુરત મહાનગર સેવાસદન તરીકે પ્રચલિત, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય વહીવટી કચેરી(હેડ કવાર્ટર)ની બિલ્ડીંગને આજરોજ "શ્રી તાપી ભવન"નામાધિકરણ કરવામાં આવેલ છે.

### અંકલેશ્વર ૧૯૯૭માં

પેજ-૨ પાનાનું ચાલુ

પ્રથમવાર અંકલેશ્વર બસ સ્ટેશન અને ડેપોનું નિર્માણ કરવામાં આવ્યું હતું.જ્યારે વર્ષ ૧૯૯૭માં સમયની માંગને જોતા જૂના માળખાના સ્થાને નવું બસ સ્ટેશન કાર્યરત કરવામાં આવ્યું હતું, જેણે સતત ૨૭ વર્ષ સુધી લાખો મુસાફરોને સેવા આપી છે. વધતી જતી વસ્તી અને મુસાફરોની સંખ્યા સામે જૂનું બસ સ્ટેશન હવે નાનું પડતું હતું. વળી, આધુનિક સુવિધાઓ અને સ્માર્ટ સિટીના કોન્સેપ્ટ મુજબ અહી હવે સુવિધાયુક્ત નવું ટર્મિનલ બનાવવાનું આયોજન છે. આ જ કારણોસર ૧૯૯૭માં બનેલા બિલ્ડિંગને તોડીને મેદાન સાફ કરવામાં આવી રહ્યું છે.

### મનપાના આરોગ્ય

પેજ-૨ પાનાનું ચાલુ

પ્રોજેક્ટ્સ દ્વારા ટેકનોલોજી અને પાયલોટપ્રોજેક્ટ્સના આધારે પુરાવા આધારિત નીતિઓ વિકસાવવામાં આવી રહી છે. માન. કમિશનરશ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે શહેરની સીમાઓથી આગળ વધીને બારડોલી, નવસારી સહિત આસપાસના વિસ્તારને ધ્યાનમાં રાખીને સંકલિત આયોજન કરવાની જરૂર છે. તમામ વિભાગો સ્પર્ધાત્મક નહીં પરંતુ પરસ્પર પૂરક રીતે કાર્ય કરે તો જ સારા પ્રયોગો નીતિમાં સમાવીને સુરતને વધુ રેસિલિયન્ટ શહેર બનાવવામાં સફળતા મળશે.

વર્કશોપ દરમિયાન ICLEI ના પ્રતિનિધિદ્વારા આબોહવા પરિવર્તનને કારણે થતા આર્થિક અને સામાજિક નુકસાનના સચોટ આકલન માટે સચોટ ડેટા સિસ્ટમવિકસાવવા પર ગહન ચર્ચા કરવામાં આવી હતી. આ સિસ્ટમ દ્વારા ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય સ્તરનાક્લાયમેટફંડનો ઉપયોગ કરી સુરતના વિકાસ કાર્યોને વધુ ગતિ આપવાનું આયોજન છે. ખાસ કરીને, પૂર કે અતિવૃષ્ટિ જેવી સ્થિતિમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર થતી અસર અને તેનાથી જનસ્વાસ્થ્ય પર પડતા પ્રતિકૂળપ્રભાવોનેઘટાડવા માટેના ઉપાયો વિશે ચર્ચા કરવામાં આવી હતી.

RUVISIONથીકલેબના પ્રતિનિધિ દ્વારા આધુનિક આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ટેકનોલોજીના ઉપયોગ થકી હાયપર લોકલ વેધર ફોર કાસ્ટિંગ દ્વારા વોર્ડ સ્તરે હવામાનની સચોટ આગાહી કરી શકાય અને જેનાથી ભારે વરસાદ કે પ્રદૂષણ જેવી આકસ્મિક પરિસ્થિતિઓમાં વહીવટીતંત્ર નાગરિકોને સમયસર ચેતવણી આપી શકાય અને જાન-માલનું નુકસાન અટકાવી શકાય તે માટેના આયોજન પર ચર્ચા કરવામાં આવેલ.

સુરતની ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખીને UHCRCEના પ્રતિનિધિ દ્વારા 'હીટ એક્શનપ્લાન'ના અમલીકરણ અંગે પણ ચર્ચા કરવામાં આવેલ અને વિવિધવિભાગની કામગીરી બાબતે ચર્ચા કરવામાં આવેલ.આ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગો સહિત UNEP, ICLEI, SVNIT અને જાણીતી મેડિકલ કોલેજોનાપ્રતિનિધિઓએ સહભાગી થઈને સુરતને એક સુરક્ષિત અને રહેવાલાયક આધુનિક શહેર બનાવવા માટેની કટિબદ્ધતાદોહરાવી હતી. આ આયોજન સુરતને વૈશ્વિક સ્તરે ક્લાયમેટસ્માર્ટ સિટી તરીકે સ્થાપિત કરવા અને નાગરિકોનાજીવનધોરણને ઉચ્ચ બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ સોપાન સાબિત થશે.

### ખેડૂતોને

પેજ-૨ પાનાનું ચાલુ

ખેડૂતોને સરકાર દ્વાર સબસિડી આપવામાં આવતા "લેસર લેન્ડ લેવલર " સાધનની ખરીદી જે તે ડીલર મારફતે કરવામાં આવેલ હતી.ખેડૂતોને ડીલર દ્વારા ખેડૂતોને સરકાર માન્ય GPS વારુ મોડલ નંબર_ઢ ૧૫૦૦ GNSS નું "લેસર લેન્ડ લેવલર "(બજાર કિમત આશરે ૩,૨૫,૦૦૦ /- રૂપિયા) આપવાનું હતું. પરંતુ અમોને મળેલ માહિત મુજબ ડીલર દ્વારા સરકાર માન્ય મોડલ નંબર TD ૧૫૦૦ GNSS નું "લેસર લેન્ડ લેવલર " આપવાની જગ્યાએ T & D – ૧૫૦૦ (બજાર કિંમત ૧,૫૫,૦૦૦ /- રૂપિયા) નામનું સરકાર અમાન્ય મોડલ પધરાવી દેવામાં આવેલ છે.આમ પ્રતિ એક લાભાર્થી ખેડૂત સાથે આશરે ૧,૭૦,૦૦૦ /- રૂપિયાની છેતરપિંડી કરવામાં આવેલ છે.જો સમગ્ર સુરત જિલ્લામાં આ બાબતે તપાસ કરવામાં આવે તો ખેડૂતો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી થઈ હોવાની વિગતો બહાર આવી શકે તેમ છે.

આમ,ડીલર દ્વારા અમાન્ય મોડલ પર સરકાર માન્ય મોડલનું લેબલ લગાવીને ખેડૂતોને છેતરવામાં આવ્યા છે. આનાથી ખેડૂતોને નબળી ગુણવત્તાનું સાધન મળે છે, જે તેમની ખેતીને નુકસાન પહોંચાડે છે અને સરકારી ખર્ચનો દુરુપયોગ થાય છે.આ બાબતે સંબંધિત ગ્રામસેવકોએ લેખિતમાં પુરાવા સાથે ખેતીવાડી વિભાગનાં જવાબદાર અધિકારીઓને જાણ કરી હતી,પરંતુ અધિકારીઓએ ડીલરના મેળાપીપળામાં ગ્રામસેવકોને ધમકાવીને કેસ પેપર પર સહી કરાવી લીધી છે.અમો દ્વારા જ્યારે આ બાબતે સુરત જિલ્લા ખેતીવાડી વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવેલ હતી. ત્યારે ખેતીવાડી અધિકારી દ્વારા આ બાબતે તપાસ કરી ડીલર સામે કાર્યવાહી કરવાને બદલે ખેડૂતો સાથે થયેલ છેતરપિંડી તેમજ ભ્રષ્ટાચાર છાવરવા માટે ડીલર સાથે મેળાપીપળામાં લાભાર્થી ખેડૂતોના ઘરે જઈ મોડલ નંબરનું લેબલ બદલી નાખવામાં આવેલ છે.જે સાબિત કરે છે કે ખેડૂતો સાથે છેતરપિંડી કરવામાં આવેલ છે. જેના પુરાવા રૂપે આ સાથે તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજનો વિડીયો રજૂ કરેલ છે. આ ભ્રષ્ટાચારને કારણે ખેડૂતોના હક્કોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે અને ખેતીવાડી વિભાગના નાના અધિકારીઓના વિશ્વાસને આઘાત પહોંચી રહ્યો છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
બુધવાર, તા.૧૧ માર્ચ ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

## સુરત મહાનગર પાલિકાના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓનો આજે છેલ્લો દિવસ

### મેયર સહિતના પદાધિકારીઓની મુદ્દત પૂર્ણ થતા આવતીકાલથી વહીવટદાર તોરવણેનું શાસન

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૧**

સુરત મહાનગર પાલિકાના હાલના નગર સેવકોની પાંચ વર્ષની ટર્મ આજે પુરી થઈ છે ત્યારે ગઈકાલે મળેલી અંતિમ સામાન્ય સભામાં શાસક અને વિપક્ષ વચ્ચે તડાફડી જોવા મળી હતી. હવે સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી બાદ પાલિકાના પ્રતિનિધિઓ સાથે નવી બોર્ડ મળશે ત્યાં સુધી રાજ્ય સરકાર દ્વારા નિમણુંક કરાયેલા મિલીન્દ તોરવણે પાલિકાના વહીવટદાર તરીકે જવાબદારી સંભાળશે.

મંગળવારે સુરત મહાનગર પાલિકાની છેલ્લી સામાન્ય સભા મળી હતી. પાલિકાના શાસક પક્ષની પાંચ વર્ષની ટર્મ પુર્ણ થઈ હોય ગઈકાલે મળેલી બોર્ડની બેઠકમાં વિવિધ એજન્ડા પરના કામો પર ચર્ચા થઈ હતી. શાસકોના શાસનનો પાંચ વર્ષનો સમયગાળો પુરો થયો હોય આજથી મિલીન્દ તોરવણે પાલિકાના વહીવટદાર તરીકે ચાર્જ સંભાળી રહ્યા છે. આજે મેયર, ચેરમેન સહિતના પદાધિકારીઓ તેમના વિશેષ લાભો અને ગાડીઓ છોડશે. હવે નવી બોર્ડની મિટીંગ સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી બાદ મળશે. ગઈકાલે વિપક્ષના હંગામાની વચ્ચે સામાન્ય સભા અનિશ્ચિત મુદ્દત માટે મુલત્વી રાખવામાં આવી હતી.

એક નગર સેવકની ગરમીને લજવે તે રીતે ગઈકાલે વિપક્ષ દ્વારા વર્તન કરવામાં આવ્યું હતું. જેની સામે શાસક પક્ષના પ્રતિનિધિઓ દ્વારા પણ કડક જવાબ આપવામાં આવ્યો હતો. સામ સામે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપીના દ્રશ્યો પણ સર્જાયા હતા.

## ચેક રિટર્ન કેસમાં હરિયાણાના વેપારીને એક વર્ષની સજા તથા ૧૭.૧૬ લાખ ચૂકવવા આદેશ

### રૂા.૧૭.૧૬ લાખ નહીં ચૂકવે તો વધુ ત્રણ મહિનાની કેદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૧**

સુરતની દ્વિતીય વધારાની સિવિલ જજ તથા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (JMFC) અદાલતે ચેક બાઉન્સના એક મહત્વપૂર્ણ કેસમાં આરોપીને દોષી ઠરાવી સજા ફટકારી છે. આ કેસ ફરિયાદી સંજીવકુમાર દેસરાજ તનેજા (પ્રોપ્રાયટર, દેસરાજ એન્ડ સન્સ) દ્વારા નોંધાવવામાં આવ્યો હતો. ફરિયાદ મુજબ કાપડના વેપાર દરમિયાન હરિયાણાના અંબાલા સિટીમાં આવેલી સની ફેશનના પ્રોપ્રાયટર મુકેશકુમારે બાકી રકમના આંશિક ચુકવણી રૂપે ૧૭,૧૬,૦૦૦નો ચેક આપ્યો હતો.

વેપારી લેવડદેવડમાં કુલ લગભગ ૪૧,૩૪,૨૦૭ની રકમ બાકી હતી. ફરિયાદી દ્વારા ચેક બેંકમાં રજૂ કરતા "ફંડ્સ ઈન્સફિશિયન્ટ" દર્શાવી ચેક બાઉન્સ થયો હતો. ત્યારબાદ ફરિયાદી દ્વારા એડવોકેટ સચિન ઘુઘે મારફતે આરોપીને નોટિસ પાઠવી હતી. તેમ છતાં ચેકની રકમ ચૂકવવામાં આવી ન હતી. આ અંગે કોર્ટમાં ચેક રિટર્નનો કેસ કરાયો હતો.

કેસની સુનાવણી દરમિયાન આરોપીએ પોતાના બચાવમાં કોઈ મજબૂત પુરાવા રજૂ કર્યા નહોતા અને ચેક પરના હસ્તાક્ષરનો પણ ઈનકાર કર્યો નહોતો. તમામ પુરાવા અને તથ્યોના આધારે અદાલતે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, ૧૮૮૧ની કલમ ૧૩૮ હેઠળ આરોપીને દોષી ઠરાવ્યો હતો.

અદાલતે પોતાના ચુકાદામાં આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે તથા ફરિયાદીને ૧૭,૧૬,૦૦૦ વળતર ૩૦ દિવસની અંદર ચૂકવવાનો આદેશ આપ્યો છે. જો આરોપી નિર્ધારિત સમયમર્યાદામાં રકમ ચૂકવવામાં નિષ્ફળ જશે તો તેને વધુ ત્રણ મહિનાની સાદી કેદ ભોગવવી પડશે. સાથે જ અદાલતે આરોપી સામે ધરપકડ વોરંટ જારી કરવાનો પણ આદેશ આપ્યો છે.

## બારડોલી, કડોદરા, તરસાડી, માંડવી નગર પાલિકામાં વહીવટદાર મુકાયા

### ચાર નગરપાલિકાનો હવાલો બારડોલી પ્રાંત અધિકારીને સોંપાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત/માંડવી, તા.૧૧**

રાજ્યમાં આવનારા સમયમાં મહાનગરપાલિકા, નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ યોજાવાની તૈયારી વચ્ચે રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજ સંસ્થાઓમાં વહીવટદારોની નિમણૂક કરવામાં આવી રહી છે. રાજ્ય સરકારે બે દિવસ પહેલાં સુરત સહિત વિવિધ મહાનગરપાલિકાઓમાં વહીવટદારોની નિમણૂક કર્યા બાદ નગરપાલિકાઓ માટે પણ વહીવટદારો નિયુક્ત કર્યા છે. તેના ભાગરૂપે સુરત જિલ્લામાં આવતી બારડોલી, કડોદરા, તરસાડી અને માંડવી નગરપાલિકા માટે બારડોલી પ્રાંત અધિકારીને વહીવટદાર તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ ચારેય નગરપાલિકાઓમાં ચૂંટાયેલી બોડીનો કાર્યકાળ પૂર્ણ થતાં હવે ચૂંટણી યોજાય અને નવી બોડી રચાય ત્યાં સુધી વહીવટી કામગીરી પ્રાંત અધિકારી દ્વારા સંભાળવામાં આવશે. વહીવટદાર તરીકે પ્રાંત અધિકારી નગરપાલિકાના દૈનિક વહીવટ, વિકાસ કાર્યો અને આવશ્યક નિર્ણયોની જવાબદારી સંભાળશે. આ પગલાથી આગામી ચૂંટણી સુધી નગરપાલિકાઓના વહીવટમાં સરળતા જળવાઈ રહે તેમજ નાગરિકોને આપવામાં આવતી સેવાઓમાં અવરોધ ન આવે તેવો સરકારનો આશય હોવાનું માનવામાં આવી રહ્યું છે.

## ફાગણમાં સૂર્યદેવતા લાલચોળ સુરતમાં ધોમ ધખતો ઉનાળો

### સવારે ૨૩.૭ ડિગ્રી તાપમાન નોંધાતા મોડી બપોરે તાપમાન ૪૨ ડિગ્રીએ પહોંચવાની શક્યતા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૧**

ફાગણ મહિનામાં સૂર્યદેવતા લાલચોળ બનતા સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ધોમ ધખતો તાપ પડી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા સુરત માટે આજે બુધવારના રોજ પણ ગરમીનું યલો એલર્ટ જાહેર કરાયું છે. દરમિયાન આજે વહેલી સવારે તાપમાનનો પારો ૨૩.૯ ડિગ્રી નોંધાતા મોડી બપોર સુધીમાં તાપમાન ૪૨ ડિગ્રીએ પહોંચવાની શક્યતા છે.

હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ સુરતમાં આજે સવારે લઘુત્તમ તાપમાન ૨૩.૭ ડિગ્રી નોંધાયું છે જે ગઈકાલના પ્રમાણમાં ૧.૭ ડિગ્રી વધુ છે તેથી આજે મોડી બપોર સુધીમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રી પાર કરે તેવી સંભાવના છે. માર્ચ મહિનાના આરંભ સાથે સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં કાળઝાળ ઉનાળો શરૂ થઈ ગયો છે. છેલ્લા બે દિવસથી તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ છે અને આજે સવારે લઘુત્તમ તાપમાન ગઈકાલના પ્રમાણમાં ઘણું ઊંચુ નોંધાયું છે. સુરતમાં ઉત્તર દિશા તરફથી ચાર કિમીની ઝડપે પવન ફૂંકાતા તાપમાનમાં સતત વધારો થતા વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટીને ૦૫૩ ટકા નોંધાયું છે. સુરતમાં બપોરના સમયે આકરા તાપમાં લુ ફૂંકાતા રસ્તાઓ પર લોકોની અવર જવર ઘટી ગઈ છે અને હજુ આવતી કાલે પણ સુરતમાં તાપમાનનો પારો ઊંચો રહેવાની સંભાવના છે.

## સુમુલ ડેરીની ૭૪મી વાર્ષિક સભા તા.૨૮મી માર્ચે મળશે

### વાર્ષિક સભામાં મંડળીના નિયુક્ત પ્રતિનિધિઓ જ હાજરી આપી શકશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૧**

સુરત અને તાપી જિલ્લાની જોવા દોરી સમાન સુમુલ ડેરીની ચૂંટણી પૂર્વે કલેકટર અને ચૂંટણી અધિકારી ડો.સૌરભ પારધીએ જૂનું ૧૬ તાલુકા ૧૬ બેઠકનું સીમાંકન માન્ય રાખ્યા પછી કસ્ટોડિયનના આદેશથી સુમુલ ડેરીની ૭૪ મી વાર્ષિક સાધારણ સભા યોજવામાં આવશે.

આગામી તા.૨૮ માર્ચ ૨૦૨૬ ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટ, સુરત સંચાલિત એમ.એમ.ખેની ભવન, અંકુર સ્કુલની સામે, આંબા તલાવડી, કતારગામ ખાતે યોજવામાં આવશે. સુમુલના પેટા નિયમ મુજબ દરેક સભાસદ મંડળીમાંથી ફકત એક જ પ્રતિનિધિ કે જેના નામનો ઠરાવ માર્ચ ૨૦૨૫ના રોજ સાંજે ૫ વાગ્યા સુધીમાં ડેરી મળ્યા છે. એવા મંજૂર થયેલા પ્રતિનિધિ જ વાર્ષિક સાધારણ સભામાં હાજર રહી, ચર્ચામાં ભાગ લઈ શકશે. ચૂંટણી પ્રક્રિયા શરૂ કરવા માટે સુમુલમાં નોંધાયેલી ૧૦૩૯ પ્રાથમિક દૂધ ઉત્પાદક મંડળીઓ પાસે મત આપનારા પ્રતિનિધિઓની નિમણૂક અંગેના ઠરાવો મંગાવ્યા છે.

## જોલવામાં રખડતુ જીવન જીવતા યુવકનું મોત થયું

**પ્રતાપ પ્રતિનિધિ, કડોદરા, તા.૧૧**

પલસાના તાલુકાના જોલવા ગામે મંગલમૂર્તિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ખાતે રખડતા ભટકતા એક ૩૦ થી ૩૫ વર્ષ ના એક પુરુષનું અગમ્ય કારણસર મોત નીપજ્યું હતું. જોલવા ગામે કરિયાણાની દુકાન ચલાવતા રાધા કિશન હજારી તૈલી એ પોલીસમાં જણાવ્યા મુજબ જોલવા મંગલમૂર્તિ ઈન્ડીસીયલ એસ્ટેટ માં રંજન નામનો ઈસમ આશરે ઉંમર વર્ષ ૩૦ થી ૩૫ છે તે રખડતો ભટકતો ફરતો હતો જાહેર રોડ ઉપર આજરોજ તારીખ ૧૦ ૩ ૨૦૨૬ ના કલાક ૦૮ ઓબ્લિક ૦૦ વાગ્યાના અરસામાં અગમ્ય કારણસર મરણ ગયેલ હોય જે શરીર એ મધ્યમ બંધાનો રંગ શ્યામ વર્ણ શરીરે મેંદી કલરનો કાલે લાઈનિંગ વાળો ફુલબાઈનો શર્ટ તથા કમરના ભાગે ભૂરા કલરનુ જીન્સ પેન્ટ પેરેલ છે પલસાણા પોલીસે આ અંગે અ. મોત નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સોશિયલ મીડિયામાં યુવતીને બદનામ કરતા પોલીસ ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, કડોદરા, તા.૧૧**

કડોદરા તારીખ ૧૧ પલસાણામાં યુવકે મોબાઈલ માં વિડીયો નો દુરુપયોગ કરી instagram ઉપર યુઝર આઈડી બનાવી પલસાણા ખાતે રહેતી યુવતીને બદનામ કરી હતી યુવક વિરુદ્ધ યુવતી એ પલસાણા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી પલ્સનાની યુવતીએ આપેલી ફરિયાદ મુજબ આજથી આશરે એક વર્ષ પહેલા લગ્ન રામ જાને નામના યુવક સાથે નક્કી થયેલા હતા ત્યારબાદ જાણવા મળ્યું હતું કે રામ જાને શો કરવાની ટેવ વાળા છે જેથી તેમની સાથે લગ્ન કરવાનું માંડી વાળ્યું હતું અને વાતચીત કરવાનું બંધ કરી દીધેલ હતું ગઈકાલે રામ જાને તેની બીજી instagram આઈડી ઉપર વીડિયોની સ્ટોરી લગાવેલ વિડિયો નો દુરુપયોગ કરી આઈડી બનાવી આઈડી દ્વારા વિડિયો instagram સ્ટોરી ઉપર શેર કરી બદનામ કરે છે આ અંગે યુવતીએ રામ જાને હરિલાલ નિર્મલ ઉંમર ઉંમર વર્ષ ૨૪ હાલ રહે નાલા સોપારા મુંબઈ મહારાષ્ટ્ર મૂળ રહે બસહીપુર ગામ જમેથી જિલ્લો પ્રતાપગઢ ઉત્તર પ્રદેશ વિરુદ્ધ ફરિયાદ આપતા પલસાણા પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ કરી છે

HINDUJA HOUSING FINANCE
કોર્પોરેટ ઓફિસ : નંબર ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ, સૈદાપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૧૫.
બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્કો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ, પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શીવરંજની ચાર રસ્તા પાસે, સેટલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
E-mail auction@hindujahousingfinance.com
**સુધારો** શ્રી વિષ્ણુ કુમાર રાજપૂતની પ્રાઇવેટ ટ્રીટી સેલ નોટિસ જે 02/03/2026 ના રોજ પ્રકાશિત થઈ હતી, તેમાં રકમ ભૂલથી 11,80,000/- ને બદલે 10,82,000/- લખવામાં આવી હતી, જેનો એકાઉન્ટ નંબર GJ/SRT/DNDL/A000000074 છે, જેની સર્વે લોકોએ નોંધ લેવી. સાચી રકમ 11,80,000/- છે.

